2020
Happy New Year
"Get Real Estate and Mortgage Advice Under One Roof"
Mukund Sheth Ph: 416 839 9645
-: Real Estate Licence :-
Homelife Miracle Realty Ltd.
-: Mortgage Licence :-
The mortgage alliance company ltd.
Nirali Sheth Ph: 647 839 9645

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 03 January, 2020 Vol. 16, No. 01 Pages 28 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## સરકારી હોસ્પિટલો ખસ્તાહાલ

### આમ જનતાની આરોગ્ય સેવા મરણપથારીએ છતાં નફ્ફટ નેતાઓને રાજકારણમાં જ રસ

# કોટા હોસ્પિટલમાં ૧૦૪ નવજાતનાં મોત

- કેન્દ્રમાંથી નિષ્ણાંત તબીબોની ટીમ કોટા હોસ્પિટલ જવા માટે રવાના થશે
- ઘટનાને પગલે ગેહલોત સરકારની ચોમેરથી ટીકા

કોટા : દેશની સરકારી હોસ્પિટલોમાં સૂચારું વહીવટને અભાવે મોટાભાગની સેવા કથળી ચૂકી છે ત્યારે રાજસ્થાનના કોટા શહેરમાં આવેલી જે કે લોન હોસ્પિટલમાં છેલ્લા એક મહિનામાં ૧૦૪ બાળકોનાં મોત થતાં ખળભળાટ મચી ગયો છે. બીજી તરફ આ મુદ્દે રાજનીતિ પણ પૂરજોશમાં ચાલી થઈ ગઈ છે. બુધવારે રાત્રે બે બાળકનાં મોત થયાં હતાં. છેલ્લા ૭૨ કલાકમાં હોસ્પિટલ ખાતે ૧૧ બાળક મૃત્યુ પામ્યાં હતાં. હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. સુરેશ દુલારાએ જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૧૯માં ઓછામાં ઓછા ૧૦૦ બાળકનાં મોત થયાં છે. ડિસેમ્બર ૨૦૧૮માં આ હોસ્પિટલમાં ૭૭ બાળકનાં મોત થયાં હતાં. રાજસ્થાનની હોસ્પિટલમાં બાળકોનાં મોતના પગલે લાશો પર રાજનીતિનો પણ પ્રારંભ થઈ ગયો છે. યુપીના ગોરખપુરની હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે થયેલા બાળકોનાં મોત પર ભાજપની યોગી સરકાર પર માછલાં ધોનારી કોંગ્રેસ રાજસ્થાનમાં બચાવની મુદ્રામાં આવી ગઈ છે. વિપક્ષની ટીકાનો સામનો કરી રહેલા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે ગુરૂવારે જણાવ્યું હતું કે, મારી સરકાર જે કે લોન હોસ્પિટલમાં બાળકોના થઈ રહેલાં મોત પર અત્યંત સંવેદનશીલ છે પરંતુ આ મામલે રાજનીતિ કરવામાં ન આવે. ગેહલોતે દાવો કર્યો હતો કે, કોટાની હોસ્પિટલમાં નવજાત શિશુના મૃત્યુદરમાં ઘટાડો થઈ રહ્યો છે. માતા અને નવજાત શિશુઓનું આરોગ્ય અમારી સરકારની ટોચની પ્રાથમિકતા છે. હું રાજ્યમાં આરોગ્ય સેવાઓ સુધારવામાં મદદ કરવા માટે નિષ્ણાતોની કેન્દ્રીય ટુકડીઓની રચનાને આવકારું છું. અમે કેન્દ્રના સહકારથી રાજ્યમાં મેડિકલ સેવાઓ સુધારવા તૈયાર છીએ.



## ગેહલોત સરકાર દ્વારા રચાયેલી સમિતિએ ક્લીનચીટ આપી

ગેહલોત સરકાર દ્વારા રચાયેલી તપાસ સમિતિએ બે જ દિવસમાં સરકાર અને હોસ્પિટલને ક્લીનચીટ આપી દીધી છે. સમિતિએ જણાવ્યું હતું કે, બાળકોને યોગ્ય સારવાર આપવામાં આવી હતી. પરંતુ NCPCRએ જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં બારીઓના કાચ, દરવાજા તૂટેલા છે. ભૂંડ રખડી રહ્યાં છે અને સ્ટાફની તીવ્ર અછત છે.

## સોનિયા ગાંધી લાલઘુમ

રાજસ્થાન સરકારે ૧૦૦ બાળકોની મોતના અતિ સંવેદનશીલ મામલાને જે રીતે સંભાળી રહી છે તેનાથી કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી ભારોભાર નારાજ છે. સોનિયા ગાંધીએ પ્રદેશ પ્રભારી અવિનાશ પાંડેના માધ્યમથી ભારોભાર નારાજગી વ્યક્ત કરી છે. સાથે જ સોનિયા ગાંધીએ ગહલોત સરકાર પાસે આ મામલે રિપોર્ટ માંગ્યો છે.

## પ્રિયંકા યુપીમાં નાટકબાજી તાકીદે બંધ કરે : માયાવતી

ઉત્તર પ્રદેશમાં બસપાના સુપ્રીમો માયાવતીએ જણાવ્યું હતું કે, પ્રિયંકા ગાંધી જેમની ગોદ સૂની પડી છે તેવી રાજસ્થાનની ગરીબ પીડિત માતાઓને પણ જઇને મળતા તો સારું થાત. જો તેઓ એમ નહીં કરે તો ઉત્તરપ્રદેશમાં પીડિતોના પરિવારો સાથેની તેમની મુલાકાત ફક્ત રાજકીય સ્વાર્થ અને નાટકબાજી જ મનાશે.

## સોનિયા મુલાકાત ન લઈ શકે, રાજસ્થાન દૂર નથી : ભાજપ

ભાજપ આઇટી સેલના વડા અમિત માલવીયે જણાવ્યું હતું કે, એક મહિનામાં ૧૦૦ બાળકોનાં મોત એટલી નજીવી બાબત નથી કે મીડિયા આંખો મીંચી લે. રાજસ્થાન એટલું પણ દૂર નથી કે સોનિયા અને રાહુલ ગાંધી મુલાકાત ન લઇ શકે. ૧૦૦ નવજાતનાં મોત થાય છે પરંતુ ગેહલોતને કોઇ સવાલ પુછાતો નથી.

એકવાર પધારો, દિલ ખુશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જવેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region
Fax: 416-253-9461

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

Life Insurance, Critical Illness, Income Protection Plan (Disability Insurance), Travel Insurance/Super Visa Insurance, Mortgage Insurance, Non Medical Insurance Investments, RESP, RRSP, RRIF,TFSA, ANNUITY.

WE PROVIDE BETTER RATE FOR SUPER VISA INSURANCE



SECURING YOUR FAMILY'S FUTURE



CAN YOUR FAMILY AFFORD TO BE UNINSURED?
MAKE AN APPOINTMENT TODAY
FOR YOUR FINANCIAL NEEDS

Jay Gandhi
Financial Advisor
647.894.5727
jaygandhi1102@gmail.com
www.jayfinancial.ca



વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ

Travel Services
દુનિયા જુઓ અમારી નજરથી....

Lowest & Special Fares to:
Ahmedabad / Vadodara / Mumbai & Delhi

Air Ticket | Cruises
Vacation Packages | Insurance



Diptesh Patel
Tel: 905 790 8989
Dir: 647 409 2976
2565 Steeles Ave E, Unit # 20,
Brampton, ON L6T 4L6
Fax: 905 790 8686
travelservices14@gmail.com
travelservices12@yahoo.com
tico.ca 50018836

ETIHAD AIRWAYS | Emirates | KLM | AIR-INDIA | AIR CANADA | BRITISH AIRWAYS



The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs

Visitors Insurance | Super Visa Insurance
Travel Insurance

Protect Yourself, your family, investment & your valuable assets through

Life Insurance | Critical Illness Insurance
Disability Insurance | Supplemental Health Insurance

Make your investment plans, MEANINGFUL

Guaranteed Investment Funds | Tax Free Saving Account
Reg. Ed. Saving Plan | Reg. Retirement Plans

NO Medical Life Insurance Plans - up to $750,000.
HARD TO INSURE? YOU CAN BE COVERED!

Call today for a free no obligation quote



Jagdish Patel
(President, insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com

Hiring new & experienced insurance advisor
- Better Commission package
- Weekly product training
- One on one basis support
- Full flexibility





Rollz ICE CREAM

BEST TAWA ICE CREAM IN TORONTO

Flavours
- Roasted Pistachio
- Anjeer Baadam
- Rose and Pistachio
- Chickoo
- Bombay Kulfi
- Mava kulfi
- Guvava Chili
- Kaju Draksh
- Sitafal
- Maharaja Paan

Waffles
- Chocolate nuts Waffle
- Strawberry cracker Waffle
- Classic Waffle
- Pecan Banana Waffle

Dipped Gelato softserve Cones

Egg free waffles





NO EGGS NO GELATINE NO ALCOHOL

5631 Steeles Ave East, Unit 6, Middlefield & Steeles
Behind SUBWAY SANDWICH
416-293-4006 rollzicecream.com

blogTO | SKIP the DISHES | UBER eats

# વિરાટ કોહલી : ક્રિકેટ જગતમાં ભારતીય ટીમનો ચમકતો સિતારો

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતીય ક્રિકેટ ટીમના સુકાની વિરાટ કોહલીને વિઝડન ક્રિકેટ અલમાનેક દ્વારા દુનિયાના ચાર અન્ય ખેલાડીની સાથે દશકાના પાંચ સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોમાં સ્થાન આપ્યું છે. કોહલી ઉપરાંત સાઉથ આફ્રિકાના ડેલ સ્ટેઈન તથા એબી ડીવિલિયર્સ, ઓસ્ટ્રેલિયાના સ્ટિવ સ્મિથ અને વિમેન્સ ક્રિકેટની દિગ્ગજ ઓલરાઉન્ડર એલિસ પેરીના નામનો ઉલ્લેખ આ યાદીમાં છે.

વિશ્વમાં કરોડો લોકો જેના ચાહક છે એવી ક્રિકેટની રમતમાં અત્યાર સુધીમાં અનેક ખેલાડી એવા છે જેઓ નિવૃત્ત થયાના વર્ષો પછી પણ ચાહકોના દીલમાં છે. સામાન્ય રીતે ક્રિકેટની વાત આવે એટલે ડોન બ્રેડમેન, સચીન તેંડુલકર, બ્રાયન લારા, વિલિયમ રિચર્ડ, કલાઈવ લોઈડ અને માલ્કમ માર્શલ સહિતના અનેક ક્રિકેટરોના નામ મોઢે આવી જાય. જો કે, દરેક દાયકાના ક્રિકેટરોના નામનો ઉલ્લેખ કરવાનો હોય ત્યારે નામ બદલાતા રહે છે. તાજેતરમાં ક્રિકેટની રમત અંગે વખતો વખત આંકલન કરીને મહત્વની માહિતીઓ પીરસરતી મેગેઝીન વિઝડને છેલ્લાં દાયકાના પાંચ સર્વશ્રેષ્ઠ ખેલાડીઓની યાદી જાહેર કરી છે. આ ખેલાડીઓમાં એક મહિલા અને અન્ય ચાર પુરુષ ખેલાડી છે. આ એવા ખેલાડીઓ છે જેમણે છેલ્લાં એક દાયકામાં ક્રિકેટ ક્ષેત્રમાં કાઠુ કાઢ્યું છે.

આ તમામ નામ એવા છે જેમના નામ દાયકાઓ સુધી ક્રિકેટ રસીયાઓને યાદ રહેશે. ક્રિકેટમાં કડક માપદંડ માટે જાણીતા વિઝ્ડને માત્ર એક જ ભારતીય ખેલાડીને આ યાદીમાં સ્થાન આપ્યું છે. ભારત માટે આ વાત ગૌરવની કહી શકાય તેમ છે. કારણે કે દુનિયાના પ્રથમ પાંચ સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોમાં વિઝ્ડને વિરાટ કોહલીને સમાવ્યો છે. કોહલીએ છેલ્લા ૧૦ વર્ષમાં કોઈ અન્ય બેટ્સમેનની સરખામણીમાં ૫,૭૭૫ વધારે રન બનાવ્યા છે. આ સાથે જ તે દશકાનો સર્વશ્રેષ્ઠ બેટ્સમેન રહ્યો છે.

૩૧ વર્ષીય કોહલીને દશકાની વિઝડન ટેસ્ટ ટીમમાં પણ સુકાની તરીકે પસંદગી કરવામાં આવી હતી. તેનો બેસ્ટ વન-ડે ટીમ ઓફ ધ સેન્ચ્યુરીમાં પણ સમાવેશ કરાયો છે. 'ધ ક્રિકેટર'માં દાયકાના સર્વશ્રેષ્ઠ ૧૦ ક્રિકેટરોમાં પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની અથવા રોહિત શર્માનું નામ નથી. વિઝડને તેના લેખમાં નોંધ્યું છે કે, કોહલી પ્રતિભાશાળી છે. ૨૦૧૪ના ઈંગ્લેન્ડના પ્રવાસના અંતથી લઈને બાંગ્લાદેશ સામે નવેમ્બર ૨૦૧૯માં કોલકાતા ખાતે રમાયેલી ડે-નાઈટ ટેસ્ટ મેચમાં ૬૩ની સરેરાશથી રન બનાવ્યા છે જેમાં તેની ૨૧ સદી અને ૧૩ અડધી સદીનો સમાવેશ થાય છે. તે ત્રણેય ઈન્ટરનેશનલ ફોર્મેટમાં ઓછામાં ઓછા ૫૦ની એવરેજથી રન બનાવનાર બેટ્સમેન છે.

વિરાટ કોહલીએ છેલ્લા એક દશકામાં ટેસ્ટ ક્રિકેટમાં ૨૭ સદીની મદદથી ૭,૨૦૨ રન બનાવ્યા છે. આ ઉપરાંત તેણે વન-ડેમાં ૧૧,૧૨૫ તથા ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ૨,૬૩૩ રન બનાવ્યા છે. તેના નામે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૭૦ સદી નોંધાયેલી છે અને તે માત્ર સચિન તેંડુલકર (૧૦૦) તથા રિકી પોન્ટિંગ (૭૧) કરતાં ઓવરઓલ હાઈએસ્ટ સદીના મામલે પાછળ છે.

વિરાટ કોહલીએ ઈસ ૨૦૧૪માં ઈંગ્લેંડનો પ્રવાસ ખેડ્યો હતો. ત્યારબાદ બાંગ્લાદેશ સામેની ડે નાઈટ ટેસ્ટ સુધીમાં સરેરાશ ૬૩ની સ્ટ્રાઈક રેટથી તેનું પરફોર્મન્સ રહ્યું હતુ. જેમાં તેણે ૩૧ જેટલી સદી અને ૧૩ અડધી સદી ફટકારી ધમાકેદાર દેખાવ કર્યો હતો. વિરાટ કોહલી એક એવો બેસ્ટમેન છે જેણે ત્રણેય ફોર્મેટમાં બેટીંગની સરેરાશ ૫૦ની રાખી છે. સચિન તેંડુલકરની નિવૃત્તિ બાદ મહેન્દ્રસિંગ ધોનીએ ભારતી ટીમના સારા પરફોર્મન્સ માટે ભારે જહેમત ઉઠાવી. જો કે, હવે ધોનીની વય પણ વધી રહી છે. તેવા સમયે જે ક્રિકેટરે રન બનાવવાનુ દબાણ વધુ સારી રીતે સહન કર્યું હોય તો તે એકમાત્ર વિરાટ કોહલી જ છે. ભારતીય ટીમમાં કોહલીની સરખામણીમાં બીજો કોઈ એવો ખેલાડી નથી કે જે આક્રમકતા સાથે આ રમતમાં આગળ વધી રહ્યો હોય. ઓસ્ટ્રેલિયાના સિનિયર ખેલાડી સ્ટિવ સ્મિથે પણ તાજેતરમાં જણાવ્યું હતું કે, કોહલી જેવો કોઈ બેટ્સમેન નથી.

આ ઉપરાંત વિશ્વના ક્રિકેટ ક્ષેત્રમાં હાલમાં બ્રેડમેનની સરખામણી જો કોઈ ખેલાડી સાથે થતી હોય તો તે છે ઓસ્ટ્રેલિયાનો સ્ટીવ સ્મીથ. ઓસ્ટ્રેલિયાની ટીમના આ પૂર્વ સુકાનીએ તેની પ્રથમ ટેસ્ટ સદી ૧૨મી ટેસ્ટમાં ફટકારી હતી. ત્યારપછી તેણે ૬૦ મેચમાં ૨૬ સદી ફટકારી છે. બ્રેડમેને ૫૨ ટેસ્ટમાં ૨૯ સદી ફટકારી હતી. અને ૮૦ ઈનિંગ્સ રમી હતી. સ્મિથની પ્રથમ સદી ગણવાનું શરૂ કરીએ તો તેણે ૯૯ ઈનિંગ્સમાં ૨૬મી સદી પુરી કરી હતી. ઈંગ્લેન્ડ સામે આમ તો આ સમયગાળો વધું ઓછો થઈ જાય છે. સ્મિથે ઈંગ્લેન્ડ સામેની ૨૦ મેચમાં ૧૧ સદી ફટકારી છે. તો વળી બ્રેડમેને ૩૭ મેચમાં ૧૯ સદી કરી હતી.

આમ આ આંકડા સ્મિથની શાનદાર બેટીંગની સાબિતી આપે છે. સ્મિથ પછી આ યાદીમાં એક વધુ ઓસ્ટ્રેલિયન ખેલાડીનું નામ ઉમેરાયું એ છે મહિલા ટીમની ઓલરાઉન્ડર એલિસ પેરી. આ મહિલા ક્રિકેટર હાલમાં લોકપ્રિયતાના શિખરે પહોંચી ચુકી છે. છેલ્લાં દાયકામાં પેરીની ટેસ્ટ સરેરાશ ૧૧૪ની અને બોલીંગની સરેરાશ ૧૭થી નીચેની રહી છે. જો કે, અત્યાર સુધી તેણી ૧૧ વર્ષની કેરિયરમાં માત્ર ૮ ટેસ્ટ મેચ રમી છે. સામાન્ય રીતે પુરુષ ખેલાડીઓની સરખામણીમાં મહિલા ખેલાડીઓના સફેદ બોલથી ખેલાતી રમતને વધુ મહત્વ અપાતું નથી. તેથી પેરી જેવી ખેલાડીનું નામ હજી દુનિયાના અનેક લોકોના મોઢે નથી ચઢ્યું. પરુંતુ એલિસ પેરીને મહિલા ક્રિકેટની બેન સ્ટોક્સ પણ કહેવામાં આવે છે. જો કે, મહિલા ક્રિકેટમાં પેરીનું મહત્વ સ્ટોક્સની સરખામણીમાં ખૂબ જ વધું છે.

આ યાદીમાં સ્થાન મેળવનારો એક માત્ર બોલર ડેલ સ્ટેઈન છે. સ્ટેઈને એ સાબિત કરી દીધું છે કે, જોરદાર મહેનત અને લગનને અંતે તમને સફળતા ચોક્કસ જ મળે છે. સ્ટેઈને ટેસ્ટ ક્રિકેટમાં એવા સમયે ધમાલ મચાવી જયારે લોકો એવી શંકા કરવા લાગ્યા કે, ટેસ્ટમાં આટલી બધી મહેનત કરવી ભવિષ્યની દ્રષ્ટિએ યોગ્ય ખરું. સ્ટેઈને ટેસ્ટ ક્રિકેટમાં જે નામના મેળવી છે તે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં તેના ખોફને સ્થાપવા માટે પુરતું છે. સ્ટેઈન પોતાની રીતે ખૂબ મોટો બ્રાન્ડ ક્રિકેટર છે. સ્ટેઈને દાયકામાં નંબર એક બોલર તરીકે એન્ટ્રી લીધી હતી. જે પછી તેણે સતત ચાર વર્ષ સુધી મેદાન પર આ ક્રમ જાળવી રાખ્યો. જે બાદ દાયકાના બીજા હાફ સુધીમાં તેની ગતિ ધીમી પડી. વળી તેનું કારણ તેને થયેલી ઈજાઓ હતી. ૨૦૧૦

પછી ૧૪ ખેલાડીઓએ ૨૦૦ ટેસ્ટ વિકેટ ઝડપી છે અને તેમાં સ્ટેઈનનો સ્ટ્રોક રેટ સૌથી

અનુસંધાન પેજ નં. ૨૧

manoj1968@yahoo.ca






# બ્રિટિશ કોલંબિયાના દક્ષિણના ભાગોમાં બરફવર્ષા : વીજળી ડુલ

## ઓટ્ટાવામાં નવા વર્ષની શરૂઆતમાં જ બરફ અને ભારે વરસાદ થયો : અનેક પ્રવાસીઓના વાહનો રાજમાર્ગ પર લપસી જવાના બનાવો

ઓન્ટેરિયો : બ્રિટિશ કોલંબિયાના દક્ષિણ અને મધ્યના દૂરના વિસ્તારના લોકોને નવું વર્ષ અંધારામાં જ વીતાવવું પડ્યું હતું. બી.સી.હાઈડ્રો તરફથી જણાવાયું હતું કે, દક્ષિણ અને મધ્યના વિસ્તારોમાં ભારે બરફ પડતા વ્યાપકપણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેને કારણે ૩૪૦૦૦થી વધુ ગ્રાહકોને સહન કરવું પડ્યું હતું. ૨૪૦૦૦થી વધુ ગ્રાહકો થોમ્પસન/ સૂસ્વેપ અને ૮૦૦૦ ગ્રાહકો ઓકેનગન /કુટેને વિસ્તારમાં રહે છે. તેમણે બુધવારે સવારથી જ વિદ્યુત કાપનો ભોગ બનવું પડ્યું હતું. બી.સી. હાઈડ્રોએ જણાવ્યું કે, અમે લગભગ ૬૦% ગ્રાહકોને વિદ્યુત પુરવઠો ફરીથી શરુ કરી દીધો હતો.






ઓટ્ટાવાએ ૨૦૨૦ના વર્ષને ભારે બરફ, હાડ ગાળી નાખે તેવા વરસાદ સાથે આવકાર આપ્યો હતો. મંગળવારે સવારે પડેલા બરફને કારણે અનેક પ્રવાસીઓના વાહનો રાજમાર્ગ પર લપસી જવાના બનાવો નોંધાયા હતા. લગભગ ૨-૪ સે.મી. જેટલો બરફ રોડ પર એકઠો થઈ ગયો હતો. એ દરમિયાન ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી હતી. ઉંચામાં ઊંચું ઉષ્ણતામાન -૧ સે. પર પહોંચશે. જયારે ભારે ઠંડા પવનો ફુંકાતા ઉષ્ણતામાનનો પારો -૮ સે. સુધી નીચે જવાનું અનુમાન છે. દરમિયાન ઓ.પી.પી.એ નવા વર્ષની સાંજે ઉત્સાહીઓને યાદ અપાવ્યું હતું કે નવા વર્ષની સાંજે માત્ર બહાર ન આવવાનું કારણ ઠંડા પવનો જ નથી. પરંતુ આ દિવસે સાંજે રસ્તાઓ પણ લપસણા બની જશે તેથી બહાર ન નીકળવું સલાહભર્યું છે. સપ્તાહના અંતે પણ વધુ આંધી-તોફાનો રહે તેવી શક્યતા છે.









# SkyRoute TRAVEL SERVICES INC.




AIR CANADA  QATAR AIRWAYS القطرية  Lufthansa

Emirates  الاتحاد ETIHAD AIRWAYS

**AHMEDABAD → $1159**
**DELHI ← $999**

**VADODARA → $1199**
**MUMBAI ← $989**

24  24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC  IATA  tico.ca Travel Industry Council of Ontario Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

## OFFICE IN AHMEDABAD

SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

## SPECIAL FARES FROM

Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# ટેનિસ ખેલાડી બિયાન્કા એન્ડ્રીસ્ક્યુને કેનેડિયન પ્રેસ ક્લબનો બોબી રોસેનફેલ્ડ એવોર્ડ જીત્યો

**• એન્ડ્રીસ્ક્યુએ રમતજગતના સૌથી મોટા તખ્તા પર પોતાના કૌશલ્યનો પરચો બતાવ્યો**



ટોરન્ટો : બિયાન્કા એન્ડ્રીસ્ક્યુએ સિઝનની સારી શરૂઆત કરી છે અને આ કિશોરી WTA સ્પર્ધામાં પણ સિદ્ધિ મેળવવા માટે ઉત્સુક છે. હાલમાં જ તેણે ટોપ સ્ટારનું સ્થાન મેળવવા માટે સફળતાપૂર્વક પ્રયાસ કર્યા છે. વિષેશ પ્રતિભા ધરાવતી કેરબેર, વિનસ, વોઝનિએકી, સ્વિટોલીના, પ્લિસ્કોવા અને અલબત્ત સેરેના વિલિયમ્સ સહિતની ખેલાડીઓ સામે કેનેડાની આ કિશોરીએ મહત્વપૂર્ણ દેખાવ કર્યો છે અને રમતજગતના સૌથી મોટા તખ્તા પર પોતાના કૌશલ્યનો પરચો બતાવ્યો છે.

ગુરુવારે બિયાન્કા એન્ડ્રીસ્ક્યુએ પ્રશંસનીય દેખાવ કર્યો હતો અને તેણે ધ કેનેડિયન પ્રેસ તરફથી વર્ષના ઉત્તમ ખેલાડી તરીકે બોબી રોસેનફેલ્ડ એવોર્ડ જીત્યો હતો. મિસિસાગુઆ ઓન્ટારિઓની બિયાન્કા એન્ડ્રીસ્ક્યુએ જણાવ્યું હતું કે, મેં જ્યારે ટેનિસ કોર્ટ પર પગ મૂક્યો ત્યારે હું જાણતી હતી કે, બોલવું સહેલું છે પરંતુ સામી બાજુએ મજબૂત ખેલાડીઓને ટક્કર આપવાનું કામ સહેલું નથી. મારા આ વિચારને કારણે જ મને આ સિદ્ધિ મળી છે. બિયાન્કા એન્ડ્રીસ્ક્યુની યાદીમાં છેલ્લા ૧૨ મહિના દરમિયાન મેળવેલી અનેક સિદ્ધિઓ નોંધાઈ છે અને તેણે આખું વર્ષ સિદ્ધિ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેની સિદ્ધિઓમાંની એક સિદ્ધિ ગયા માર્ચ મહિનામાં ઈન્ડિયન વેલ્સ ખાતે રોજર્સ કપ સિંગલનું ટાઈટલ જીતવાની છે. ૫૦ વર્ષમાં રોજર્સ કપ ટાઈટલ જીતનાર આ પહેલી મહિલા ખેલાડી છે.

તે ઓગષ્ટ મહિનામાં ટોરન્ટો આવી હતી, ત્યારે યુએસ ઓપનમાં બિયાન્કા એન્ડ્રીસ્ક્યુ માટે ઈતિહાસ સર્જવા આડે થોડાક જ સપ્તાહ બાકી હતા. કેનેડાના રમતગજતમાં માઈક વેઈર્સ માસ્ટરમાં વિજય તથા સિડની ક્રોસ્બીમાં ગોલ્ડન ગોલ મેળવવાનો સમાવેશ થાય છે. બિયાન્કા એન્ડ્રીસ્ક્યુએ સેરેના વિલિયમ્સને ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ટાઈટલમાં હરાવીને પહેલી કેનેડિયન મહિલા તરીકેની પ્રતિષ્ઠા મેળવી હતી. ગ્લોબ એન્ડ મેઈલ સ્પોર્ટ્સના એડિટર શોના રિચર જણાવે છે કે, બિયાન્કા એન્ડ્રીસ્ક્યુની કેનેડાના આ વર્ષના મહિલા ખેલાડી તરીકે એક માત્ર પસંદગી હતી. બિયાન્કા એન્ડ્રીસ્ક્યુએ વર્ષાંત સુધીમાં બ્રોડકાસ્ટર્સ તથા કેનેડાભરમાં એડિટરો તરફથી યોજવામાં આવેલા પોલમાં સૌથી વધુ મત મેળવ્યા હતા.

# નવા વર્ષના દિવસે ઘરમાં ઘૂસણખોરી ચોરીના બનાવો : ટોરન્ટોમાં ૬ પકડાયા

**• મહિલા સહિત ચાર જણા ઘરમાં ઘૂસ્યા, માલિકને ગન બતાવી ધમકી અપાઈ**




ઓન્ટેરિયો : નવા વર્ષના આરંભ સાથે જ ટોરન્ટો વિસ્તારમાં ઘૂસણખોરી અને ચોરીના બનાવો નોંધાયા હતા. જયારે ટોરન્ટોમાં ૬ની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ટોરન્ટો પોલીસે જણાવ્યું છે કે, નવા વર્ષના દિવસે ટોરન્ટોમાં જુદા-જુદા ગુનાઓ બદલ કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. એક તપાસનીશ અધિકારીએ જણાવ્યું હતું કે, શહેરના નીચાણવાળા વિસ્તારમાં આવેલા એક ઘરમાં ૩૫ વર્ષીય યુવક ઘૂસી ગયો હતો. આ બનાવ બન્યો ત્યારે ઘરમાં ૨૦ વર્ષીય એક યુવતી હાજર હતી. એણે જણાવ્યું હતું કે, જ્યારે આ માણસને અટકાયતમાં લેવામાં આવ્યો ત્યારે ઘરમાં ચાર લોકોની સાથે એક મહિલા પણ હતી. આમ કુલ ચાર માણસો ઘરમાંથી પકડી પાડવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે, ચાર જણમાંથી એક વ્યક્તિની પાસે હેન્ડ ગન હતી અને ઘરમાલિકને મારી નાંખવાની ધમકી આપી હતી. જે કંઈ હોય તે સોંપી દેવા ધમકી આપાઈ હતી. પરંતુ મહિલાએ કિંમતી વસ્તુઓ આપવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, શકમંદ વ્યક્તિ એને ધક્કો મારી વોલેટ આંચકી લઈ મારી મર્સિડીઝ કારની ચાવી લઈને નાસી છૂટ્યો હતો. તેની સાથે બે મહિલાઓ પણ સામેલ હતી. પોલીસે જણાવ્યું હતું કે, એમણે તપાસ હાથ ધરી છે અને અટકાયતમાં લેવામાં આવેલા આરોપી પાસેથી ચોરાયેલી કેટલીક વસ્તુઓ મેળવી છે.

શકમંદ આરોપી ૨૦થી ૩૭ વર્ષના હતા અને તેમના સાથે ધાડ પાડવા તથા ગેરકાયદેસર રીતે શસ્ત્રો રાખવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# પશ્ચિમ વેનકુંવરની કિશોરી જેનીસ ઝૂનું ડેલટા એરલાઈન્સની ફલાઈટમાં મોત

**• મુસાફરી દરમિયાન કિશોરીની તબિયત અચાનક કથળતા વિમાન પરત એરપોર્ટ પર લવાયું**

લોસ એન્જલ્સ : બ્રિટિશ કોલમ્બિયાની એક ૧૦ વર્ષીય કિશોરીની વિમાનમાં એકાએક તબિયત બગડી હતી. જે બાદ અમેરિકાની એક ફલાઈટમાં તેનું મૃત્યુ થઈ ગયું હતું. લૉસએન્જલ્સના ડીપાર્ટમેન્ટ ઓફ મેડિકલ એગ્ઝામીનર કોરોનરે જણાવ્યું હતું કે, ગુરૂવારે સાંજે વિમાનમાં મૃત્યુ પામનાર કિશોરીનું નામ જેનીસ ઝૂ હતું અને તે વેનકુવરની રહેવાસી હતી. ઝુ ડેલ્ટા એરલાઈન્સની ફલાઈટમાં લૉસ એન્જલ્સથી સિએટલ જઈ રહી હતી. એના મૃત્યુના કારણની તપાસ ચાલી રહી છે. ફેડરલ એવિએશનના પ્રવક્તા ઈયાન ગ્રેગરે જણાવ્યું હતું કે, વિમાનમાં એક પ્રવાસીની એકાએક તબિયત લથડતાં લૉસએન્જલ્સથી સિએટલ જતી ડેલ્ટા એરલાઈન્સની ફલાઈટ નંબર ૨૪૨૩ને તુરંત જ લૉસએન્જલ્સ હવાઈમથક પર પાછી લાવવામાં આવી હતી. લૉસએન્જલ્સ ફાયર સર્વિસ ડીપાર્ટમેન્ટે એક લેખિત નિવેદનમાં જણાવ્યું હતું કે, અત્યંતવ્યસ્ત સમયમાં પણ પ્રાથમિક આરોગ્ય સેવા ટુકડીએ ઝડપથી ઘટનાસ્થળે પહોંચી જઈ કિશોરીને બચાવી લેવા માટે ભારે મહેનત કરી હતી. કમનસીબે કિશોરીને બચાવી ન શકાતા મહેનત પાણીમાં ગઈ હતી. કદાચ તેનું મૃત્યુ વિમાનમાં જ થવાનું લખાયું હશે. કાર્ડિયાક એરેસ્ટ નામનો એક અહેવાલ જણાવે છે કે, પોલીસ ડીપાર્ટમેન્ટ મોતના બનાવની તપાસ કરશે.

# ઓટ્ટાવામાં ઘડિયાળના કાંટા ૧૨ ઉપર સ્થિર થયા અને પહેલા બાળકનો જન્મ

ઓન્ટેરિયો : ઓટ્ટાવામાં મધ્ય રાત્રીએ ઘડિયાળના કાંટા જયારે બરોબર ૧૨ પર સ્થિત થયા ત્યારે વર્ષ ૨૦૨૦ના પહેલા બાળકનો જન્મ થયો હતો. ઓટ્ટાવા હોસ્પિટલના જનરલ કેમ્પસમાં જન્મેલ છોકરાનું વજન ૭ એલ.બી. ૨ ઓન્સ હતું. આ બાળકની માતા ૪૦ વર્ષીય વાંસકુ આનંદે મીડિયાને જણાવ્યું હતું કે, નવા વર્ષની સાંજે જયારે મને પેટમાં દુખાવો ઉપડ્યો હતો. ત્યારે હું હોસ્પિટલમાં ચેકઅપ કરાવવા ગઈ હતી.



જન્મ લેનાર બાળક કે જેનું નામ હજુ પાડવામાં આવ્યું નથી તેના નામકરણની તારીખ ૮મી જાન્યુઆરી આપવામાં આવી હતી. આનંદે જણાવ્યું હતું કે, બરોબર ૧૨ના ટકોરે બાળકોનો જન્મ થયો હોવાનું જાણીને પ્રસૂતિગૃહમાં ડોકટરો અને નર્સો આનંદથી ઝૂમી ઉઠ્યા હતા. આનંદે કહ્યું હતું કે, અમે પણ એમ વિચાર કરી રહ્યા હતા કે બાળક બરોબર ૧૨ વાગ્યે જન્મ લે અને ખરેખર એમ જ બન્યું હતું. એ દરમિયાન કર્મચારીઓ ભારે ઉત્તેજનપૂર્વક મારી પાસે આવી પહોંચ્યા હતા અને કહી રહયા હતા કે, તમારું આ બાળક આ વર્ષનું પહેલું બાળક છે અને તેથી અમને બહુ આનંદ થાય છે. આનંદ અને તેના પતિને ૫, ૧૪ અને ૧૬ વર્ષની ત્રણ પુત્રીઓ છે. આ યુગલનું પરિવાર ભારતમાં રહે છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) **$8.00 +Tax**

Limited થાળી (without sweet & Farsan) **$6.50 +Tax**

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

**$12.99 (M-T) / $14.99 (F-S)**

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

Franchise Opportunity in GTA

૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# કેનેડાની બોગસ કંપનીમાં GSFCLના 262 કરોડ ડૂબશે

**GSFCની પોટાશની જરૂરિયાત બહુ ઓછી છે અને આ ખનીજ સરળતાથી ગુજરાતમાં ઉપલબ્ધ છે છતાં દરિયાપાર ઘણે દૂર કરોડો રૂપિયા રોકાણ કરવાની યોજના શંકાસ્પદ**

ગાંધીનગર : ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ-જીએસએફસીમાં સર્જાયેલું જંગી કૌભાંડ બહાર આવ્યું છે, જેમાં કંપનીનું રૂ.૨૬૨ કરોડથી વધુ રકમનું રોકાણ ડૂબી ગયું છે. આ રોકાણ કેનેડાની કાર્નાલાઈટ રિસોર્સીસ ઈન્કોર્પોરેશન નામક બોગસ કંપનીમાં માઈનિંગ પ્રોજેક્ટના નામે થયું હતું, જે કેનેડિયન કંપનીનું હવે ઉઠમણું થવાની તૈયારીમાં હોવાથી ગુજરાતની કંપનીના પૈસા પણ ડૂબી જાય તેવી પુરેપુરી શક્યતા છે.

જીએસએફસીએ વર્ષ ૨૦૧૩માં કેનેડામાં ભાગીદારીમાં કોસ્ટિક પોટાશનું માઈનિંગ કરવા કાર્નાલાઈટ રિસોર્સીસ કંપનીના ૫૪. ૯૦ લાખ શેર્સ કેનેડિયન ડૉલર ૮.૧૫ પ્રતિ શેરના ભાવે કુલ ૪૪.૭ મિલિયન કેનેડિયન ડૉલર યાને રૂ.૨૫૦ કરોડમાં ખરીદ્યા હતા. આ મસમોટા રોકાણ દ્વારા જીએસએફસીએ કેનેડિયન કંપનીમાં ૧૯.૯૮ ટકા હિસ્સો મેળવ્યો હતો. જીએસએફસીએ અને તેના આ બોગસ કેનેડિયન પાર્ટનર કંપનીએ જાહેર કર્યું હતું કે, તેઓ કેનેડામાં વાઈનાડ કાર્નાલાઈટ માઈનિંગ પ્રોજેક્ટ ઊભો કરશે અને કમર્શિયલ પ્રોડક્શન શરૂ થયા બાદ જીએસએફસી ૨૦ વર્ષ સુધી, પ્રથમ તબક્કે વાર્ષિક ૩.૫૦ લાખ ટન અને બીજા તબક્કે વાર્ષિક ૬ લાખ ટન પોટાશ ખરીદશે.

રાજ્યના એક નિવૃત્ત સિનિયર આઈએએસ કહે છે કે, જીએસએફસીની રૉ-મટિરિયલ તરીકે કોસ્ટિક પોટાશની જરૂરિયાત બહુ ઓછી માત્રામાં છે તથા આ ખનિજ ગુજરાતમાં અને ભારતમાં બહુ આસાનીથી ઉપલબ્ધ હતો અને છે, બીજા શબ્દોમાં આ ખનિજની સહેજેય અછત નથી, છતાં છેક દૂર કેનેડામાં જઈને જીએસએફસી દ્વારા જંગી રોકાણ કરવાનો ઈરાદો જ શંકાપ્રેરક છે.

સૂત્રો કહે છે કે, ગેમ પ્લાન પ્રમાણે ૨૦૧૮ના વર્ષમાં માઈનિંગ પ્રોજેક્ટ શક્ય ના હોવાનું જણાવી કેનેડિયન કંપનીએ હાથ ઊંચા કરી દેતાં, જીએસએફસીએ ખાતર ઉપર દીવેલ ચોપડ્યું હતું, એણે બોગસ કંપનીના વધુ ૧.૦૩ કરોડ શેર્સ અમેરિકી ડૉલર ૦.૧૭ પ્રતિ શેરના ભાવે ખરીદ્યા હતા, જે વધુ રૂ.૧૨.૪૯ કરોડનું રોકાણ હતું. આમ કરીને જીએસએફસીએ કેનેડિયન કંપનીમાં પોતાના ડૂબેલાં રોકાણનો હિસ્સો ૨૦ ટકાથી વધારીને ૪૦ ટકા પહોંચાડી કંપની હસ્તગત કરી લીધી હતી. હવે આ બધું રૂ. ૨૬૨.૪૯ કરોડ ડૂબી ગયું છે અને કુલ ૧૫૭.૯૦ શેર્સના કાગળિયાં રદ્દી બની ગયા છે.

# ટોરન્ટોમાં ટી.ટી.સી. તેની જૂની રેડ સ્ટ્રીટ કાર પાછી ખેંચી લેશે




ટોરન્ટો : ટી.ટી.સી.એ વાહનોનો નવો કાફલો લાવવાનો નિર્ણય કરતા તેની જૂની કરો પાછી ખેંચી લેવામાં આવશે. કેનેડિયન લાઈટ રેલ વ્હિકલ્સ તરફથી સત્તાવાર રીતે જાહેર કરાયું હતું કે, તેનો ૪૨ વર્ષ જૂનો સ્ટ્રીટ કારનો કાફલો રવિવારથી પાછો ખેંચી લેવામાં આવશે. ટી.ટી.સી.ના કાફલામાં આ રેડ સ્ટ્રીટ કારનો સુધી પ્રથમ વખત ઉમેરો કરાયો હતો. આ સ્ટ્રીટ કાર તેની અંતિમ સફર રોન્સ વેલ્સ અને ગ્રીનવુડ એવેન્યુસ વચ્ચે સવારે ૧૦ વાગ્યે શરુ કરશે.

દરમિયાન ટી.ટી.સી. આ કારની અંતિમ સફરમાં પ્રવાસીઓને મફત સફર કરવાની મંજૂરી આપશે. રવિવારે બપોરે છેલ્લી ટ્રીપ કરનાર આ કારમાં સ્પર્ધા જીતનારા ૨૦ વિજેતાઓ અને તેમના મહેમાનોને સફર કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. સી.એલ.આર.વી.ના ભારે મોટા પ્રસંશકોમાં તેના સંચાલક બ્રેન્ડા મીકોનો સમાવેશ થાય છે. તેણે મીડિયાને જણાવ્યું હતું કે, માનપૂર્વક વિદાય લેતી આ સ્ટ્રીટ કારની છેલ્લી સફરમાં તેનું સંચાલન કરવાની તક મળી છે તે આનંદ સાથે દુ:ખની વાત છે. પરંતુ નવી સ્ટ્રીટ કાર આવી રહી છે એ પણ ઉત્સાહપ્રેરક વાત છે. બ્રેન્ડાએ ૨૩ વર્ષ પહેલા આ કારમાં ડ્રાઈવર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. તે હવે ટી.ટી.સી.ની નવી, આંબી અને આધુનિક સ્ટ્રીટ કારમાં ડ્રાઈવર તથા ઈન્સ્ટ્રક્ટર એમ બંનેની ફરજ બજાવશે. ટી.ટી.સી. તરફથી સી.એલ.આર.વી.નો પહેલો ઓર્ડર ૧૯૮૭માં ૧૯૬ અને ૧૯૮૦માં ૫૨ સ્ટ્રીટ કાર ખરીદવામાં આવી હતી. રવિવારના દિવસે જુના સી.એલ.આર.વી. સેવા નિવૃત કરાયા બાદ ટી.ટી.સી. નવા, અત્યાધુનિક,લો ફ્લોર વાહનોનું સંચાલન ચાલુ કરશે. બ્રેન્ડા જણાવે છે કે, જુના સી.એલ.આર.વી.ને તાત્કાલિક ભૂલી જવાય એટલા ખરાબ પણ નથી. કેટલાક વાહનોએ સારી સેવા પણ આપી છે અને તેના ચાહકોને હવે તે મ્યુઝિયમમાં સંગ્રહ તરીકે જોવા મળશે. આ માટેના મ્યુઝિયમો કેનેડા અને અમેરિકામા બનાવવામાં આવ્યા છે.

# સ્કારબોરો નજીક ગોળીબારની ઘટનામાં ઘાયલ શખ્સનું સારવાર દરમિયાન મૃત્યુ

## •સ્થળ તપાસમાં પોલીસને ખાલી કારતૂસના ખોખા મળી આવ્યા



ટોરન્ટો : ગત મંગળવારે રાતે ગોળીબારની ઘટનામાં એક શખ્સને ઈજા થતાં તેને સ્કારબોરોની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. ગોળીબારની આ ઘટના સ્કારબરોની બાજુમાં આવેલા નિલ્સન રોડ અને મેક્લેવિન એવેન્યુ ખાતે બની હતી. પોલીસને સાંજે ૬ : ૧૫ કલાકે મદદ માટે બોલાવવામાં આવી હતી. ટોરન્ટોની પ્રાથમિક સારવાર ટૂકડી પીડિતને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લાવી હતી.જ્યાં ઈજાગ્રસ્તને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. અધિકારીઓ આ ઘટનાસ્થળની તપાસ કરી રહ્યા છે. દરમિયાન એમને ખાલી કારતૂસના ખોખા મળી આવ્યા હતા. હોમીસાઈડના ડીટેક્ટીવોએ આ બનાવની તપાસ સંભાળી લીધી છે. ગોળીબારમાં ભોગ બનનારનું નામ અને ઉંમર પોલીસ તરફથી હજુ જાહેર કરવામાં આવ્યા નથી અથવા તો આ વ્યક્તિ સંબંધી કોઈ વર્ણન પણ જાહેર કરવામાં આવ્યું નથી. જે કોઈ આ વિશે જાણકારી ધરાવતું હોય તેમને પોલીસને (૪૧૬) ૮૦૮-૭૪૦૦ નંબર પર જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

# ચીન વિરોધી તાઈવાનના નાયબ સંરક્ષણ પ્રધાન મિંગનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત

તાઈપેઈ : તાઈવાનમાં ગુરૂવારે હેલિકોપ્ટર દુર્ઘટનામાં સેના પ્રમુખ સહિત આઠ લોકોનાં મોત થયા છે, આ હેલિકોપ્ટર રાજધાની તાઈપેઈની નજીક પર્વતાળ વિસ્તારમાં એક દુર્ઘટનાનો શિકાર થયું હતું. મૃતકોમાં સેનાના ત્રણ મેજર જનરલનો પણ સમાવેશ થાય છે, ચીન સાથે તંગદિલી ચાલી રહી છે, એવા સમયે થયો જ્યારે તાઈવાનમાં ૧૧ જાન્યુઆરીનાં દિવસે રાષ્ટ્રપતિની ચુટણી યોજાવાની છે.

સેનાના જણાવ્યા પ્રમાણે ચીફ ઓફ જનરલ સ્ટાફ શેન યી-મિંગની આ દુર્ઘટનામાં મોત થયું, હેલિકોપ્ટરમાં કુલ ૧૩ લોકો સવાર હતાં, જેમાંથી પાંચનો જીવ બચી ગયો.

સેનાનાં વડા શેન તાઈવાનની યિલાન કાઉન્ટીમાં તૈનાત સૈનિકોને મળવા માટે બ્લેક હેલિકોપ્ટર દ્વારા રવાના થયા હતાં, પરંતું તેમનું હેલિકોપ્ટર તાઈપેઈની નજીક દુર્ઘટનાગ્રસ્ત થયુ.

૬૨ વર્ષિય શેન ગત જુલાઈમાં ચીફ ઓફ જનરલ સ્ટાફ બનાવવામાં આવ્યા હતાં, રાષ્ટ્રપતિ સાઈ ઈંગ-વેનએ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું, તાઈવાનનાં સર્વોચ્ચ રેંકિગનાં જનરલનું મૃત્યું ફરજ દરમિયાન થયું છે. આ દુર્ઘટનાનાં કારણોની તપાસ કરવી જરૂરી છે, દેશનાં સંરક્ષણ વિભાગે પણ આ હેલિકોપ્ટર દુર્ઘટનાનો આદેશ આપ્યો છે,એક ડઝનથી પણ વધુ બચાવકર્મીઓએ જીવીત લોકોની તપાસ શરૂ કરી છે, આ દુર્ઘટનાનાં કારણોની માહિતી મળી શકી નથી.

# પેરેન્ટસ રીયુનિફિકેશન પ્રોગ્રામ મોકૂફ : સરકાર નવી યોજના લાવશે

**પ્રોગ્રામ શરૂ થયા બાદ થોડી મિનિટમાં જ કોટા પુરો થઈ જતા વિવાદ : અરજીની પસંદગી પ્રક્રિયામાં ખામી હોવાની દલીલો વધી**

ઓન્ટેરિયો : લિબરલ્સ સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલા અને ભારે ટીકાસ્પદ રહેલા રીયુનિફિકેશન પ્રોગ્રામના બીજા રાઉન્ડને મુલ્તવી રાખવામાં આવ્યા છે. ઈમિગ્રેશન રેફયુજીસ એન્ડ સિટિઝનશીપ કેનેડા તરફથી એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, લિબરલ સરકાર એક નવી ક્ષતિરહિત સિસ્ટમ લાવવાનો વિચાર કરતી હોવાથી આ નિર્ણય લેવાયો છે. પેરેન્ટ્સ અને ગ્રાન્ડપેરેંટ્સ રીયુનિફિકેશન પ્રોગ્રામ અંતર્ગત કેનેડાના નાગરિકો અને કાયમી રહેવાસીઓ તેમના દાદા- દાદી અને માતા-પિતાને કેનેડામાં લાવી શકે છે. આ બાબતે અખબારી માધ્યમો ટીકા કરતા જણાવે છે કે, જ્યારથી ઓનલાઈન પ્રોગ્રામ માટે અરજી માંગવાની શરૂઆત કરાઈ છે ત્યારથી અરજીની પસંદગીની પ્રક્રિયા અયોગ્ય છે. આ વર્ષમાં પ્રોગામ ખુલ્લો મુક્તાની સાથે જ થોડી મિનિટોમાં આ માટેની અરજીઓનો કોટા બુક થઈ ગયો હતો જે બતાવે છે કે આ પ્રોગ્રામમાં કોઈક ખામી છે. સોમવારે કેનેડાના વસાહતી ખાતાએ જણાવ્યું હતું કે, સરકારે નવી સિસ્ટમ લાવવાનો નિર્ણય કર્યો હોવાથી ૨૦૨૦નો રાઉન્ડ વિલંબમાં પડે તેવી શક્યતા છે. તેનો અર્થ એ થયો કે, કેનેડાના કર ભરનારા નાગરિકોને તેના માતા-પિતા કે દાદા-



દાદીને પોતાની સાથે રહેવા માટે બોલાવવા માટે રાહ જોવી પડશે. દરમિયાન વસાહતીઓ બાબતના વકીલ જેમી લ્યુ કે જેઓ યુનિવર્સીટી ઓફ ઓટ્ટાવામાં પ્રાધ્યાપક પણ છે, તેમણે જણાવ્યું હતું કે, આ સમાચાર નિરાશાજનક છે અને જે પરિવારો પોતાના માતા-પિતાને જલ્દી બોલાવી લેવા માટે ઉત્સુક હતા તેમને વધુ નિરાશ કરશે. દરમિયાનમાં વસાહતી ખાતાના પ્રધાન માર્કો મેંડીસીનોએ જણાવ્યું હતું કે, અમારું ખાતું પરિવારોને એક એવી અરજીની પ્રથા પુરી પાડવા માંગે છે કે, જેમાં કોઈ પણ પ્રકારની ખામી ન હોય. આ સિસ્ટમ પર કામકાજ ચાલતું હોવાથી જાન્યુઆરી મહિનામાં આ માટે જે અરજીઓ માંગવાની શરૂઆત થવાની હતી તે મુલ્તવી રાખવામાં આવી છે. મેથ્યુ જેમ્સે જણાવ્યું હતું કે, સરકાર ખામીરહિત સિસ્ટમ તૈયાર કરીને તેના પ્રયોજકોને અન્યાય ન થાય તેવી સિસ્ટમ અપનાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

# વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત ત્રણ સભ્યોને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયા

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયતની ડિસેમ્બર-૨૦૧૫માં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસને કુલ ૩૬ સીટમાંથી ૨૨ સીટ સાથે સ્પષ્ટ બહુમતી મળતાં સત્તા સંભાળી હતી. જ્યારે ભાજપને ફાળે ૧૪ સીટ આવી હતી. પરંતુ અઢી વર્ષના સમયગાળામાં જ કોંગ્રેસમાં જૂથબંધી સર્જાઇ હતી અને કોંગ્રેસમાંથી બળવો કરનાર પાદરા તાલુકાના ઈલાબા જયદિપસિંહ ચૌહાણ ભાજપનો ટેકો લઈને પ્રમુખ બન્યા છે.

આથી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્રભાઈ મુખીએ તાજેતરમાં પ્રદેશ પ્રમુખને અહેવાલ સુપરત કર્યો હતો. જેમાં તેમણે પાદરા તાલુકા પંચાયતની તિથોર સીટ માટે તા.૨૯મીએ યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના જિલ્લા પંચાયતના પ્રમુખ ઈલાબા, પૂર્વ પ્રમુખ ઘનશ્યામ પટેલ અને તેમના નિકટના સાથી રણજિતસિંહ પરમારે પક્ષને નુકસાન થાય તેવું કાર્ય કર્યું છે તેમ જણાવાયું હતું. આ અંગે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખે આખરે જિલ્લા પ્રમુખના અહેવાલના આધારે જિલ્લા પંચાયતના ત્રણેય સભ્યોને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે.

## સભ્યો પર પક્ષાંતર ધારા હેઠળ કાર્યવાહી કરાશે

વડોદરા– કોંગ્રેસના વડોદરા જિલ્લાના પ્રભારી ભરતસિંહ મકવાણાએ કહ્યું હતું કે,વડોદરા જિલ્લા પંચાયતમાં લોકોએ કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી આપી હોવા છતાં પક્ષ સાથે છેડો ફાડી ખુલ્લેઆમ પક્ષવિરોધી પ્રવૃત્તિ ચાલી રહી હોવાથી પ્રદેશ પ્રમુખે દાખલો બેસે તે રીતે પગલાં લઇ ત્રણ સભ્યોને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે. તેમણે કહ્યું હતું કે,પક્ષાંતર ધારા હેઠળ કાર્યવાહી કરવા માટે પ્રદેશ પ્રમુખ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે અને તેઓ પણ મક્કમ છે.

# છાપીમાં પોલીસ ઉપર હુમલા કેસમાં પકડાયેલા કોંગ્રેસ ઉપપ્રમુખને રિમાન્ડ

## • પરવાનગી વગર રેલી યોજી ઉશ્કેરણી કરી હતી

છાપી- બનાસકાંઠા જિલ્લાના છાપી હાઈવે ઉપર મુસ્લિમ દ્વારા સીએએ અને એનઆરસી બિલના વિરોધમા ંવગર પરવાનગીએ રેલી યોજી જોરદાર પ્રદર્શન કર્યું હતું. જેમાં બેકાબુ ટોળાએ પોલીસ પર હુમલો કર્યો હતો. જેમાં પોલીસે મુખ્ય ષડયંત્રકારો પૈકી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ શુક્રવાર રાત્રે ધરપકડ કરી વડગામ કોર્ટમાં રજુ કરાતા કોર્ટે આરોપીના નવ દિવસના રિમાન્ડ મંજૂર કરતા ખળભળાટ મચી ગયો હતો.

વડગામ તાલુકાના છાપી ખાતે વિરોધમાં રેલી યોજવા મંજૂરી માગવામાં આવી હતી.

જોકે તંત્ર દ્વારા મંજૂરી રદ કરવામાં આવી હતી તેમ છતાં રેલી યોજવા આયોજકો મક્કમ રહેતા જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ યાસીન બંગા સહિત ચાર ઈસમોને પોલીસે ડિટેઈન કરતા પ્રદર્શનકારો બેકાબુ બની હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. પોલીસે મુખ્ય ષડયંત્રકાર જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખની ધરપકડ કર્યા બાદ શનિવારે વડગામ કોર્ટમાં રજુ કરાતા ના. વડગામ કોર્ટે આરોપી યાસીન બંગલાના નવ દિવસના તારીખ ૬-૧-૨020 સુધી પોલીસ રિમાન્ડ મંજુર કર્યા હતા.

# વડોદરામાં ગુરૂ વલ્લભના જય જયકાર સાથે સાર્ધ શતાબ્દિ મહોત્સવનો પ્રારંભ

વડોદરા : નવલખી ગ્રાઉન્ડ ખાતે શનિવારથી પંજાબ કેસરી આચાર્ય પ્રવર શ્રીમદ્ વિજય વલ્લભસૂરિ મહારાજના જન્મની સાર્ધ શતાબ્દી મહોત્સવનો પ્રારંભ થયો હતો. બે દિવસના આ મહોત્સવના આજે પ્રથમ દિવસે કોઠીપોળ જૈનદેરાસથી વિશાળ શોભાયાત્રા નીકળી હતી. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય નિત્યાનંદસૂરિજી મહારાજ સાથે આચાર્ય ધર્મસૂરી સમુદાયના આચાર્ય મહાપદ્મમસુરિજી તથા ચતુર્વિધ સંઘ સાથે નૃત્ય મંડળીઓ, બગ્ગીઓ શોભાયાત્રામાં જોડાઈ હતી. શોત્રાયાત્રાએ રાજમાર્ગ પર ભારે આકર્ષણ જમાવ્યુ હતું. નવલખી ગ્રાઉન્ડ પર પહોંચેલી શોભાયાત્રા ધર્મસભામાં ફેરવાઇ હતી. અહી ગચ્છાધિપતિ શ્રી નિત્યાનંદસૂરિજી દ્વારા ગુરૂ વલ્લભના દિવ્ય જીવનની ઝાંખી કરાવતુ વ્યાખ્યાન આપ્યુ હતું.

# હાથીખાનાના તોફાનો અને પોલીસ ઉપર હુમલા કેસમાં ફરાર ચાર આરોપી પકડાયા

વડોદરા- હાથીખાનામાં તોફાનો ભડકાવવાનું પૂર્વ યોજિત ષડયંત્ર રચાયું હોવાની વિગતો પોલીસની તપાસમાં બહાર આવી રહી છે.ક્રાઈમ બ્રાન્ચે તોફાનો બાદ વડોદરા છોડી ભાગી છુટેલા વધુ ચાર તોફાનીઓની ધરપકડ કરી છે.

હાથીખાનામાં થયેલા તોફાનોમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઓળખી કાઢેલા તોફાનીઓને શોધવા માટે બહારગામમાં પણ તપાસ કરી છે.જેમાં પોલીસે (૧) અમદાવાદથી શાહરૂખ ઉર્ફે અન્ડો જાફરખાન પઠાણ રહે. સુથારફળિયા, ફતેપુરા (૨) ભાવનગરથી સાબિર ઉર્ફે ગોલી અનવરમિયા શેખ રહે. રસીદા એપાર્ટમેન્ટ, હાથીખાના,પટેલ ફળિયા (૩) ગોધરાથી વસીમ ઉર્ફે ગોલીઅનવરમિયા શેખ રહે. રસીદા એપાર્ટમેન્ટ, હાથીખાના અને (૪) આણંદ ચકલાસી ખાતેથી જાવેદ ઉર્ફે દેડકી દિલાવરખઆન પઠાણની ધરપકડ કરી છે.

ડીસીપી જયદિપસિંહ જાડેજાના નેજા હેઠળ પીઆઈ જેજે પટેલ અને ટીમે તોફાનીઓની પૂછપરછ કરી છે.પોલીસની તપાસમાં તોફાનીઓએ અમદાવાદની જેમ સીએબીના વિરોધમાં રેલી નીકળે ત્યારે તોફાન કરવાની યોજના ઘડી હતી. પરંતુ વડોદરામાં રેલીને મંજૂરી નહીં મળતાં તેમણે શુક્રવારે નમાજ બાદ કોઈ પણ બનાવ બને તો તુર્તજ પથ્થરમારો કરવાની યોજના બનાવી હતી.જેમાં મુસ્તાકે પથ્થરો ભેગા કર્યા હતા.જ્યારે ઉપરોક્ત તોફાનીઓ તલવાર અને સળિયા લઈ નીકળ્યા હતા.તેમણે પથ્થરમારો કરી પોલીસના વાહનોને નુકસાન કર્યું હતું.

## યુપીની પેટર્ન મુજબ વડોદરામાં પહેલીવાર તોફાનીઓ પાસે નુકસાનની વસૂલી કરાશે

વડોદરા : વડોદરાના તોફાનોમાં પણ યુપીની પેટર્નથી સરકારી મિલકતના નુકસાનીની ભરપાઈ તોફાનીઓ પાસે કરવાની તૈયારી કરવામાં આવી છે. હાથીખાનામાં થયેલા તોફાનો દરમિયાન પોલીસના વાહનોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા અને જોઈન્ટ પોલીસ કમિશનરની કાર સહિત કેટલાક વાહનોને નુકસાન થયું હતું. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જયદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે,પોલીસના વાહનોને રૂા.૪૦ હજારનું નુકસાન થયું છે.આ નુકસાન તોફાનોના સૂત્રધારો પાસે વસૂલવાની તૈયારી કરવામાં આવી રહી છે. જેમાં જરૂર પડે સરકારી વકીલનો પણ અભિપ્રાય લેવાશે.






# સ્વચ્છતા સર્વેક્ષણમાં ઈન્દોર ટોપ પર, ગુજરાતનું રાજકોટ સિટી બીજા ક્રમાંકે

રાજકોટ : કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલયે મધ્યપ્રદેશના ઈન્દોરને સૌથી સ્વચ્છ શહેર જાહેર કર્યું છે. મંગળવારે કેન્દ્રીયપ્રધાન હરદીપ પુરીએ આ જાહેરાત કરતાં કહ્યું હતું કે ૧૦ લાખથી વધારે વસતી ધરાવતા ટોચના પાંચ શહેરોમાં ઈન્દોર બાદ રાજકોટ બીજા ક્રમે, નવી મુંબઈ ત્રીજા ક્રમે, વડોદરા ચોથા ક્રમે અને ભોપાલ પાંચમા ક્રમે છે. હરદીપ પુરીએ જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલ ગત ત્રિમાસિકમાં બીજા ક્રમાંકે હતી પણ આ ત્રિમાસિકમાં એ ત્રણ સ્થાન નીચે ઉતરીને પાંચમા સ્થાને પહોંચી છે. ગત ત્રિમાસિકમાં પાંચમા ક્રમાંકે રહેલા ગુજરાતના રાજકોટ શહેરે સ્વચ્છતા માટે લીધેલાં કેટલાંક પગલાંના કારણે તેણે ત્રણ સ્થાનનો જમ્પ માર્યો છે અને એ બીજા સ્થાને પહોંચી ગયું છે. સાફ સફાઈના મામલે ગુજરાતનું વડોદરા શહેર પણ ભોપાલથી એક ક્રમ ઉપર ચોથા સ્થાને છે. ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯માં ઈન્દોર સૌથી સ્વચ્છ શહેરમાં પહેલા ક્રમાંકે રહ્યું છે. મહાનગરોની વાત કરીએ તો ૨૦૧૮માં વિજયવાડા અને ૨૦૧૯માં અમદાવાદને સ્વચ્છ શહેરનો દરજ્જો મળ્યો હતો. ૧૦ લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં સ્વચ્છતાના મામલે અમદાવાદ છઠ્ઠા ક્રમે, નાસિક સાતમા ક્રમે, મુંબઈ આઠમા ક્રમે, અલાહાબાદ નવમા ક્રમે અને લખનઉ દસમા ક્રમે છે. ૧૦ લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં ઝારખંડનું જમશેદપુર સૌથી સ્વચ્છ શહેર તરીકે જાહેર થયું છે. એમાં મહારાષ્ટ્રનું ચંદ્રપુર બીજા ક્રમે, મધ્યપ્રદેશનું ખરગૌન ત્રીજા ક્રમે, ઉત્તરપ્રદેશનું લોની ચોથા ક્રમે, છત્તીસગઢનું અંબિકાપુર પાંચમા ક્રમે અને દિલ્હીની એનડીએમસી છઠ્ઠા ક્રમે રહ્યું છે.

# બોટાદમાં કોંગ્રેસમાં ભંગાણ, યાર્ડના ચેરમેન સહિત ૪ ભાજપમાં જોડાયા

**• બોટાદ માર્કેટીંગમાં ભાજપનું શાસન, કોંગ્રેસમાં સન્નાટો**

બોટાદ : બોટાદ માર્કેટીંગ યાર્ડમાં કોંગ્રેસનુ શાસન હતુ પરંતુ ગત બુધવારે બોટાદ માર્કેટીંગ યાર્ડના વાઈસ ચેરમેન સહિતના પાંચ ડિરેક્ટર કોંગ્રેસમાં જોડાય ગયા હતા તેથી કોંગ્રેસમાં ભંગાણ થયુ હતું. આ વાત હજુ તાજી છે ત્યાં રવિવારે બોટાદ માર્કેટીંગ યાર્ડના ચેરમેન ડી.એમ.પટેલ, ડિરેક્ટર ભીખુભાઈ મેર, ડિરેક્ટર ભીખાભાઈ રાઠોડ અને ડિરેક્ટર અરવિંદભાઈ સલીયા વગેરે કોંગ્રેસનો સાથ છોડી ભાજપમાં જોડાયા હતા તેથી કોંગ્રેસમાં સોપો પડી ગયો હતો. બોટાદ માર્કેટીંગ યાર્ડના કોંગ્રેસના ચૂંટાયેલા મોટાભાગના સભ્યો ભાજપમાં ભળી ગયા છે તેથી બોટાદ માર્કેટીંગ યાર્ડમાં હવે ભાજપનુ શાસન જોવા મળશે તેમ જણાય રહ્યુ છે. બોટાદ માર્કેટીંગ યાર્ડમાં લાંબા સમયથી વિખવાદ ચાલી રહ્યો હતો અને અંતે કોંગ્રેસ સભ્યો ભાજપમાં જોડાય ગયા હતાં. બોટાદ માર્કેટીંગ યાર્ડના ચેરમેન ડી.એમ.પટેલ ગત વિધાનસભામાં કોંગ્રેસની ટિકિટ પર લડયા હતા અને ભાજપના સૌરભ પટેલ સામે આશરે ૯૦૦ મતે પરાજય થયો હતો.

# માતાના મઢ-રવાપર માર્ગ પર અકસ્માત : ૩ના ઘટનાસ્થળે મોત

**• કાર અને જીપની ધડાકાભેર અથડામણ : ૧૦ ઘાયલ : એક કિ.મી. સુધી ટ્રાફિકજામ**

ભુજ : લખપત તાલુકાના માતાનામઢ-રવાપર માર્ગ પર રવિવારે બપોરે સર્જાયેલા ગમખ્વાર અકસમાતના બનાવમાં ત્રણ વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા જ્યારે ૧૦ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જાણવા મળતી વિગતો મુજબ કાર અને જીપની અથડામણમાં આ ઘટના બનવા પામી હતી. માંડવી તાલુકાના સલાયા ગામના વ્યક્તિઓ કોરા સરીફની દરગાહમાં માથુ ટેકાવવા ગયા હતા ત્યારે આ બનાવ બનવા પામ્યો હતો. સમગ્ર ઘટનામાં લખપત તાલુકાના ઘડાણી ગામના સચીન કાંતીભાઈ જોશી (ઉ.વ.૨૫), સલાયાના ખતુબાઈ આમદ તુર્ક (ઉ.વ.૭૦) તેમજ અન્ય એકને ગભીર પ્રકારની ઈજાઓ પહોચતા મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને નખત્રાણા તેમજ વધુ સારવાર માટે ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં ૧૦૮ મારફતે લઈ જવાયા હતા. તેમજ પીએસઆઈ સોઢા સહિતનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. હતભાગીઓના મૃતદેહોને નખત્રાણાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયા હતા.

# કંડલા બંદરે મિથેનોલની ટેન્કમાં પ્રચંડ ધડાકા સાથે ભીષણ આગ, ૪ ભૂંજાયા

**• IMCLના સ્ટોરેજ ટર્મીનલમાં બનેલી ઘટનાથી દોડધામ, સુરક્ષા વ્યવસ્થામાં ઘોર બેદરકારી બહાર આવી**



ગાંધીધામ : કંડલા પોર્ટ સ્થિત કેમિકલ સંગ્રહક કંપનીના સ્ટોરેજ ટર્મીનલમાં આવેલી મિથેનોલની એક ટેન્કમાં આજે બપોરના અરસામાં પ્રચંડ બ્લાસ્ટ બાદ ભિષણ આગ ભભુકી ઉઠતા દોડાધામ મચી ગઈ હતી. સુરક્ષા વ્યવસ્થાના અનેક છીંડા વચ્ચે બનેલી આ દૂર્ઘટનાના કારણે કંપનીના એક અને લેબર કોન્ટ્રાક્ટરના ત્રણ મળી કુલ ચાર કર્મચારીઓના કરૂણ મોત નિપજ્યા છે. આગની જાણ થતા જ કંડલા પોર્ટ અને ખાનગી કંપનીઓની ફાયર બ્રિગેડની ૧૦ વધુ ટુકડીઓ ઘટના સ્થળે દોડી ગઈ હતી. બનાવ અંગે કંપનીના મેનેજર દ્વારા પોલીસમાં જાણવા જોગ નોંધ કરાવવામાં આવી છે. કંડલા પોર્ટ વિસ્તારમાં બનેલી આ ગંભીર દૂર્ઘટનાની પ્રાપ્ત થતી વિગતો અનુસાર ઈન્ડિયન મોલાસીસ કંપની લી.ના ટર્મીનલમાં આવેલી મિથેનોલની ટેન્ક નં.૩૦૩માં આજે બપોરે દોઢેક વાગ્યાના અરસામાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ સાથે જ ટેન્કનું છાપરૂ ઉડી ગયું હતું. ઘટના ઘટી ત્યારે ટેન્કમાં મિથેનોલનો ૧૭૦૦ ટન જથ્થો ભરેલો હતો. બ્લાસ્ટ વખતે બે કર્મચારીઓ ટેન્કની છત પર જ કામ કરતા હોવાનું પણ બહાર આવ્યું છે. ધડાકા બાદ ટેન્કમાં ભિષણ આગ ફાટી નિકળી હતી. જેના પગલે દોડાધામ મચી ગઈ હતી.

# મુન્દ્રામાં ખાલી કન્ટેનરમાં યુદ્ધ હથિયારના સ્પેર પોર્ટ્સ નીકળતા એજન્સીની દોડધામ

કંડલા : ગુજરાતના મુન્દ્રા બંદર પર બે મિલેટ્રી ગ્રેડ લોન્ચિંગ ગિયર મળ્યા છે. લગભગ ૧૧ હજાર કિલો વજનના આ બંને ઉપકરણો ખાલી કંટેનર્સમાં રાખવામાં આવ્યા હતા. આયાતી ખાલી (એમટી) કન્ટેનરમાંથી કથિત આધુનિક યુદ્ધ હથિયારના કેટલાંક સ્પેરપોર્ટ્સ નીકળતાં સંખ્યાબંધ એજન્સીઓએ સઘન તપાસ શરૂ કરી છે અને સમગ્ર ઘટનાની મુદ્રા કસ્ટમે દિલ્હી સ્થિત સરકારી એજન્સીઓને બનાવની જાણ કરતા એજન્સીઓ ચોંકી ઉઠ્યા છે.

કસ્ટમના ડોક્યુમેન્ટમાં કન્ટેનર ખાલી હોવાનું દર્શાવ્યા બાદ તેની ખાસ તપાસ કરવામાં આવતી નથી. જ્યારે આ કન્ટેનરમાં તંત્રને શંકા જણાતા તેને ટી.જી, સી.એફ.એસમાં મોકલવામાં આવ્યું હતું, જેમાં આધુનિક હથિયારોનો કેટલોક ભાગ નીકળતા તંત્ર હરકતમાં આવ્યું હતું. અધિકારીઓએ ૨૦ ડિસેમ્બરના રોજ ખાલી કન્ટેનર્સની તપાસ દરમિયાન તેને જપ્ત કર્યા હતા. તેનો ઉપયોગ વિમાનવાહક જહાજમાંથી ફાઈટર પ્લેનને ઉડાડવા દરમિયાન થાય છે. અધિકારીઓએ આ સૈન્ય ઉપકરણોની ચોરીનો મામલે હોવાની શંકા વ્યક્ત કરી છે. દુનિયામાં માત્ર બે કંપનીઓ જ આ પ્રકારના ઉપકરણ બનાવે છે. અમેરિકામાં આવેલી બોઈંગ અને યુરોપની એરબસ કંપનીમાં જ આ ઉપકરણ બને છે. મુન્દ્રામાં જપ્ત કરવામાં આવેલા ઉપકરણ અમેરિકામાં બનેલા છે. સૂત્રો જણાવે છે કે, જ્યાં સુધી એક્સપર્ટ એજન્સીઓ આ હથિયારો ક્યા છે તેની ઓળખ ન કરે ત્યાં સુધી વધુ કંઈ કહી શકાય નહીં. ખાલી કન્ટેનરમાં થોડા સ્પેરપોર્ટસ છે. તેથી એના અન્ય સ્પેરપાર્ટ અન્ય કોઈ કન્ટેનરમાં હોવાની શક્યતા નકારી શકાતી નથી. એની સાથે જ ખાલી કન્ટેનર તરીકે ઉતરેલા કન્ટેનરો ઉપરાંત અગાઉ આવી ચૂકેલા અથવા હવે આવનારા કન્ટેનરોમાં અન્ય સ્પેરપોર્ટ્સ છે કે કેમ તેની તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

# સોયલ નજીક ઈકો કાર પલ્ટી મારી ઉંડી કેનાલમાં ખાબકતા ૪ના મોત

**• જામજોધપુરથી રાજકોટ લઈ જતા ત્યારે રસ્તામાં ડ્રાઈવરને ઝોકું આવતા અકસ્માત**

જામનગર : જામજોધપુરથી એક યુવાનને સારવાર માટે લઈ જવાતી વખતે ઈકો કારના ચાલકને ઝોકું આવી જતા સોયલ નજીક નદીની કેનાલમાં ઈકો કાર ખાબકી હતી. જામજોધપુર તાલુકાના ઝીણાવારી ગામના એક યુવાનને વાલની બિમારી હોવાથી તેને વહેલી સવારે જામજોધપુર થી રાજકોટની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી રહ્યો હતો. જેને તેજ ગામના હરેશ અરજણભાઈ કરચીયા નામના ઈક્કો કારના ચાલકે ઈકો કારમાં બેસાડી જામજોધપુરથી રાજકોટ જવા માટે નીકળ્યા હતા. તેમની સાથે રસિકભાઈ જીવણભાઈ કદાવલા, નારણભાઈ કરશનભાઈ સોમાત અને ટપુભાઈ કાનાભાઈ કારેણા વગેરે જોડાયા હતા. જે ઈકો કાર સોમવારે વહેલી સવારે સાડા પાંચેક વાગ્યાના અરસામાં સોયલ ટોલનાકા નજીક પહોંચતા ઊંડ નદીની કેનાલના પુલિયા ઉપર ડ્રાઈવરને ઝોકું આવી જતા ઈકો કાર પુલિયા પરથી નીચે ખાબકી હતી અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

જે દુર્ઘટનામાં ઈકો કારના ચાલક હરેશ અરજણભાઈ તેમજ રસિક નારણભાઈ કરશનભાઈ અને ટપુભાઈ કાનાભાઈ ચારેયના ગંભીર ઈજા થવાના કારણે ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યા હતા.

# રાજકોટ જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનની બિનહરિફ વરણી

રાજકોટઃ રાજકોટ જિલ્લા પંચાયતના કારોબારી ચેરપર્સનને અવિશ્વાસની દરખાસ્ત સામે રાજીનામું આપી દેવાની ફરજ પડયા બાદ ખાસ કારોબારીમાં ચેરમેનની ચૂંટણી યોજવામાં આવતા તેમાં કે.પી.પાદરિયા ચૂંટાઈ આવ્યા હતા. બાગીઓમાં બળવાખોરી કરીને કારોબારીનું જૂથ એક મંત્રીના છુપા આશીર્વાદ સાથે કારોબારી ચેરપર્સન રેખાબેન જીજ્ઞેશ પટોળીયાની સામે પડયું હતું અને અવિશ્વાસની દરખાસ્ત લાવ્યું હતું. આ દરખાસ્ત પસાર થાય તે પહેલા રેખાબેને રાજીનામું ધરી દીધું હતું. આજે કારોબારીની ચૂંટણી સમયે પણ રેખાબેન ગેરહાજર રહેતા આઠ સભ્યોએ ચૂંટણી યોજી હતી અને વજીબેન સાકરિયાના અધ્યક્ષસ્થાને યોજાએલી આ ચૂંટણીમાં નારણભાઈએ કે.પી. પાદરિયાના નામની દરખાસ્ત મુકતા તેને ચતુરભાઈ રાજપરાએ ટેકો આપ્યો હતો.

# બહેને કિડની આપી બિમાર ભાઈને મોતના મુખમાંથી ઉગારી લીધો

ગોંડલ : ગોંડલના ભગવતપરામાં રહેતા પીજીવીસીએલના કર્મચારી મનસુખભાઈ પાલાભાઈ પાતર (ઉંમર વર્ષ ૩૬) એકાએક નાદુરસ્ત થવા લાગતાં તેના મોટા બહેન ગીતાબેને અને પરિવારે ચિંતા વ્યક્ત કરી ભાઈને સારવાર લેવા જણાવ્યું હતું. દરમિયાન મનસુખભાઈની બંને કીડનીઓ સંકોચાતી હોવાનું બહાર આવતા પરિવાર પર મુશ્કેલીના વાદળો ઘેરાઈ ગયા હતા.

૨૧ વખત ડાયાલિસિસ કરાવવા છતાં પણ કોઈ પરિણામ હાથ ન આવતા આખરે ગીતાબહેને નાનાભાઈને કિડનીનું દાન કરી નવજીવન બક્ષ્યું છે.

હાલ બંને ભાઈ-બહેન અમદાવાદ ખાતે આવેલ સેલ્વી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. રક્ષાબંધનની રાખડી બંધાતી હોય કે બહેનના લગ્ન સમયે જવતલ હોમાતા હોય ત્યારે વહાલી બહેનને ભાઈઓ દ્વારા સુરક્ષાના વચનો અપાતા હોય છે ત્યારે ગોંડલની આ દીકરીએ ભાઈને કિડનીનું દાન કરી ભાઈની સુરક્ષા કરી સમાજને પ્રેરણા આપી છે. આ ઉપરાંત આજીવન ભાઈ અને માતા સાથે રહી ભાઈઓની મુશ્કેલીમાં હંમેશા ઢાલ બની આગળ રહેવાનું પણ જણાવ્યું છે

# કોર્ટમાં ગેરહાજર રહેતાં હાર્દિકને હવે રાહત નહીં

રાજકોટ : પાટીદાર અનામત આંદોલનમાં બની બેઠેલા નેતા હાર્દિક પટેલે પોતાની સામેના રાજદ્રોહના કેસમાં હાજર ન રહેવાના જુદા જુદા બહાના કાઢી સુનાવણીમાં ગેરહાજર રહી ટ્રાયલમાં રોડાં નાંખવાનો વધુ એક પ્રયાસ કર્યો હતો. પરંતુ બુધવારે સામાજિક કામે વ્યસ્ત હોવાનું કારણ આગળ ધરી મુદત લેવાનો તેનો આ ઈરાદો બર આવ્યો નહોતો. એડીશનલ સેશન્સ જજ બી.જે.ગણત્રાએ કેસની ગંભીરતા તથા આરોપી તરીકે હાર્દિકની ગેરહાજરીમાં ટ્રાયલ શરૂ કરવાના સરકારી વકીલના આગ્રહને ગ્રાહ્ય રાખી, આરોપીના વકીલની સહમતિથી બુધવારે આ કેસની ટ્રાયલ શરૂ કરી હતી. જેના આરંભે ગૃહવિભાગના ઉપસચિવ વિજયકુમાર બી.બધેકાની જુબાની લેવાઈ હતી. ટ્રાયલમાં વિલંબ થાય તેવા પ્રથમદર્શી ઈરાદે માત્ર હાર્દિક જ નહીં પણ દીનેશ બામણીયાએ પણ નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

# સુરતના દિશીત જરીવાલા હત્યા કેસમાં પત્ની વેલ્સી, પ્રેમી સુકેતુ, ડ્રાઈવર નિર્દોષ

**• ફરિયાદપક્ષ શંકારહિત પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ જતા કોર્ટે ત્રણેયને શંકાનો લાભ આપ્યો**

સુરત- ત્રણેક વર્ષ પહેલાં પાર્લે પોઈન્ટ વિસ્તારમાં દિશીત જરીવાલા હત્યા કેસમાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નીવડતાં એડીશ્નલ સેશન્સ જજ ડી.પી.ગોહીલે ત્રણેય આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

ચકચારી દિશીત જરીવાલા હત્યા કેસમાં ઉમરા પોલીસે ૧૦૮ પંચ સાક્ષીઓ સાથે ૧૫ પાનાનું ચાર્જશીટ રજુ કર્યું હતુ.

જો કે આરોપીઓ સામ ચાર્જફ્રેમની કાર્યવાહી બાદ ન્યાયિક કાર્યવાહીની અંતિમ સુનાવણી બાદ કોર્ટે પેન્ડીંગ રાખેલા ચુકાદો જાહેર કર્યો હતો. જો કે નજરે જોનાર સાક્ષીઓના અભાવે સાંયોગિક પુરાવા આધારિત કેસમાં મોટાભાગના પંચ સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર થયા હતા. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સુકેતુ મોદી તથા વેલ્સી જરીવાલા વચ્ચે પ્રેમસંબંધની હકીકત પણ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો. આરોપીઓને ઓળખપરેડમાં ઓળખી બતાવનાર મહત્વના સાક્ષી રૂપેશ મિશ્રાનું કોર્ટ સમક્ષ નિવેદન લેવામાં આવ્યું હોવા છતાં ફરી ગયેલો સાક્ષી જાહેર થયો હતો. મરનાર દિશીતના લોહીનું એ ગ્રુપ આરોપીઓના કપડા પરથી મળી આવ્યું નહોતું. જેથી કોર્ટે ત્રણેય આરોપીઓ વિરુદ્ધનો કેસ શંકા રહિત સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહ્યો હોવાનો નિર્દેશ આપ્યો હતો. આરોપીઓના બચાવપક્ષે કીરીટ પાનવાલા, રોહન પાનવાલા તથા સમીરા મલેકની રજૂઆતોને માન્ય રાખી કોર્ટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

# અમેરિકામાં વિઝા સાથે નોકરીના બહાને યુવતી પાસે ૪૫ લાખ ખંખેર્યા

ઓલપાડ : કામરેજના વલણ ગામે પટેલ ફળિયામાં રહેતા જયેશ ડાહ્યાભાઈ પટેલની પુત્રી હેતલ એમ.ફાર્મનો અભ્યાસ કરી વિદેશનાં વિઝા મેળવવા માટે પ્રયત્ન કરી રહી હતી. ત્યારે હેતલની માતાની મિત્ર દ્વારા જાણવા મળ્યું હતું કે પટેલ સમાજના વડોદરા ખાતે રહેતા મનિષ બિપીનચંદ્ર પટેલ વિદેશમાં નોકરી તેમજ વિઝા અપાવવાનું કામ કરે છે, જેથી હેતલની માતાએ મનિષનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ મનિષે આંગડિયા પેઢીમાં ૮.૫૦ લાખ મંગાવી આ રકમ કૃણાલ પ્રવીણ (રહે. કરઝણ, વડોદરા) એ સ્વીકાર્યા હતા. ત્યાર બાદ ગત તા.૦૫-૦૬-૨૦૧૮નાં રોજ ઉર્મિત નવનીત પટેલ (રહે. શિનોર,)એ ૫ લાખ સ્વીકાર્યા હતા, તેમજ મનિષે ફોન ઉપર ભરોસો આપી નાણાં મંગાવતો હતો. ત્યાર બાદ ૧૮-૦૮-૨૦૧૮નાં રોજ ડો.દેવેશ મનહર પટેલ (રહે, કરઝણ)એ ૫ લાખ લીધા હતા, ત્યાર બાદ મનિષે ૧૨.૫૦ હજાર મંગાવ્યા બાદ છેલ્લે કામરેજ ખાતે મીરા બંગ્લોઝમાં ૧૨ લાખ રોકડા લીધા હતા. આમ કુલ મળી ૪૫ લાખ હેતલની માતા નયનાબહેને ચૂકવી દીધા હતા. જો કે, વિઝા નહીં મળતા નયનાબહેને કામરેજ પોલીસ મથકે મનિષકુમાર બિપીનચંદ્ર પટેલ, કૃણાલ પ્રવીણ, ડો. દેવેશ મનહર પટેલ અને ઉર્મિત નવનીત પટેલ સામે ફરિયાદ કરી છે.

# સુરતમાં બાળમજુરી સામે મોટી કાર્યવાહી : ૧૨૦થી વધુ માસુમોને મુક્ત કરાવાયા

સુરત : રાજસ્થાનના ગ્રામ્ય અને શહેરી વિસ્તાર ઉપરાંત ઉદેપુર જિલ્લાના ગામડામાંથી ૧૦થી ૧૬ વર્ષના માસુમો પાસે મજુરી કરવામાં આવી રહી હોવાની બાતમીના આધારે અઠવાડિયા અગાઉ રાજસ્થાન પોલીસ ઉપરાંત રાજસ્થાન સ્ટેટ પ્રોટેકશન કમિશન ચાઈલ્ડ રાઈટ્સની ટીમ દ્વારા રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં સુરત અંગે માહિતી મળી હતી. દરમિયાન શનિવારે વ્હેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં રાજસ્થાન પોલીસ ઉપરાંત દિલ્હી સીબીઆઈની ટીમ, રાજસ્થાન સ્ટેટ પ્રોટેકશન કમિશન ચાઈલ્ડ રાઈટ્સની ટીમ અને બચપન બચાવો આંદોલનની ટીમે સુરતના પુણા વિસ્તારમાં સાતથી આઠ સોસાયટીમાં તપાસ હાથ ધરી અંદાજે ૧૨૫થી વધુ માસુમ બાળકોને મુક્ત કરાવ્યા હતા.

# સુરતના હદ વિસ્તરણ મુદ્દે ગામડાના લોકો પણ હવે સામ-સામે આવી ગયા

**• ભાજપ નેતાઓની આંતરિક જુથબંધીથી લોકોમાં પણ ખટરાગ**

સુરત : સુરતમાં જોડાવવા માટે ગામના ચુંટાયેલા પ્રતિનિધિઓ સાથે સંકળાયેલા લોકો સુરતમાં નહીં સમાવવા માટે બેઠક કરી રહ્યાં છે, તો કેટલીક સોસાયટીના લોકો અને બનેલી સમિતિ દ્વારા કામરેજના ગામડાંઓને સુરતમાં જોડાવવા માટે તરફેણમાં સમર્થન કરી રહ્યા હોવાથી સ્થિતિ તંગ થઈ રહી છે. સુરત શહેર-જિલ્લા ભાજપના નેતાઓની આંતરિક જુથબંધી હદ વિસ્તરણના મુદ્દે ખુલીને બહાર આવી ગઈ છે. હદ વિસ્તરણ થાય તો અનેક જિલ્લાના નેતાઓનું રાજકારણ પુરૂ થઈ જાય તેમ હોવાથી જિલ્લા ભાજપના નેતાઓ સુરતના હદ વિસ્તરણ મુદ્દે મરણિયા બની ગયાં છે. પાસોદરા અને કઠોદરાના ગ્રામ પંચાયતના ચુંટાયેલા પ્રતિનિધિઓ પોતાના ગામડાને મ્યુનિ.માં નહીં સમાવવા માટે લોકોનો ઉપયોગ કરી રહ્યાં છે. તેની સાથે જોડાયેલા લોકોએ પોતાના ગામ સુરતમાં નહીં સમાવવામા આવે તે માટે બેઠક કરીને પ્રદર્શન પણ કરી રહ્યાં છે. તો બીજી તરફ હદ વિસ્તરણના મુદ્દે કામરેજ તાલુકાના ગામડાઓની અનેક સોસાયટીના લોકોની બનેલી નાગરિક એકતા સમિતિ દ્વારા વેલંજા ચોકડી ખાતે સભા કરીને તેમાં ગામડાંઓનો સમાવેશ થાય તે બેઠક કરીને રાજ્ય સરકારમાં રજુઆત કરવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. આમ હવે કામરેજ તાલુકાના વિવિધ ગાંમડાંઓમાં હદ વિસ્તરણની તરફેણ અને વિરોધમાં દેખાવો શરૂ કરી દેવામાં આવ્યા છે.

# વિજલપોર નગરપાલિકાની સામાન્ય સભામાં ઉપપ્રમુખે પ્રમુખને તમાચા માર્યા

સુરતઃ શુક્રવારે વિજલપોર પાલિકાની ખાસ સામાન્ય સભા પાલિકાઓનાં વિલીનીકરણનાં એકમાત્ર કામ માટે મળી હતી. આ સામાન્ય સભામાં વિપક્ષનાં સભ્યને ચર્ચા કરવા ન દેવાનાં મુદ્દે પાલિકાનાં પ્રમુખ જગદીશ મોદીને ઉપપ્રમુખ અને અસંતુષ્ટ જૂથનાં નેતા સંતોષ પુડકરે તમાચા મારી દેતા સામાન્ય સભામાં ઉપસ્થિત તમામ લોકો સ્તબ્ધ થઈ ગયા હતાં. આ મુદ્દે પાલિકા પ્રમુખ જગદીશ મોદીએ જલાલપોર પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી શુક્રવારે રાત્રે જ સંતોષની ધરપકડ કરી હતી. શનિવારે મોડી સાંજે તેમને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરતાં તેમનો જામીન પર છૂટકારો થયો હતો. કલમ ૧૫૧ મુજબ તરત જ તેમની ધરપકડ કરતાં શનિવારે રાત્રે પણ તેમને જલાલપોર પોલીસ મથકનાં લોકઅપમાં રહેવું પડયું હતું.


SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CANADA IMMIGRATION

EXPRESS ENTRY

Free Canadian Assessment

CANADA IMMIGRATION



AMI MEHTA
(SINP Authorized Rep)

SPOT EXPRESS ENTRY PR/PNP'S/STUDENT VISA ASSESSMENT - BY AMI MEHTA

RCIC Regulated Canadian Immigration Consultant RCIC : R516828

Visit us with All your Documents at

Baroda Branch Availability Until 7 Jan-2020

VADODARA OFFICE : 2/A Wagheshwary Soc, Beside Kotak Bank, Vip Road Karelbaug.
Call on : +919428973911, +919512157817, +917874958758, Canada Call On : +1 416 745 2466

E-mail : info@siis.ca web : www.siis.ca

CANADA OFFICE : 94 - 499 Main Street South Brampton Ontario, CANADA



# ॥ સંસ્કૃતિ ॥




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


**ઇન્ટરનેટ શટડાઉન**

## ઇન્ટરનેટની સુવિધા બંધ કરવાને મામલે દુનિયાભરમાં ભારતનો નંબર પહેલો

# અભિવ્યક્તિની આઝાદી પર અંકુશનો પ્રયાસ?

**ઓફ બીટ**
**ધવલ શુક્લ**

છેલ્લાં એક દાયકામાં ભારતમાં ઈન્ટરનેટનું બજાર સૌથી તેજીથી વિસ્તર્યું છે. આ જ સમયગાળામાં ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં એનરોઈડ મોબાઈલ ફોનનો ઉપયોગ પણ વધ્યો છે. ચાઈના, જાપાન સહિત ખુદ ભારતની કંપનીઓ પણ મોબાઈલ ફોન બનાવતી થઈ ગઈ છે. વળી, નજીવી કિંમતમાં મોબાઈલ ફોનમાં પણ ઈન્ટરનેટ મળી જાય છે. એટલે છેલ્લાં દાયકામાં આખા વિશ્વમાં ઈન્ટરનેટનો ઉપયોગ વધ્યો છે.

પરંતુ આ સાથે જ હવે તેનું નકારાત્મક પાસું પણ બહાર આવ્યું છે. જેમાં ઈન્ટરનેટ શટડાઉનના કિસ્સાઓ વધી ચૂક્યા છે. આ મામલે પણ ભારતનો નંબર પહેલો છે. આમ તો દુનિયાના અનેક દેશોમાં સરકારે કોઈકને કોઈક કારણોસર ઈન્ટરનેટ બંધ કરાવવાના કિસ્સાઓ નોંધાયા છે. એકલા ભારતમાં વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ દરમિયાન ઈન્ટરનેટ બંધ રહેવાના કારણે ત્રણ અબજ ડોલરનું નુકસાન થયાનો અંદાજ છે. ઈન્ટરનેટ ઠપ્પ થઈ જતાં સામાન્ય લોકો ઉપરાંત ઓનલાઈન વેપાર કરતા અને ઓનલાઈન સુવિધાઓનો લાભ ઉઠાવતા ગ્રાહકો પણ પરેશાન થાય છે. સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ સરકારને પત્ર લખીને છાશવારે ઈન્ટરનેટ બંધ કરી દેવા અંગે ફરિયાદ કરી છે કે, ઈન્ટરનેટ બંધ થવાથી તેમને પ્રતિ કલાક બે કરોડ ૪૫ લાખ રૂપિયાનું નુકસાન થાય છે. તાજેતરમાં જ ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન્સના રિપોર્ટ અનુસાર જાન્યુઆરી, ૨૦૧૨થી લઈને ૨૦૧૯ સુધી ભારતમાં કેન્દ્ર સરકારે અથવા તો રાજ્ય સરકારોએ કોઈ ને કોઈ કારણોસર ૩૬૭ વખત ઈન્ટરનેટ બંધ કરી દીધું હતુ.

એમાંયે આ વર્ષે ૨૦ ડિસેમ્બર સુધી જુદાં જુદાં કારણોસર ૯૫ વખત ઈન્ટરનેટ બંધ કરાયું. જેમાં ૬૦ વખત ૨૪ કલાકથી ઓછા સમય માટે તો ૫૫ વખત ૨૪થી ૭૨ કલાક જેટલા સમય માટે અને ૩૯ વખત ૭૨ કલાકથી વધારે સમય માટે ઈન્ટરનેટ બંધ રહ્યું હતુ. વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ દરમિયાન કુલ મળીને ૧૬ હજાર કલાક ઈન્ટરનેટ બંધ રહ્યું હતુ. રાજ્યોની વાત કરીએ તો પાંચ ઓગસ્ટ ૨૦૧૯ પહેલાં સૌથી વધારે ૧૮૦ વખત જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ બંધ રહ્યું હતુ. જો કે, આ સમયગાળામાં જમ્મુ કાશ્મીરમાં ઈન્ટરનેટ બંધ કરવા સરકાર માટે અનિવાર્ય પણ હતુ. પાંચ ઓગસ્ટથી લઈને આજ દિન સુધી કાશ્મીરમાં ઈન્ટરનેટ બંધ છે. ૨૭ ડિસેમ્બરે કારગિલમાં ઈન્ટરનેટ ચાલુ થયું છે. વર્ષ ૨૦૧૬માં આતંકવાદી બુરહાન વાની માર્યો ગયો એ પછી વ્યાપેલી અશાંત પરિસ્થિતિ દરમિયાન ચાર મહિના સુધી કાશ્મીરમાં ઈન્ટરનેટ બંધ રહ્યું હતું.

કાશ્મીરમાં ઈન્ટરનેટ બંધ કરવા માટે સરકારની દલીલ હતી કે પથ્થરબાજી કરવા માટે અથવા તો આંતકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે ઈન્ટરનેટનો દુરુપયોગ થાય છે. સામાન્ય પરિસ્થિતિમાં ઈન્ટરનેટ સામાન્ય રીતે ચાલતું રહે છે પરંતુ જ્યારે સરકારને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની આશંકા જાય છે ત્યારે ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવે છે. હાલ પણ ભારતમાં નાગરિકતા કાયદામાં થયેલા સંશોધનના વિરોધમાં દેશભરમાં પ્રદર્શનો યોજાઈ રહ્યાં છે. ત્યારે સુરક્ષાત્મક ઉપાય તરીકે સરકારે ઘણી વખત દેશના અનેક હિસ્સાઓમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દીધી છે.

આમ તો દુનિયાભરના દેશોની સરકારોએ પોતાની વિરુદ્ધ ઉઠેલાં આંદોલનોમાં સોશિયલ મીડિયાનો પ્રભાવને નિહાળ્યો છે. આ જોતાં ઈન્ટરનેટ પર નિયંત્રણ મૂકવાની અથવા તો એની મર્યાદા નક્કી કરવાનું પણ અનેક દેશોની સરકારોએ શરૂ કરી દીધું છે. મોટાભાગે આવી સેન્સરશીપને એમ કહીને યોગ્ય ઠરાવવામાં આવે છે કે, રાષ્ટ્રીય સુરક્ષા અથવા આતંકવાદ સામે લડવા માટે આમ કરવું જરૂરી છે. પરંતુ મોટેભાગે તો સરકાર તેને પસંદ ન હોય અથવા તો તે અસહમત હોય એવી સામગ્રીને સેન્સર કરવા માટે પણ આ પ્રકારનું પગલુ ભરતી હોય છે. એવા સવાલ પણ થાય છે કે આજના ડિજિટલ યુગમાં લોકોને ઈન્ટરેનેટના ઉપયોગ કરવાથી અને ઓનલાઈન વિચારોની અભિવ્યક્તિ કરવાની સ્વતંત્રતાથી વંચિત રાખવા યોગ્ય છે કે કેમ ? યૂ.એન.એ તો છેક ૨૦૧૧માં લોકોને ઈન્ટરનેટના ઉપયોગથી વંચિત રાખવાને માનવાધિકારોનું ઉલ્લંઘન અને આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ ગણાવ્યા હતાં.

યૂ.એન. અનુસાર ઈન્ટરનેટ સુધીની પહોંચ તમામ માનવીઓનો અધિકાર છે અને કોઈ પણ રાષ્ટ્રએ પોતાના નાગરિકો ઈન્ટરનેટના ઉપયોગથી વંચિત રહે એવા કોઈ નિયમ ન બનાવવા જોઈએ. ત્યારે તમામ દેશોએ ઈન્ટરનેટની સુવિધા બેરોકટોક ઉપલબ્ધ કરાવવા પર ધ્યાન આપવું જોઈએ. આ વિચારને આગળ વધારતા યૂ.એન.ની માનવાધિકાર પરિષદના સભ્ય તમામ ૪૭ દેશોએ પાંચ જુલાઈ, ૨૦૧૨ના રોજ એક પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યાં હતા. આ પ્રસ્તાવમાં નોંધ્યું છે કે, લોકોને ઈન્ટરનેટ સાથે જોડાવા માટે અને સ્વતંત્ર રીતે વિચારોની અભિવ્યક્તિની ગેરંટી આપવી જોઈએ. કેટલાંક દેશોમાં તો ઈન્ટરનેટના ઉપયોગને કાનૂની અધિકારના રૂપમાં માન્યતા મળેલી છે. ૨૦૧૦માં ફિનલેન્ડ પોતાના નાગરિકોને બ્રોડબેન્ડ ઈન્ટરનેટના ઉપયોગને કાનૂની અધિકાર આપનારો પહેલો દેશ બન્યો હતો. ૨૦૧૧માં સ્પેને પણ પોતાના ઈન્ટરનેટને કાનૂની અધિકાર બનાવ્યો હતો. ભારતમાં પણ આ જ વર્ષે કેરળ હાઈકોર્ટે ઈન્ટરનેટના અધિકારને શિક્ષણના મૌલિક અધિકારના એક ભાગ તરીકે અને અનુચ્છેદ ૨૧ અંતર્ગત પ્રાઈવસીના અધિકાર અંતર્ગત માન્યો છે. ભારતમાં જોકે ઈન્ટરનેટ શટડાઉન માટે અમુક નિયમો અમલમાં મુકાયા છે. ૨૦૧૭માં ટેમ્પરરી સસ્પેન્શન ઓફ ટેલિકોમ સર્વિસીઝ પબ્લીક ઈમરજન્સી કે પબ્લીક સેફ્ટી રૂલ્સમાં આ નિયમો બનાવાયા હતા.

જે મુજબ સ્થિતિને જોતાં કેન્દ્ર અથવા તો રાજ્ય સરકારના ગૃહ સચિવ ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ આપી શકે છે. આ આદેશને પોલીસ અધિક્ષક અથવા તો એનાથી ઉપરની રેન્કના અધિકારીને મોકલવામાં આવે છે. આ અધિકારી જે-તે વિસ્તારના ઈન્ટરનેટ બંધ કરવાનો આદેશ સર્વિસ પ્રોવાઈડરને આપે છે. આ આદેશને બીજા દિવસે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની રિવ્યૂ પેનલને મોકલવાનો હોય છે. ઈન્ટરનેટ કેવી રીતે બંધ કરવામાં આવે છે એ સમજવું હોય તો વાઈફાઈને સમજવું જરૂરી છે. જેમ વાઈફાઈ માટે રાઉટરની જરૂર પડે છે એમ મોબાઈલ ફોનમાં ચાલતા ઈન્ટરનેટ માટે પણ રાઉટર જરૂરી છે. આ રાઉટરનું કામ મોબાઈલ ટાવર કરે છે. ઠેર-ઠેર ઊભા કરાયેલા મોબાઈલ ટાવર રાઉટર તરીકે કામ કરે છે. જો રાઉટર બંધ કરી દેવામાં આવે તો વાઈફાઈ બંધ થઈ જાય એમ વાઈફાઈ સર્વિસ પ્રોવાઈડર કંપની પોતાની સર્વિસ બંધ કરી દે તો ઈન્ટરનેટ બંધ થઈ જાય.

જે રીતે વાઈફાઈના સર્વિસ પ્રોવાઈડર હોય એમ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર હોય છે. મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ આઈએસપી હોય છે. સરકાર જાતે તો ઈન્ટરનેટ બંધ કરી શકે નહીં, એટલા માટે તે સર્વિસ પ્રોવાઈડર કંપનીઓને ઈન્ટરનેટ બંધ કરવાનો આદેશ આપે છે. માહિતીના આદાનપ્રદાન, સંચાર, વેપાર, શિક્ષણ, મનોરંજનની સાથે સાથે રોજબરોજની ગતિવિધિઓ પર નજર રાખવા માટે ઈન્ટરનેટનો વપરાશ વધી રહ્યો છે. ત્યારે ઈન્ટરનેટ બંધ કરવાનો નિર્ણય પણ સરકાર માટે આગામી દિવસોમાં વધુ મુશ્કેલી ઉભી કરશે તે ચોક્કસ છે.



દુનિયાભરના દેશોની સરકારોએ પોતાની વિરુદ્ધ ઉઠેલાં આંદોલનોમાં સોશિયલ મીડિયાનો પ્રભાવ જોયો છે અને તેથી જ અનુકુળતાએ ઇન્ટરનેટ પર નિયંત્રણ મૂકવા અથવા તો એની મર્યાદા નક્કી કરવાનું શરૂ કરી દીધું છે

## 'મહાભારત' માટે રિતિક રોશનનો સંપર્ક કરાયો



મુંબઈ : દિપિકા હાલમાં તેના પતિ અને અભિનેતા રણવીર સિંહ સાથે પણ એક ફિલ્મમાં કામ કરી રહી છે. જે કપિલ દેવની લાઈફ પર આધારિત ફિલ્મ છે. હવે તે રિતિક રોશનની સાથે નવી ફિલ્મ કરવા જઈ રહી છે. જેમાં તે દ્રોપદીની ભૂમિકા અદા કરી શકે છે. છપાક જલદી જ રિલીઝ થવાની છે. આ બાદ દીપિકા 'મહાભારત' પર કામ શરૂ કરે તેવી શકયતા છે. આ ફિલ્મ માટે કૃષ્ણના પાત્ર માટે હૃતિક રોશનના નામનો વિચાર થઈ રહ્યો છે. હૃતિક અને મધુ મન્ટેનાના સંબંધો સારા હોવાથી સહુને આશા છે કે, હૃતિક આ ફિલ્મમાં કૃષ્ણનું પાત્ર ભજવવા રાજી થશે. આ રોલ કોઈ પણ અભિનેતા માટે મહત્ત્વનો ગણાશે. એવામાં પ્રયાસ થઈ રહ્યા છે કે, હૃતિકને આ ફિલ્મનો હિસ્સો બનાવામાં આવે. દીપિકા આ ફિલ્મમાં ફક્ત એકટિંગ જ નહીં પરંતુ નિર્માત્રી પણ હશે.

## ડાન્સ શીખવામાં સમય વિતાવી રહી છે અમાયરા



મુંબઈ : અભિનેત્રી અમાયરા દસ્તૂર ફિલ્મોમાં પોતાના દમદાર પાત્રોની સાથોસાથ ફેશ સેન્સ માટે પણ જાણીતી છે. સોશિયલ મિડીયા પર અમાયરા દસ્તુરના ચાહકોની સંખ્યા સોશિયલ મિડીયા પર અસંખ્ય ચાહકો છે. જો કે હાલમાં ફિલ્મથી દૂર અમાયરા ડાન્સ કલાસમાં સમય વિતાવી રહી છે. તાજેતરમાં તે ડાન્સ કલાસ અકિલા બહાર એકદમ સ્ટનીંગ લૂકમાં જોવા મળી હતી. જેમાં તે બ્લેક ક્રોપ ટોપ અને બ્લેક જેગિન્ગમાં જોવા મળી હતી. સાથે સ્પોર્ટસ શૂઝ અને બેગ પણ હતાં. ગોગલ્સ અને ખુલ્લા વાળ તેના લૂકને વધુ આકર્ષક બનાવી રહ્યા હતાં. તેણે મિડીયા સામે સ્માઈલ સાથે પોઝ આપ્યા હતાં. અમાયરા છેલ્લે મેડ ઈન ચાઈના નામની ફિલ્મમાં જોવા મળી હતી. જેમાં રાજકુમાર રાવ અને મૌની રોય મુખ્ય ભુમિકામાં હતાં. હાલમાં અમાયરા પાસે કોઈ નવો પ્રોજેકટ હાથવગો નથી. જો કે તે જજમેન્ટલ હૈ કયા ફિલ્મમાં ખાસ રોલમાં જોવા મળશે. હિન્દી ઉપરાંત સાઉથની ફિલ્મમાં અમાયરા મોટુ નામ ગણાય છે. ત્યાંની અનેક સુપરહિટ ફિલ્મો તે કરી ચુકી છે.



## હું પૈસા કમાવવા નિર્માત્રી નથી બની: દીપિકા પાદુકોણ

મુંબઈ : બોલીવુડ અભિનેત્રી દિપીકા પદુકોણે છપાક ફિલ્મમાં અભિનય સાથે ફિલ્મની નિર્માત્રી તરીકેની પણ ભૂમિકા અદા કરી છે. અભિનેત્રીએ 'છપાક'માં નિર્માત્રીની ભૂમિકા અદા કરીને પોતાની કારકિર્દીમાં એક વધુ છોગું ઉમેર્યું છે. પરંતુ આ અદાકારા કહે છે કે મેં પૈસા કમાવવા નિર્માણ ક્ષેત્રે નથી ઝંપલાવ્યું. ખરૂં કહું તો હું આ સર્જનાત્મક ફિલ્મમાં સર્જનાત્મક ફાળો આપવા માગતી હતી. અને ભવિષ્યમાં પણ જ્યારે આવી તક મળશે ત્યારે જ હું નિર્માણ ક્ષેત્રે હાથ અજમાવીશ. અત્રે ઉલ્લેખનીય છે કે મેઘના ગુલઝારના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ 'છપાક' એક જાણીતી એસિડ પીડિતાની જીવનકહાણી છે. તેણે એક યુવક સાથે વિવાહ કરવાની ના પાડતાં તે યુવકે તેના ચહેરા પર એસિડ ફેંકીને તેનો ચહેરો કદરૂપો બનાવી દીધો હતો. ત્યાર પછી તેની સંઘર્ષગાથા શરૂ થઈ હતી. અભિનેત્રી કહે છે કે આજના સમયમાં અદાકારાઓ પણ અન્ય ક્ષેત્રોમાં પ્રવેશીને સર્જનાત્મકતામાં ફાળો આપી રહી છે. દીપિકાએ વધુમાં કહ્યું હતું કે હું એક અદાકારા તરીકે પણ ખુશ હતી અને હજી પણ છું. પરંતુ મને એમ લાગે છે કે અભિનય સિવાયના સર્જનાત્મક ક્ષેત્રોમાં ભાગ લેવાનો આ સુવર્ણકાળ છે. ચાહે તે મેકઅપ હોય, વસ્ત્રસજ્જા હોય, કેશસજ્જા હોય કે ફિલ્મ નિર્માણનું અન્ય કોઈ ક્ષેત્ર. અલબત્ત, હવે લોકો વિવિધ ક્ષેત્રે એકસાથે કામ કરી રહ્યાં છે તેનું કારણ છે અન્ય ક્ષેત્રોમાં કામની માગ. આમ છતાં હું એટલું ચોક્કસ કહીશ કે 'ઓમ શાંતિ ઓમ'માં અભિનેત્રી તરીકે કામ કરવાની મઝા જ કાંઈક ઓર હતી.



## ફિલ્મોના સેટ પરથી અભિનય શીખી છું

મુંબઈ : બોલીવુડ અભિનેત્રી સોનાક્ષી સિન્હાએ એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે, વિતી રહેલુ વર્ષ ૨૦૧૯ તના માટે ખુબ સંતોષજનક અને પરિપૂર્ણ રહ્યું છે. સોનાક્ષીની કલકં, ખાનદાની શફાખાના, મિશન મંગલ, દબંગ-૩ રિલીઝ થઈ છે. આ ચારેય ફિલ્મોના વિષયો અલગ હતાં. મિશન મંગલ સિવાયની ફિલ્મોને વિવેચકો અને દર્શકોએ ખાસ પસંદ કરી નથી. આમ છતાં સોનાક્ષી કહે છે કે આ વર્ષનો અંત સારો થયો છે. હું નસિબદાર છું કે મને ચાર જુદી-જુદી ફિલ્મોમાં મહત્વના રોલ મળ્યા. એક કલાકાર તરીકે હું ખુબ સંતોષ અનુભવી રહી છું અને આ વર્ષ મારા માટે પરિપૂર્ણ રહ્યું છે. દબંગ-૩ને મિશ્ર પ્રતિભાવો મળ્યા છે, આમ છતાં સો કરોડથી વધુની કમાણી કરી લીધી છે. ત્યારે સોનાક્ષી આ ફિલ્મથી પણ ખુશ છે. સોનાક્ષીએ અભિનયની કોઈ તાલિમ લીધી નથી. તે કહે છે હું જે કંઈ શીખી છું તે ફિલ્મના સેટ પર આવીને શીખી છું. મેં કોઈ વર્કશોપ કે અભિનયની તાલિમ પણ લીધી નથી. મને ફકત એવું કહેવાયું હતું કે તારે દબંગમાં કામ કરવાનું છે. હું સલમાન ખાન પાસેથી અને જે લોકો સાથે કામ કર્યુ એ બધા પાસેથી કંઈ ને કંઈ શીખ્યું છે.



## લાલ સિંહ ચઢ્ઢા માટે કરીના કપૂર અને ખાને પ્રથમ વખત ઑડિશન આપ્યું

મુંબઈ : લાલ સિંહ ચડ્ડા એકમાત્ર ફિલ્મ છે જેના માટે અભિનેત્રી કરીના કપૂરે પ્રથમ વખત ઑડિશન આપ્યુ. બોલિવૂડ અભિનેત્રી કરીના કપૂરનું કહેવું છે કે તેણે ખાલી પોતાના સહ અભિનેતા આમિર ખાન માટે આ સ્ક્રીનિંગ પ્રક્રિયાની પસાર થવાનું નક્કી કર્યું. "લાલ સિંહ ચડ્ડા" ૧૯૯૪માં આવેલી ટૉમ હૅંક્સની ફિલ્મ "ફોરેસ્ટ ગંપ"ની અધિકૃત રિમેક છે. જેનું નિર્દેશન અદ્વૈત ચંદને કરી રહ્યા છે. અને આ ફિલ્મમાં આમિર ખાન મુખ્ય પાત્ર ભજવી રહ્યા છે. કરીના કપૂરે જણાવ્યું કે લાલ સિંહ ચડ્ડા સંભવત મારા કેરિયરની એકમાત્ર એવી ફિલ્મ છે જે માટે મારે ઓડિશન આપવું પડ્યું, મેં આમિર સિવાય કોઈના માટે કે કોઈ પણ ફિલ્મ માટે આવું નથી કર્યું. કરીનાએ કહ્યું કે ફિલ્મ થ્રી ઈડિયટ માં અભિનેતા આમિર ખાન સાથે કામ કરવું અવિશ્વસનીય અનુભવ હતો અને આજ કારણે મેં આ ફિલ્મ માટે ઓડિશન આપવા હા પાડી. વધુમાં કરીનાએ કહ્યું કે આમિરને ભારતમાં સિનેમા જગત વિષે સૌથી સારી સમજ છે. અને તે આવા સમર્પિત અદાકારની સાથે ફિલ્મ કરીને ગર્વ અનુભવે છે. કરીનાએ કહ્યું કે તે આમિરના કેરિયરને ૧૯૮૯માં આવેલી તેમની ફિલ્મ રાખથી જોઈ રહી છે. તે તેમની મોટી પ્રશંસક છે. કરીના છેલ્લે ફિલ્મ ગૂડ ન્યૂઝમાં તે અક્ષય કુમાર, દિલજીત દોસાંઝ અને કિયારા અડવાણી સાથે નજરે પડી હતી.

SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH

♦ Life Insurance
♦ Mortgage Insurance
♦ Disability Insurance
♦ Critical Illness Insurance
♦ Visitors to Canada Insurance
♦ RRSP ( Retirement Plan)
♦ TFSA
♦ RESP ( Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)
HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
" We help you secure your future"

Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# ઓસ્ટ્રેલિયામાં દાવાનળ, ૫ શહેરને ખાલી કરાવાયા



ઓક્ટોબર મહિનાથી ઓસ્ટ્રેલિયાના જંગલોમાં આગ ફાટી નીકળી છે અને એના કારણે ૩૪,૦૦૦ વર્ગ કિલોમીટરની જમીન બરબાદ થઈ છે. આશરે ૧,૦૦૦ મકાન આગમાં સ્વાહા થયાં છે અને ગત ત્રણ દિવસોમાં વિક્ટોરિયા, ન્યૂ સાઉથ વેલ્સ પ્રાંત અને ઈસ્ટ ગિપ્સલેન્ડમાં દરિયા કિનારાના શહેરોની પાસે આવેલા જંગલોમાં ભયાનક આગ લાગી છે અને એના કારણે લોકોને ભારે હાલાકી થઈ છે. આગમાં આશરે ૪,૦૦૦થી વધારે ટૂરિસ્ટો અને સ્થાનિક રહેવાસીઓ ફસાઈ ગયાં છે. વિક્ટોરિયા પ્રાંતના મલ્લાકૂટા શહેરમાં ૪,૦૦૦ લોકો આગમાં ફસાયા છે અને એમને બચાવી લેવા માટે આર્મી અને નેવીની મદદ લેવાઈ રહી છે. ગુરૂવારે ઓસ્ટ્રેલિયામાં દાવાનળને કારણે પાંચ શહેર ખાલી કરાવાયા હતા.

## ચીને યુએસથી ૧૬ હજાર વૈજ્ઞાનિકોને સ્વદેશ બોલાવ્યા, વિજ્ઞાનમાં દબદબો સ્થાપવાનો ઉદ્દેશ

બેઈજિંગ : દુનિયાની મહાશક્તિ બનવાની રેસમાં સામેલ ચીનની નજર હવે વિજ્ઞાનના ક્ષેત્રમાં દબદબો સ્થાપિત કરવા પર છે. અમેરિકાની ઓહિયો યુનિવર્સિટીની એક શોધમાં એવો ખુલાસો થયો છે કે ચીને ૧૬ હજાર કરતાં પણ વધારે વૈજ્ઞાનિકોને તેના દેશ બોલાવી લીધા છે. ૨૦૧૭ની સાલમાં ફક્ત ૪,૫૦૦ વૈજ્ઞાનિકો ચીન પાછા આવ્યા હતા. ચીન પોતાના દેશને વિજ્ઞાનનાં ક્ષેત્રમાં વધારે શક્તિશાળી બનાવવા માગતો હોવાથી વૈજ્ઞાનિકોને પાછા બોલાવી લીધા હોવાનો પણ ખુલાસો થયો છે. ચીની સરકારના આદેશ બાદ વૈજ્ઞાનિકો સ્વદેશ પરત ફરવા લાગ્યા છે.૨૦૧૭માં ૪,૫૦૦ ચીની વૈજ્ઞાનિકો અમેરિકા છોડીને સ્વદેશ આવ્યા હતા. આ સંખ્યા ૨૦૧૦ની તુલનામાં બમણી છે.

ચીન વિદેશોમાંથી આવી રહેલા તેના વૈજ્ઞાનિકોને મોટા પ્રોજેક્ટમાં સામેલ કરી રહ્યો છે સાથે ઈન્ટરનેશનલ કૉંડિનેશન હેઠળ ઘણી વૈજ્ઞાનિક યોજનાઓ ચલાવી રહ્યો છે જેનો ફાયદો ચીની વૈજ્ઞાનિકોને મળી રહ્યો છે. સાથે સાથે ચીન વૈજ્ઞાનિકોને સારી સુવિધાઓ પણ આપી રહ્યો છે. એશિયામાંથી અમેરિકામાં ઠરીઠામ થનાર વૈજ્ઞાનિક અને એન્જિનિયરોની સંખ્યા ઘણી વધારે છે. ત્યાં કામ કરી રહેલા ૨૯.૬૦ લાખ એશિયાઈ વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોમાંથી ૯.૫૦ લાખ ભારતીય છે. ઓહિયો યુનિવર્સિટીના પ્રોફેસર કેરોલિન વેગનરે જણાવ્યું કે ચીનના વૈજ્ઞાનિકોનું પલાયન ચિંતાનો વિષય છે. તેને રોકવું પડશે નહીં તો અમેરિકી વિજ્ઞાન પર મોટી અસર પડશે. ચીનના વૈજ્ઞાનિકો અનેક ક્ષેત્રોમાં મહારથી છે.

## બગદાદીના સ્થાને અબુ ઇબ્રાહિમ અલ કુરૈશી ISISનો વડો બન્યો

ઈરાક : આઈએસઆઈએસનો વડો અબુ બકર બગદાદી અમેરિકી લશ્કરના ઓપરેશનમાં ઠાર થતાં આઈએસઆઈએસના વડા તરીકેની ધુરા અન્ય ખતરનાક આતંકવાદી અબુ ઈબ્રાહિમ અલ કુરૈશીએ સંભાળી લીધી હતી. બગદાદી મરાઈ જતાં આઈએસઆઈએસ ખતમ થઈ જશે એવી ધારણા ખોટી પડી હતી અને આઈએસઆઈએસ સક્રિય રહ્યું હતું. માત્ર બગદાદીના સ્થાને અબુ ઈબ્રાહિમ અલ કુરૈશી આઈએસઆઈએસનો વડો બન્યો હતો. ફોરેન અફેર્સ મેગેઝિનમાં પ્રગટ થયેલા એક લેખમાં જણાવાયા મુજબ બગદાદી મરવાથી આઈએસઆઈએસ નબળું પડ્યું છે પરંતુ સાવ ખતમ થયું નથી. ૨૦૧૯ના માર્ચમાં પૂર્વી સિરિયાના બાગુજ શહેર પર અમેરિકાના સમર્થનવાળી કુર્દ અને આરબ સેનાએ કબજો મેળવી લીધો હતો. બાગુજ શહેર આઈએસઆઈએસનો ગઢ ગણાતું હતું. ત્યારબાદ સાત મહિના પછી અમેરિકી સેના સાથે અથડામણ થઈ ત્યારે પોતે ઊગરી શકે એમ નથી એવું લાગતાં બગદાદીએ પોતાની જાતને ગોળી મારીને ઠાર કરી હતી.

**બિઝનેસ કોર્નર**

## ઉત્પાદન ક્ષેત્રનો PMI વધ્યો પરંતુ એક વર્ષ માટેનો બિઝનેસ આશાવાદ

મુંબઈ : સમાપ્ત થયેલા ડીસેમ્બર મહિનામાં દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં સાત મહિનાની ઊંચી સપાટીએ વધારો જોવા મળ્યો છે. નવા ઓર્ડરમાં થયેલી વૃદ્ધિને કારણે કંપનીઓએ ઉત્પાદનમાં વધારો કર્યો છે એમ એક ખાનગી સર્વેમાં જણાવાયું છે. જો કે આની સામે બિઝનેસ ઓપ્ટિમિઝમ (આશાવાદ) ઘટીને લગભગ ત્રણ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. જે રોજગારનું ચિત્ર નબળું રહેવાના સંકેત આપે છે.

પડકારરૂપ બજાર સ્થિતિઓને લઈને કંપનીઓ ચિંતીત છે. આઈએચએસ માર્કિટ દ્વારા એકત્રિત કરાયેલા નિક્કી મેન્યુફેકચરિંગ પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ જે નવેમ્બરમાં ૫૧.૨૦ પોઈન્ટ રહ્યો હતો તે ડીસેમ્બરમાં વધીને ૫૨.૭૦ સાથે સાત મહિનાની ટોચે રહ્યો છે. મે ૨૦૧૯ બાદ સૌથી ઊંચો છે. ૫૦ પોઈન્ટથી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે જ્યારે તેનાથી નીચેના પોઈન્ટને સંકોચન કહેવાય છે. ડીસેમ્બરમાં સતત ૨૯માં મહિને ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ ૫૦ની ઉપર રહ્યો છે. ઓકટોબરમાં જોવાયેલા ચિંતાજનક પરિણામોને ધ્યાનમાં રાખતા પીએમઆઈમાં વધારો નીતિવિષયકો માટે રાહતરૂપ બની રહેશે, એમ આઈએચએસ માર્કિટ ખાતેના અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું. માગમાં વધારા અને મે બાદ ઉત્પાદનમાં થયેલા સૌથી વધુ વધારાનો ફેકટરીઓને લાભ મળી રહેશે.

## સોનામાં રૂપિયા ૯૬નો સુધારો થયો

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડોલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ તરફી વલણ રહ્યું હોવાના નિર્દેશે વૈશ્વિક સોનાના ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. જેમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫ વધી આવ્યા હતા અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૬નો સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિકમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯,૦૦૦ની સપાટી પાર કરી ગયા હોવાથી સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી મર્યાદિત રહી હતી. ગત ડિસેમ્બર મહિનામાં અમેરિકી ફેડરલ રિઝર્વની યોજાયેલી નીતિવિષયક બેઠકની મિનિટ્સની આજે જાહેરાત થવાની હોવાથી સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહી હતી. વધુમાં ડોલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ રહેતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધથી ૦.૨ ટકા વધીને ૧૫૧૯.૭૬ ડોલર અને વાયદામાં ભાવ આગલા બંધથી ૦.૧ ટકા ઘટીને ૧૫૨૨.૩૦ ડોલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધથી ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૧૭.૮૮ ડોલર આસપાસના મથાળે રહ્યા હતા. દરમિયાન સ્થાનિક સોનાચાંદી બજારમાં આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ.૧૯૫ વધીને રૂ. ૪૬,૩૪૦ના મથાળે રહ્યા હતા.









# હોલિવુડની હલચલ

## એમ્મા સ્ટોને ડેવ મેક્કેરી સાથે સગાઈ કરી



લોસએન્જલસ : હોલીવુડ અભિનેત્રી એમ્મા સ્ટોને બોયફ્રેન્ડ ડેવ મેક્કેરી સાથે સગાઈ કરી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. ૩૧ વર્ષિય અભિનેત્રી એમ્મા સ્ટોને આખરે એના બોયફ્રેન્ડ ડેવ મેક્કેરી સાથે સગાઈને તાંતણે બંધાઈ ગઈ. ડેવ સેટર્ડે નાઈટ લાઈવનો સેગમેન્ટ ડિરેક્ટર અને રાઈટર છે. ડેવએ પ ેતાના સત્તાવાર સોશિયલ મીડિયા અકાઉન્ટ પર આ સમાચાર જાહેર કર્યા છે. બંનેએ જોડે રહેશું રાજને તાદ્દશ કરતી તસવીર પણ સોશિયલ મીડિયા અકાઉન્ટ પર શેર કરી હતી. જેમાં એમ્માએ આંગળીમાં પહેરેલી એન્ગેજમેન્ટ રિંગ પર ફોકસ કર્યું હતું. બન્ને ૨૦૧૧ ના મધ્યભાગમાં મળયા અને તુરંત ડેટિંગ ચાલુ કર્યુ. બંનેએ રીલેશનશિપને ગુપ્ત રાખવાનો લેશમાત્ર પ્રયત્ન નહોતો કર્યો. એમ્મા સ્ટોન અગાઉ એન્ડ્રયુ ગારફિલ્ડ સાથે રીલેશનશિપમાં હતી. ચાર વરસ ડેટિંગ કર્યા બાદ ૨૦૧૫માં બન્ને વચ્ચે બ્રેક-અપ થઈ ગયું. જોકે ત્યારથી બન્ને બેસ્ટ ફ્રેન્ડ તો છે જ.

## કુંગ ફૂ પાંડાના નિર્દેશક જોન બોલીવુડમાં નસીબ અજમાવશે

લોસએન્જલસ : ફિલ્મ નિર્માતા અને એનિમેટર જોન સ્ટીવેન્સન કુંગ ફૂ પાંડા અને શેરલોક હોમ્સ જેવી પોતાની ફિલ્મો માટે ઓળખાય છે. હવે ભારતમાં પોતાની ફિલ્મનું કામ કરવાની ઈચ્છા ધરાવે છે. એક કાર્યક્રમ દરમિયાન જોને કહ્યુ કે, ભારતમાં હોય કે પછી અન્ય કોઈ જગ્યા, હું કામ કરવા માટે અને ફિલ્મમાં કંઈક અલગ જ કરવા તત્પર છું. જો મને ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં તક મળશે તો હું એ વિશે જરૂર વિચારીશ અને અહીં કંઈક અલગ શોધવાનો પ્રયાસ કરીશ. હું મુક્યત્વે હોલિવૂડની પ્રોફેશનલ ફિલ્મોમાં જ કામ કરું છું.વ્યક્તિગત રીતે ફિલ્મમાં આપણે જે બતાવવા માગીએ છીએ તે ખરેખર પડકારજનક હોય છે. હું હંમેશા પ્રયાસ કરું છું કે બાળકો માટે કંક અલગ અને નવું રજૂ કરું. જેથી બાળકો પણ જોઈને તેમાંથી કંઈ શીખી શકે.

## બે-ચાર બેબીનું પ્લાનિંગ કરવાની છે લેડી ગાગા



લોસએન્જલસ : હોલીવુડની ટોચની અભિનેત્રી અને ઓસ્કાર અવોર્ડ વિજેતા લેડી ગાગા આગામી દાયકામાં બે-ચાર બેબીની માતા બનવાનું આયોજન કરી રહી છે. એણે માત્ર મમ્મી બનવા બદલ નહિં પરંતુ કરિયર, પોતાની બ્યુટી બ્રાન્ડ અને અંગત જીવન અંગે પણ કેટલીક યોજના ઘડી છે. જેને એ ક્રમશઃ અમલમાં મૂકશે. આ સિંગરનું નિવૃત્તિ લેવાનું કોઈ આયોજન નથી. એ વધુને વધુ મ્યુઝિક તરફ ફોકસ કરવા માગે છે. એની બ્યુટી બ્રાન્ડને એ દુનિયાભરમાં વિસ્તારવા માગે છે. જુલાઈ મહિનામાં જ એણે પોતાની આગળ કોસ્મેટિક કંપની ખોલવાની જાહેરાત કરી હતી, વધુ સંગીત, વધુ મૂવી બે-ચાર બેબી એ ઝંખે  છે અને આગાથી દાયકામાં એનું સમગ્ર ધ્યાન આ ત્રણ બાબતો પર કેન્દ્રિત કરશે.

## સાવ એકલા રહેવું મારો મૂળભૂત સ્વભાવ છે : ચાર્લીઝ થેરોન



લોસએન્જલસ : ઓસ્કાર વિજેતા અતિ સફળ અભિનેત્રી ચાર્લીઝ થેરોને હાલમાં જ એક મુલાકાત દરમિયાન પોતાની એકલતા વિશે કેટલીક રસપ્રદ વાતો કરી હતી. અભિનેત્રીએ જણાવ્યું હતું કે, હું કોઈ પુરુષ સાથે સંકળાયેલી હોઉં એ વાતને કેટલાંય વર્ષો વીતી ગયાં છે, પણ નક્કર હકીકત એ છે કે મારે શરૂઆતથી જ નક્કી કરેલું હતું કે ક્યારેય પરણવું જ નહીં. વાસ્તવમાં મારા માટે સાવ એકલા રહેવું જરા પણ અઘરું નથી. આવી રીતે સાવ એકલા રહેવું એ મારો મૂળભૂત સ્વભાવ જ છે. મને નવાઈ લાગે છે કે માણસને એકલા રહેવું ફાવે એ વાત ઘણા બધા લોકોના ગળે નથી ઉતરતી અને એમાં પણ કોઈ સ્ત્રી સાવ એકલી રહે અને બિલકુલ ખુશ હોય એ વાત પચાવવામાં તો લોકોને વધારેમાં વધારે મુશ્કેલી પડે છે. લોકો આ વાત કેમ નથી સ્વીકારતા એની મને ખૂબ નવાઈ લાગે છે. આ શાનદાર અભિનેત્રી છેલ્લે શાનદાર અભિનેતા શોન પેન પ્રત્યે આકર્ષાયેલી બંનેનો પ્રણય એકાદ વર્ષ ચાલેલો. ૨૦૧૪માં એમણે સગાઈ કરી. પાછી ૨૦૧૫માં તેઓ છૂટાં પડી ગયેલાં. ત્યારથી અત્યાર સુધી એકલી રહેનાર ચાર્લીઝ થેરોન પોતે દત્તક લીધેલાં બે સંતાનો સાથે અત્યારે એકદમ સુખેથી જીવી રહી છે. ઉપરવાળો એમની ખુશી બરકરાર રાખે.




Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

# પેટાચૂંટણીમાં ભાજપનો ડંકો, ૩૩માંથી ૨૯ સીટ બેઠક કબજે

ગાંધીનગર- જિલ્લા પંચાયતની અને તાલુકા પંચાયતોની પેટાચૂંટણીઓમાં ૩૩માંથી ૨૯ બેઠક પર ભાજપનો વિજય થયો છે. અમદાવાદ જિલ્લા પંચાયતની હેબતપુર અને શિયાળ બેઠકો પર કોંગ્રેસે ભાજપને હરાવ્યું છે. જ્યારે ઓગાણ બેઠક પર ભાજપે કોંગ્રેસને હરાવ્યું છે.

ઓગાણ તાલુકા પંચાયતની બેઠક પર ભાજપની જીત થઈ છે. વિષ્ણુભાઈ જાદવ ઓગણજ બેઠક પર ૧૩૮૪ મતથી જીતી ગયા છે. પેટાચૂંટણીનું પરિણામ આવતા ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

પારડી તાલુકા પંચાયતની પરીયા બેઠક ૨૪ વર્ષમાં પ્રથમવાર વિજેતા વલસાડની પારડી તાલુકા પંચાયતની પરીયા બેઠક પર પેટા ચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે. ભાજપના રીનાબેન વિપુલભાઈ પટેલનો ૧૬૪૫ મતથી વિજય થયો છે. ૨૪ વર્ષમાં પ્રથમ વાર આ બેઠક ભાજપે કબ્જે કરી છે.

મેઘરજ તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે. બાઠીવાડા તાલુકા પંચાયતની બેઠક પર ભાજપના ઉમેદવાર શાંતાબેન સીસોદીયા ૨ હજાર ૧૭૦ મતે વિજયી બન્યા છે.

રાજકોટ તાલુકા પંચાયતની કુવાડવા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સરોજબેન પીપળીયાનો વિજય થયો છે. તેઓ ૯૨ મતે વિજય થયા છે.

સિદ્ધપુર તાલુકા પંચાયતની કાકોશી-૨ બેઠકની પેટાચૂંટણીમાં કોંગ્રેસની જીત થઈ છે. કોંગ્રેસના ઉમેદવાર વર્ષાબેન ઠાકોરનો ૮૮૫ મતથી વિજય થયો છે.

પાદરા તાલુકા પંચાયતની ખાલી પડેલી તિથોર બેઠક પર ભાજપનો વિજય થયો છે.

ખેરગામ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે. ખેરગામ-૭ બેઠક પર ભાજપનો ભવ્ય વિજય થયો છે.

હળવદ તાલુકાપંચાયતની નવા ધનશ્યામ ગઠ પેટા ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે. નવા ધનશ્યામ ગઢની પેટા ચુંટણીમાં ભાજપના મનસુખભાઈ સવજીભાઈ માકાસણાએ ૩૨૪ મતે વિજય મેળવ્યો છે.

વિસનગર તાલુકા પંચાયતની કાંસા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવારની જીત થઈ છે. ભાજપના ઉમેદવાર પ્રહલાદ પટેલની ૧ હજાર ૪૭૬ મતથી જીત થઈ છે. કાંસા સીટ પર પહેલા કોંગ્રેસના ઉમેદવાર જીત્યા હતા.

જુનાગઢમાં વંથલી તાલુકા પંચાયતની બેઠક પર ચૂંટણીમાં ૧૧૦૦ મતેથી ભાજપ ઉમેદાવારનો વિજય થયો છે. ભાજપના ઉમેગવાર લાખા ભાઈ ગરચર વિજેતા બન્યા છે.

ડાંગ જિલ્લાના સુબિર તાલુકાની પેટા ચૂંટણીના પરિણામમાં કડમાળ બેઠક પર ભાજપ ઉમેદવારની જીત થઈ છે.

કોડીનાર નગર પાલિકા ઉપ પ્રમુખ પદ માટે પેટાચૂંટણી યોજાઈ હતી. ભાજપના સુભાષ ડોડીયાની બિન હરીફ વરણી થઈ છે. અમિત જેઠવા હત્યા કેસમા શિવા સોલંકીનું સભ્ય અને ઉપ પ્રમુખપદ રદ થતા યોજાયા પેટાચૂંટણી યોજાઈ હતી. સસ્પેન્ડેડ શિવા સોલંકીની જગ્યાએ પાલિકા ઉપપ્રમુખ માટે સુભાષ ડોડીયાની બિનહરીફ થઈ વરણી થઈ છે.

## ગુજરાતમાં વધુ પાંચ જિલ્લામાં મેડિકલ કોલેજો શરૂ કરવા હિલચાલ

ગાંધીનગરઃ ગુજરાતના પંચમહાલ, ગીરસોમનાથ, દેવભૂમિ દ્વારકા, બોટાદ અને મોરબી ખાતે નવી મેડિકલ કૉલેજો સ્થાપવા માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યુ હતું કે, કેન્દ્ર સરકારે રાજ્યોમાં સરકારી મેડિકલ કૉલેજોની એમબીબીએસની સીટોમાં વધારો કરવા અંગેની યોજના અમલમાં મૂકી છે ત્યારે રાજ્યમાં નિર્માણ થનારી આ કોલેજોમાં કોલેજ દીઠ રૂ.૩૨૫ કરોડ ખર્ચ થશે જેમાં ભારત સરકારના ૬૦ ટકા લેખે રૂ.૧૯૫ કરોડ તથા રાજ્ય સરકારના ૪૦ ટકા લેખે રૂ.૧૩૦ કરોડ મળી કુલ-૫ કોલેજો રૂ.૧૬૨૫ કરોડના ખર્ચે ગુજરાતમાં સ્થપાશે. આ ૫ કોલેજો માટે રાજય સરકાર વિનામૂલ્યે જમીન ફાળવશે. જેમાં હયાત હૉસ્પિટલોનું અપગ્રેડેશન કરીને ખૂટતા સાધનો તથા મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના ધારાધોરણ મુજબની સગવડો ઉપલબ્ધ કરાવીને પ્રથમ તબક્કે ૩૦૦ બેડની સુવિધાવાળી હૉસ્પિટલોનું પણ નિર્માણ થશે. આ પાંચ કોલેજોમાં પ્રથમ વર્ષે ૧૦૦ બેઠકો પર પ્રવેશ અપાશે. આમ કુલ પાંચ કોલેજોમાં ૫૦૦ વિદ્યાર્થીઓને મેડિકલમાં અભ્યાસ માટેની તક મળશે.

## ભોપાલની પરિણીતા સાથે વલસાડના ૩ યુવકો દ્વારા સામૂહિક દુષ્કર્મ થતાં ચકચાર

- બેહોશીની હાલતમાં વીડિયો ઉતારી બ્લેકમેઈલ કર્યા બાદ બે મિત્રોએ પણ શરીર સબંધ બાંધ્યાનો આક્ષેપ

વલસાડ : ઓનલાઈન પબજી ગેમની લતે ચઢી ગયેલી ભોપાલની પરિણીતા સાથે ગેમ રમતી વખતે સંપર્કમાં આવેલા પારનેરાના યુવાને બ્યુટિશિયન તરીકે મુંબઈમાં નોકરી અપાવવાની લાલચ આપી મહિલાને મુંબઈના કુર્લા ખાતે બોલાવ્યા બાદ બેહોશીની હાલતમાં દુષ્કર્મ કર્યુ હતુ. આ સાથે જ આરોપીના વલસાડ ખાતે રહેતા બે મિત્રોએ પણ મહિલાનું જાતીય શોષણ કર્યુ છે. પરિણીતાએ ફરિયાદમાં નોંધાવ્યુ છે કે, વલસાડના પારનેરાના શુભમ જાદવ નામના યુવાન સાથે પબજી ગેમ રમતી વેળા ઓળખાણ થતા, તેણે બ્યુટિશિયન તરીકે મુંબઈમાં નોકરી અપાવવાની લાલચ આપીને મુંબઈના કુર્લા ખાતે બોલાવી હતી. જ્યાં એક હોટલમાં જમ્યા બાદ તેણી બેહોશ થઈ ગઈ હતી. હોશમાં આવીને જોયું તો તે નિઃવસ્ત્ર હતી, સામે શુભમ બેઠો હતો, જેથી તેની સાથે શું થયુ તે સમજી ગઈ હતી. શુભમે ઘટનાનો વીડિયો ઉતાર્યો હતો, તે બતાવીને બ્લેકમેઈલ કરવા માંડ્યો અને બીજા દિવસે વલસાડ લઈ ગયો હતો, જ્યાં શુભમના બે મિત્રો ગૌરવ કુલકર્ણી અને શ્રવણે પણ મહિલા સાથે દુષ્કર્મ કર્યુ હતું. બીજી તરફ, પતિએ ભોપાલના ગૌતમનગર પો.સ્ટે.માં પત્નીની ગુમ થવા અંગેની નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે મોબાઈલ લોકેશન પરથી ઈન્દિરાને વલસાડથી શોધી કાઢીને તેના પરિવારજનોને સોંપી દીધી હતી. તે વખતે મહિલાએ, તેની સાથે ગેંગરેપ થયો હોવાનું પતિ કે પોલીસને જણાવ્યું નહતું. તે બાદ ઈન્દિરાને ૧૦ અઠવાડિયાનો ગર્ભ પડી જતા, મામલો બહાર આવ્યો હતો.

## લોકસેવામાં જીવન અર્પિત કરી લોકચેતનાની મિશાલ સંતશક્તિએ પૂરી પાડી છે : રૂપાણી

- ધરમપુરમાં શ્રીમદ રાજચંદ્ર આશ્રમની રજત જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



વલસાડ : ગુજરાત સંતો-મહંતોની ભૂમિ છે. ગુજરાતનો આ વિરાસત, વારસો અને પ્રતિષ્ઠા અપાવે છે. લોકોની ચિંતા કરીને જીવન લોકસેવામાં સમર્પિત કરીને લોકચેતનાની મિશાલ સંતશક્તિએ પૂરી પાડી છે. શ્રીમદ રાજચંદ્ર મિશને આદિવાસી ક્ષેત્રમાં ધર્મ સાથે સામાજિક ઉત્તરદાયિત્વની ભાવનાથી સૌના કલ્યાણ માટે કેન્દ્રબિંદુ પ્રસ્થાપિત કર્યું છે. તેમ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર મિશનની રજતજયંતી સમારોહમાં જણાવ્યું હતું. ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમની રજત જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આશ્રમના ગુરુદેવ રાકેશજી અને રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં બીએપીએસના બ્રહ્મવિહારી સ્વામી હાજર રહ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રીએ શ્રીમદ રાજચંદ્રજીની વિશાળ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી. ગુરુદેવ રાકેશભાઈએ ઉપસ્થિત સેવાભાવીઓને સમાજની સેવા, એ જ પરમોધર્મનો ઉપદેશ આપ્યો હતો અને સ્વામી નારાયણ સંપ્રદાયના સંત બ્રહ્મવિહારી સ્વામીજીએ ધર્મ સાથે સર્વ સમાજની સેવાભાવની આસ્થાને બિરદાવી હતી.

## વલસાડના અધિકારી સામે રૂ. ૧૦ કરોડથી વધુ મિલકતનો કેસ નોંધાયો

ગુજરાતમાં જીએલડીસીના ઈતિહાસનો સૌથી મોટો દસ કરોડથી વધુનો અપ્રમાણસર મિલ્કતનો કેસ હાલ સામે આવ્યો છે. જીએલડીસીના વર્ગ – ૨ના તત્કાલિન મદદનીશ નિયામક પ્રવિણકુમાર પ્રેમલ, તેની પત્ની અને પુત્ર સામે સુરત છઝ્રમ્ દ્વારા ૧૦ કરોડથી વધુની અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રવિણકુમારે બોગસ કામગીરી સરકારી કર્મચારીઓ અને કોન્ટ્રાકટરો સાથે મળીને માત્ર કાગળ પર દર્શાવી હતી. જેને પગલે એસીબી દ્વારા પ્રવિણકુમારની ગત ૮ મેના રોજ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. ૨૦૧૮માં ગુજરાત જમીન વિકાસ લીમીટેડ ગાંધીનીગરની કચેરીના અધિકારી અને કર્મચારીઓ જમીન વિકાસના કામોમાં લાભાર્થીઓને આપવામાં આવતી સરકારી યોજનાઓની ગ્રાન્ટની રકમનો મોટો હિસ્સો કમિશન પેટે ઉચાપાત કરી હોવાની માહિતી મળી હતી. જેને લઈને એસીબી દ્વારા ગુજરાત જમીન વિકાસ લીમીટેડના જુદા-જુદા અધિકારીઓ પાસેથી હિસાબી રોકડ ૫૬.૨૦ લાખની રકમ મળી આવી હતી. જોકે, આ રકમ બાબતે સંતોષકારક ખુલાસો ન મળતા ગુનો નોંધવામાં આવ્યો હતો. એસીબીએ તપાસ કરતા પ્રવિણકુમાર બાલચંદભાઈ પ્રેમલ દ્વારા વિવિધ ખેત તલાવડી, સીમ તલાવડી, પાણીના ટાંકા બનાવવાની કામગીરીમાં ગેરરીતી આચરવામાં આવી હતી.

## અમદાવાદમાં ડેન્ગ્યુનો કહેર : ૧૪૦૦ દર્દીઓ વધ્યા, ૧૩ નાગરિકોના મોત થયા

અમદાવાદ- અમદાવાદમાં એનોફિલીસ મચ્છરથી થતાં મેલેરિયા અને ફાલ્સીપેરમના કેસોમાં ઘટાડો નોંધાયો છે જ્યારે એડિસ મચ્છરથી થતાં ડેન્ગ્યૂ અને ચિકન ગુનિયાના કેસોમાં અસામાન્ય વધારો નોંધાયો છે. એમાં પણ ડેન્ગ્યૂના ૧૪૦૦ દર્દીઓ ગયા વર્ષની સરખામણીએ વધ્યા છે, જ્યારે મૃત્યુઆંકમાં ત્રણ ગણાથી વધુ વધારો નોંધાયો છે. આગામી વર્ષે ડેન્ગ્યૂ બેકાબૂ બની જશે તેવા સંકેતો મળી રહ્યાં છે. કડકડતી ઠંડી વચ્ચે પણ ડેન્ગ્યૂ અને મેલેરિયાના દર્દીઓ નોંધાવાનું ચાલુ રહ્યું છે. ચાલુ મહિને ડેન્ગ્યૂના ૩૦૨ અને દોઢ મહિનાના ૬૪૧ દર્દીઓ મ્યુનિ. હોસ્પિટલોમાં સારવાર માટે દાખલ થયેલા છે. જ્યારે ડિસેમ્બરમાં મેલેરિયાના ૭૮, ફાલ્સીપેરમના ૨૧ અને ચિકનગુનિયાના ૩૩ કેસ નોંધાયા છે.

## ગણદેવી દેવધા ગામના જ્યોતિષાચાર્યની સાગરિતો દ્વારા હત્યા, બેની ધરપકડ

ગણદેવી : દેવધા ગામના અનાવિલ ફળિયામાં રહેતા અને જ્યોતિષ વિદ્યાનું કામ કરતા ભરતભાઈ રણછોડજી નાયક ગત તા.૩૧/૧૨/૧૯ના રોજ સવારે પોતાના ઘરેથી નીકળી પુત્ર કુંતલના અજરાઈ ગામે ચાલતી રેસ્ટોરન્ટ ઉપર ગયા હતા. જે બાદ તે ગુમ થઈ જતાં તેના પુત્ર કુંતલે શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન કુંતલના મોબાઈલ નંબર ઉપર એક અજાણ્યાનો મેસેજ આવ્યો હતો, જેથી કુંતલે તે અજાણ્યાના નંબર પર સંપર્ક કરતા તેણે પોતાનું નામ અર્જુન પંડિત હોવાનું અને સુરતના મહુવા તાલુકાના તરસાડી ગામે રહેતો હોવાનું જણાવ્યું હતું. આ વેળા અર્જુને કુંતલને કહ્યું કે, સાંજે ૬ કલાકે એક અજાણ્યા શખ્સે રસ્તામાં મારી પાસે મોબાઈલ માંગ્યો હતો અને તેણે મેસેજ કર્યો હતો. આથી કુંતલે આ અંગે પોલીસને જાણ કરી હતી. દરમિયાન પોલીસે રેસ્ટોરન્ટથી ગણદેવીના સીસીટીવી ફૂટેજ ચેક કરતા ભરત નાયક, એક હીરો ડ્યુટ મોપેડ પર બેસી જતા નજરે ચઢ્યા હતા. પોલીસે દેવસરના બે પાડોશી શકમંદોને ઉઠાવ્યા હતા અને સઘન પૂછપરછ કરતા બંને ભાંગી પડ્યા હતા. આરોપી વિમલ રમણભાઈ પટેલ અને સાગર ગણેશભાઈ પટેલે ગુનાની કબૂતાલ કરી હતી.

## વર્ષ ૨૦૧૮માં ૪૮૦૦ બાળકો ગુમ, ૧૧૫૦ અંગે પોલીસ પાસે માહિતી નથી

ગાંધીનગર : વર્ષ ૨૦૧૮માં રાજ્યના ગૃહ વિભાગે છેલ્લા બે વર્ષના રાજ્યભરના બાળકો અને મહિલાઓના ગુમ થવાના જે આંકડા વિધાનસભામાં રજુ કર્યા હતા રાજ્યમાથી સરેરાશ દરરોજ ૧૩ અને ૩૬ મહિલાઓ ગુમ થઈ રહ્યાં હોવાનું ગૃહ વિભાગે રજુ કરેલી માહિતીમાથી બહાર આવ્યું છે. ફેબ્રૂઆરી ૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાંથી છેલ્લા બે વર્ષમાં ૪૮૦૦ બાળકો ગુમ થયા હતા. તે પૈકી ૧૧૫૦ બાળકોનો કોઈ પત્તો લાગ્યો ન હતો. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા વિધાનસભામાં આ માહિતી રજુ કરવામાં આવી હતી. બાળકો ગુમ થવાની જેમ રાજ્યમાથી મહિલાઓ ગુમ થવાનો આંકડો પણ મોટો છે. વિધાનસભામાં આપેલી માહિતી પ્રમાણે ફેબ્રૂઆરી ૨૦૧૮ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૩૫૭૪ મહિલાઓ ગુમ થઈ છે.

# નવવધૂએ ત્વચાની જાળવણી કઈ રીતે કરવી

લગ્નમાં છોકરીને મનમાં એ ચિંતા હોય કે મારી ત્વચાને આ સમય દરમિયાન કોઇ તકલીફ ન થાય તો સારું. ખાસ તો શોપિંગનું ટેન્શન હોય, લગ્નની તૈયારી કરવાની હોય, હજાર કામ હોય અને ઘરે મહેમાનોની અવરજવર પણ રહેતી હોય એવા સંજોગોમાં ત્વચાની દેખભાળના અભાવે અને વધારે પડતાં ટેન્શનને કારણે ત્વચા ઉપર ખીલ થવાની સમસ્યા થાય, ત્વચા નિસ્તેજ થવા લાગે, આવા પ્રશ્ન ઉદભવે જ. ત્યારે લગ્નના થોડા સમય અગાઉ ત્વચાની કેવી રીતે સંભાળ લેવી તે વિશે વાત કરી લઈએ.



## ફેસ કેર

ફેસ કેર કરવા માટે લગ્નના બે મહિના અગાઉથી અઠવાડિયામાં એકવાર સ્ક્રબ કરવું, સ્ક્રબ કર્યાં બાદ સ્ટીમ અચૂક લેવી. તે સિવાય તમને અનુકૂળ હોય તેવો સારો ફેસપેક રોજ લગાવવો. તમે ચાહો તો કાકડી અને ટામેટાંને ક્રશ કરીને તેનો રસ હાથમાં લઇને દસ મિનિટ સુધી ચહેરા ઉપર મસાજ કરી શકો છો, આ પણ ત્વચાની સંભાળ લેવા માટે ઉત્તમ ઉપાય છે. મસાજ કર્યાં બાદ ચહેરાને ઠંડા પાણીથી ધોઇ લો. રોજ મલાઇ, હળદર અને ચણાનો લોટ પણ ચહેરા પર લગાવી શકો છો. રોજ રાત્રે સૂતાં પહેલાં વિટામિન ઇ કોઇ સારા ક્રીમમાં એડ કરીને ચહેરા ઉપર લગાવવું. તમામ ઉપાય અજમાવવાથી ચહેરો સુંદર ને ચમકીલો બની જશે.

## બોડી કેર

બોડી કેરમાં પણ દર અઠવાડિયે આખા શરીરે સ્ક્રબ કરવું અને રોજ નહાતાં પહેલાં કોપરેલ તેલથી મસાજ કરીને પછી જ નહાવું, જેથી ત્વચા સોફ્ટ રહે. જે રીતે ફેસ ઉપર વિટામિન–ઇનું ઓઇલ અને ક્રીમ મિક્સ કરીને લગાવો છો તે જ રીતે હાથ અને પગ ઉપર પણ વિટામિન–ઇ યુક્ત ઓઇલ અને ક્રીમ મિક્સ કરીને લગાવવાં. જો ઉનાળો હોય તો ગુલાબજળ સાથે આ ઓઇલ મિક્સ કરીને લગાવવું. આ દિવસોમાં વધારે પડતું તીખું કે તળેલું ન જમવું જોઇએ, કેમ કે આવો ખોરાક લેવાથી ખીલ થવાની સમસ્યા સતાવવા લાગે છે. તાજાં ફળોનું જ્યૂસ અને સલાડ ખાવાનો આગ્રહ વધારે રાખવો. ખાસ કરીને પૂરતી ઊંઘ લેવી જોઇએ.

## બોડી પિર્યસિંગ વખતે શું ધ્યાનમાં રાખશો?







ફેશનેબલ યુવક-યુવતીઓ સ્ટાઈલ માટે પિર્યસિંગ કરાવતાં હોય છે. પિર્યસિંગ કરાવ્યા પછી નવા નવા પ્રકારની એક્સેસરીઝ પહેરવામાં આવે છે. આ પહેલાં ફક્ત કાનમાં જ પિર્યસિંગ કરાવતા હતા, પરંતુ હવે હોઠ, છાતી, હાથ, ભમર અને પેટના ભાગમાં પિર્યસિંગ કરાવે છે. પિર્યસિંગમાં કેટલીક બાબતનું ધ્યાન રાખવું પડે છે. જેમ કે, શરીરના કયા અંગમાં પિર્યસિંગ કરાવવું જોઈએ. તેમ જ ઈન્ફેક્શન ન થાય એ માટે પણ કાળજી લેવી પડે છે. થોડી જ સેકન્ડમાં પિર્યસિંગ થઈ જાય છે, પણ સંપૂર્ણપણે રૂઝાતાં અઠવાડિયાં લાગી જાય છે.

### નિષ્ણાતની જરૂરિયાત

અનુભવી વ્યક્તિ પાસેથી જ પિર્યસિંગ કરાવવું જોઈએ. પિર્યસિંગ કરનારી વ્યક્તિએ ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝ પહેરેલા હોવા જોઈએ. તમે જ્યાં પિર્યસિંગ કરાવવા માગતા હોય ત્યાં સૌપ્રથમ એન્ટિસેપ્ટિક લગાવવું જોઈએ. તમે તમારી પસંદગીની જ્વેલરી ફિટ કરાવી શકો છો. તમને કોઈ ધાતુની એલર્જી છે કે નહીં, એ જાણવું જરૂરીર છે.

### મોઢામાં પિર્યસિંગ

સામાન્ય રીતે યુવતીઓ પેટના ભાગમાં પિર્યસિંગ કરાવતી હોય છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી યુવક-યુવતીઓ હોઠ અને જીભ પર પણ પિર્યસિંગ કરાવતાં હોય છે. એમાં રૂઝાતાં ચાર અઠવાડિયાં જેટલો સમય લાગે છે. શરૂઆતમાં તમારે સોજો ઘટાડવા માટે સતત બરફ લગાવતા રહેવું પડે છે. આ સાથે જ ખૂબ ચાવવું પડે એવો ખોરાક ન લેવો જોઈએ. જો તમે હોઠ પર પિર્યસિંગ કરાવ્યું હોય તો રોજ એન્ટિ બાયોટિક ક્રીમ લગાવવું જોઈએ. બોડ પિર્યસિંગ કરાવ્યું હોય તો લૂઝ (ઢીલા) વસ્ત્રો પહેરવાં જોઈએ. ઉપરાંત કાનમાં પિર્યસિંગ કરાવ્યું હોય તો ફોન સ્વચ્છ છે કે નહીં, એની કાળજી લેવી જોઈએ. કાનમાં ગંદકી હશે તો કાનમાં ઈન્ફેક્શન લાગવાની શક્યતા રહે છે.


ThermEnergy
Heating & Cooling
WWW.THERMENERGY.CA
Need New Furnace ?
With free 10 years protection ( Parts + Labor)
1 year free supply of filters.
Up to $850 rebate from government
Starts from only.
$2650 + Tax



CALL US FOR
FREE
CONSULATION
647-785-9255
IS YOUR HEATING SYSTEM
READY FOR WINTER??
Get your furnace tune up for only $89.99
Unit#26, 151 Nashdene Rd, Scarborough, ON M1V4C4
416-335-9255 I 647-785-9255
info@thermenergy.ca Website : www.thermenergy.ca



"Let Me Make Your Dream Home Into A Reality"
Residential, Commercial
& Investment in
Real Estate



JAY PATEL
SALES REPRESENTATIVE
Dir : 647-241-3818
jaypatel1323@gmail.com

$649,000




Live By The Lake! This Spacious One Bedroom Plus Den W/Gorgeous Views Of The Lake, T.O. Skyline & Manicured Rooftop Gardens! Unit Features A Great Open Layout With No Wasted Space. Highlighted By Hardwood Floors, Granite Counters, Freshly Painted, New Carpet, Stainless Steel Appliances, Two Walk-Outs To Balcony, A Master W/I Closet & Breakfast Bar, Parking And Locker Included. Extras : Luxury Amenities Incl: Indoor Pool, Gym, Sauna, Party Rooms, Bbqs, Roof Lounge & More! Just Steps From Ttc , Metro. Shoppers Drug Mart, Lcbo, Humber Bay Park/Trails.
TORONTO

$649,000




Welcome To The Absolutely Show Stopper 3+1 Bedroom Link Home Attached By Garage And Chimney With Separate Living And Family Room With Fireplace,New Ceramic Tiles On Main Floor,Laminate In Living And Family,Laminate In All Bedrooms,No Carpet In The House.Newly Renovated Washrooms,Spacious Partially Finished Basement With Huge Bedroom And Washroom. Located In A Quiet Neighborhood, Close To Park, Schools, Shops, Restaurants,Grocery Shp, Hwy 410..Must See....
BRAMPTON

HOMELIFE MAPLE LEAF REALTY LTD.
Each Office Independently Owned & Operated
Office Address- 80 Eastern Avenue,
Unit #3, Brampton, Ontario,L6W 1X9
Ph. No. : 905-456-9090

# પાક વીમામાં ૫૦ હજાર કરોડનું કૌભાંડ : કોંગ્રેસનો આક્ષેપ

**• એક વીઘા દીઠ કંપનીએ ખેડૂતને ૧૦૦૦૦ ચૂકવવાને બદલે માત્ર અઢી હજાર રૂપિયા ચૂકવ્યા**

અમદાવાદ- ગુજરાતમાં સરકાર અને વીમા કંપની તથા અધિકારીઓની મિલીભગતથી પાક વીમાનું ૨૫થી ૫૦ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આવો ગંભીર આક્ષેપ કોંગ્રેસે કર્યો છે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આ સંદર્ભમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેઓએ આક્ષેપ કર્યો છે કે પાક વીમાના નામે વીમા કંપનીઓએ ખેડૂતો પાસેથી કરોડો રૂપિયાનું ઉઘરાણું કરી લીધું છે, પરંતુ ખેડૂતોને ક્રોપ કટિંગ મુજબ વીમો ચૂકવ્યો નથી. તેઓએ જણાવ્યું કે મેંદરડા તાલુકાના અમીરગઢ સહિતના બે ગામને સેમ્પલ ટેસ્ટ તરીકે લેવાયા છે. આ ગામમાં નિયમ મુજબ એક વીઘા માટે વીમા કંપનીઓએ ખેડૂતોને ૧૦૦૦૦ રૂપિયા આપવા પડે પરંતુ કંપનીઓએ ખેડૂતોને માત્ર અઢી હજાર રૂપિયા ચૂકવ્યા



છે. આમ એક વીઘા દીઠ વીમા કંપનીઓએ આઠ હજાર પાંચસો રૂપિયા ઓછા ચૂકવ્યા છે. બીજી બાજુ ખેડૂતોએ વીમા કંપનીઓને સાથે રાખીને ક્રોપ કટિંગ કર્યું હતું. એવો આક્ષેપ કર્યો છે કે સરકાર તથા કેટલાક અધિકારીઓ અને વીમા કંપનીઓએ મિલીભગતથી આ કૌભાંડ કર્યું છે.

### ગુજરાતમાં ખેડૂતોને પાકવીમાના ખેડૂતોને ૯૧.૫૪ ટકાને બદલે માત્ર ૧.૪૮ ટકા જ ચૂકવાયાઃ કોંગ્રેસ

અમદાવાદઃ ગુજરાતમાં ખેત ધીરાણે લેનારા ખેડૂતો પાસેથી ફરજિયાતપણે વસૂલવામાં આવતા પાક વીમાની કરોડો રૂપિયાના પ્રીમિયમ સામે ખેડૂતોને નજીવું વળતર પણ મળતું નથી એવો આક્ષેપ કરીને કોંગ્રેસના અગ્રણીએ જણાવ્યું હતું કે ખેડૂતોને ૯૧.૫૪૭ ટકા પાક વીમો મળવા પાત્ર છે જેમાંથી તેમને માત્ર ૧.૪૮ ટકા પાક વીમો મળે છે. અમદાવાદ ખાતે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં પાક વીમા અંગે રાજ્ય સરકાર પર પ્રહાર કરતા આંબલિયાએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી પાક વીમા યોજનાની કલમમાં સ્પષ્ટ જોગવાઇઓ છે. જેમાં એપમાં ઘણી વસ્તુઓ અપલોડ કરવામાં આવે છે, પરંતુ હાલ આ એપને બાજુ પર મૂકી દેવામાં આવી છે. જો ખેતીનાં આંકડા આમાંથી લેવામાં આવે તો સ્પષ્ટ આંકડા મળે, પરંતુ એપને બાજુમાં મૂકતા તેમાંથી કોઇ આંકડા સ્પષ્ટ થતા નથી, જેથી તાલુકા અને જિલ્લા કક્ષાનાં માધ્યમથી આંકડા મગાવે છે અને તેમાં ઘણી જ ગેરરીતિઓ થાય છે.

## સારો વિચાર, સારાં કર્મો એ પારસી સમાજની ઓળખ છેઃ વિજય રૂપાણી

**• ઉદવાડામાં ઈરાનશાહ ઉદવાડા ઉત્સવ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન હતું**

અમદાવાદઃ પોતાના ધર્મની રક્ષા માટે ૧૩૦૦ વર્ષ પૂર્વે વતન છોડી ભારત આવેલા પારસીઓ સમરસતા અને બંધુત્વનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, એવું મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ પારસી કોમના ઈરાનશાહ ઉદવાડા ઉત્સવમાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પારસીઓએ શાંતિ અને સદ્ભાવના પૂર્વક જીવન જીવવાની સાથે સાથે દરિયાદિલીથી સમાજના ઉત્થાન માટે અનેક ચેરીટી કામો કર્યા છે. સારા વિચારો, સારા કર્મો અને સારા શબ્દો પારસી સમાજની ઓળખ છે. માઈક્રો માઈનોરીટી હોવા છતાં પારસી સમાજના અનેક લોકોએ દેશ અને ગુજરાતના વિકાસમાં અનન્ય ફાળો આપ્યો છે. ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માટે વતન છોડવા મજબૂર બનેલા લોકો જ વતનથી દૂર થવાની પીડા સમજી શકે. ઈરાન શાહ ઉત્સવ પારસી કોમની સાંસ્કૃતિક વિરાસતની સાથે સાથે સંપ, સદભાવ અને બંધુતાના ઉચ્ચતમ માનવીય સદગુણોને ઉજાગર કરતો ઉત્સવ છે.

## જાન્યુઆરીના અંત સુધીમાં પ્રદેશ કોંગ્રેસનું માળખું રચાશે : આમૂલ પરિવર્તન સંભવ

**• પ્રદેશના માળખામાં માત્ર ૮૦ વ્યક્તિ જ હશે**

અમદાવાદ- આગામી દિવસોમાં યોજાનારી મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓને પગલે ગુજરાત કોંગ્રેસે પ્રદેશના માળખાને આખરી આપવા તૈયારીઓ કરી છે. નવા વર્ષમાં કોંગ્રેસના માળખાનુ આખુય કલેવર બદલાઇ જશે. આ વખતે જમ્બો નહીં, પણ પ્રદેશનુ માળખુ નાનુ હશે. યુવાઓને સંગઠનમાં સ્થાન અપાશે. એટલું જ નહીં, માત્ર હોદ્દા ભોગવતા નેતાઓને ઘરભેગા કરવા નક્કી કરાયુ છે. નવા વર્ષમાં જાન્યુઆરીના બીજા સપ્તાહમાં પ્રદેશનુ માળખુ રચાઇ જશે.

કોંગ્રેસ પ્રદેશના માળખામાં ધરમૂળમાંથી ફેરફાર કરવા નક્કી કર્યુ છે. અત્યારે ૪૦૦ પ્રદેશના નેતા-હોદેદારોની કામગીરીનુ ય મૂલ્યાંકન કરવામાં આવી રહ્યુ છે. આ વખતે યુપી પેટર્નથી ગુજરાત કોંગ્રેસનુ પ્રદેશ માળખુ રચાશે. આ ઉપરાંત ૪૦૦ નહીં પણ માત્ર ૮૦ જણાંનો જ પ્રદેશના માળખામાં સમાવેશ કરીને સંગઠનની કામગીરી સોંપવામાં આવશે. યુવાઓને તક અપાશે. પક્ષ પ્રત્યે વફાદાર,પ્રજાના કામો કરનારાં અને જે તે વિસ્તારમાં સામાજીક પ્રતિષ્ઠા ધરાવતાં કાર્યકરોને સંગઠનમાં સ્થાન આપવા નક્કી કરાયુ છે. નવા માળખામાં ૮ ઉપપ્રમુખ,૧૬ મહામંત્રી,૫ પ્રવક્તા,૪૦ મહામંત્રી અને ૫ પ્રોટોકોલ મંત્રીનો સમાવેશ કરવામાં આવશે.આગામી સ્થાનિક ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને જાતિગત-સ્થાનિક રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને સંગઠનમાં નિમણૂંકો અપાશે. પેટાચૂંટણીમાં કોંગ્રેસ સારો દેખાવ કરીને ત્રણ બેઠકો જીતવામાં સફળતા મેળવી હતી.

## ઉત્તર ગુજરાતમાં ૧૦૦ કરોડના ખર્ચે ૧૦ એકરમાં તૈયાર થઈ રહેલું સાયન્સ સિટી

**• ઓડિટોરીયમ ઓફિસ, લાઈવ મોડલ, લાઈવ ડેમોસ્ટ્રેશન, થ્રી ડી ટેકનોલોજી સહિતની સુવિધા હશે**

પાટણ : અમદાવાદના સાયન્સ સિટી જેવું અદ્યતન પ્રાદેશિક સાયન્સ મ્યુઝિયમ પાટણમાં આકાર લઈ રહ્યું છે. જે આગામી એપ્રિલ માસ સુધીમાં તૈયાર થઈ જશે અને લોકાર્પણ કરાશે. પાટણ નજીક હાઈવે પર સરસ્વતી તાલુકાની મામલતદાર કચેરીની સામેના ભાગે, પ્રાથમિક શાળાની પાછળના ભાગે ૧૦ એકર જેટલી વિશાળ જમીનમાં ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લા માટેનું પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમ નિર્માણ પામી રહ્યું છે. આ અંગે માહિતી આપતા પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. સુચિત શાસ્ત્રીએ જણાવ્યું કે ગુજરાત સરકાર અને સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ઉપક્રમે પાટણ નજીક આ અદ્યતન અને ભવ્ય વિજ્ઞાન મ્યુઝિયમનું નિર્માણ થઈ રહ્યું છે. જે ૭ માસમાં તૈયાર થઈ જશે. હાલમાં સિવિલ વર્કની ૮૫ ટકા જેટલી કામગીરી પુરી થઈ છે. રૂા. ૮૪ કરોડના ખર્ચે બંધાઈ રહેલા આ મ્યુઝિયમમમાં અનેક આકર્ષણો જોવા મળશે. પુરો પ્રોજેક્ટ અંદાજે રૂા. ૧૦૦ કરોડના ખર્ચે સંપન્ન થશે, જેમાં કેટલીક વસ્તુઓ અને સાધનો બહારથી મંગાવવામાં આવશે.

વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે શોધ સંશોધનોને પ્રોત્સાહન આપી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તેવા ઉદ્દેશ સાથે આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ વિજ્ઞાન મ્યુઝિયમમાં ડાયનાસોર ગેલેરી સૌનું આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. તે ઉપરાંત અહીં ઓડિટોરીયમ ઓફિસ, સાયન્ટિફિક સિધ્ધાંતો, નવી ટેકનોલોજી, લાઈવ મોડલ, લાઈવ ડેમોસ્ટ્રેશન, થ્રી ડી ટેકનોલોજી, વર્ચ્યુઅલ આધારિત ટેકનોલોજી, ખેડૂતો માટે હાઈડ્રોયોનિકરણ ગેલેરી વગેરે બનશે. આ ટેકનોલોજીમાં માટી વગર પાણીમાં પાક લેવાની અને ખેતી કરવાની અદ્યતન પધ્ધતિનું આકર્ષણ ઉમેરાયું છે.

## અમદાવાદનાં ૪૫ મોટા તળાવોનો ૪૫૨ કરોડના ખર્ચે વિકાસ કરાશે

**• મ્યુનિ.એ ગુજરાત સરકારમાં DPR મૂક્યો જે કેન્દ્રમાં જશે**

અમદાવાદ : અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરની હદમાં આવેલાં તળાવોના વિકાસ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શહેરમાં કુલ ૧૨૨ જેટલાં તળાવો આવેલા છે, તે પૈકી ૨૬ તળાવો ડેવલપ થયેલાં છે. બાકીના ૯૬ પૈકી ૪૫ તળાવો અંગે એન.આર.પી.સી. પ્રોજેક્ટ હેઠળ પ્લાનીંગ હાથ ધરવામાં આવ્યું છે અને તે માટે રૂા. ૪૫૨.૯૦ કરોડનો ડીપીઆર-ડેવલપમેન્ટ પ્લાન્ટ તૈયાર કરાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર કેન્દ્ર સરકારના મીનીસ્ટરી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ, નેશનલ રિવર કન્ઝર્વેશન ડાયરેક્ટરની નવી એનઆરસીપી યોજનાની ગાઈડ લાઈન અનુસાર તળાવોના પુનઃ સ્થાપન અને જાળવણી માટે કેન્દ્રની ગ્રાન્ટ મેળવવા ડીપીઆર તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ફેઝ-૧માં ૦૫ હેકટરથી મોટા ૧૭ તળાવોના વિકાસ માટે રૂા. ૩૧૦.૫૯ કરોડની અને ફેઝ-૨ અંતર્ગત ૨.૫ હેકટરથી મોટા ૨૮ તળાવોના વિકાસ માટે રૂા. ૧૪૨.૩૧ કરોડના બે ડીપીઆર તૈયાર કરાયા છે. આમ કુલ ૪૫ તળાવોના વિકાસ પાછળ રૂા. ૪૫૨.૯૦ કરોડનો ડીપીઆર કેન્દ્રના મીનીસ્ટરી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન એફેર્સને મોકલવા રાજ્ય સરકારના સંબંધિત ખાતાઓમાં સબમીટ કરાયો છે.

## અમેરિકામાં ગુજરાતી યુવાને ભારતીય શહીદો માટે ૧.૦૫ મિલિયન ડોલર એકત્ર કર્યા

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ગત ફેબ્રુઆરી મહિનામાં આતંકી હુમલામાં શહીદ થયેલાં જવાનોનાં પરિવાર માટે અમેરિકામાં ૧.૦૫ મિલિયન ડોલરનું ફંડ એકત્ર કરનાર બરોડિયનને લિમકા બુક્સ ઓફ રેકોર્ડમાં સ્થાન મળશે. જમ્મુ કાશ્મીરના પુલવામામાં ગત ફેબ્રુઆરીમાં થયેલાં આતંકી હુમલામાં સીઆરપીએફનાં ૪૦ જેટલાં જવાનો શહીદ થયા હતા. વડોદરાથી અમેરિકા અભ્યાસ માટે ગયેલાં વિવેક ચંદ્રકાન્ત પટેલ નામના યુવકે વિદેશમાં શહીદ જવાનોનાં પરિવારને આર્થિક સહાય કરવા ઝુંબેશ ચલાવી હતી. વિવેક પટેલે ૧૧ દિવસના ટૂંકાગાળામાં ૧.૦૫ મિલિયન અમેરિકન ડોલરનું ફંડ રેસિંઝ કર્યું હતું. વિવેક પટેલની આ ઝુંબેશમાં ૨૬ હજારથી વધુ ડોનર્સે શહીદ જવાનોનાં પરિવાર માટે આર્થિક સહાય કરી હતી.

## ગુજરાતનાં મંત્રી મંડળનું વિસ્તરણ નહીં, બોર્ડ નિગમોમાં નિમણૂકો થશે

**• અલ્પેશ ઠાકોર પેટા ચૂંટણીમાં હારી જતા ભાજપને ફાયદો**

ગાંધીનગર : ગુજરાતના મંત્રી મંડળનું ટૂંક સમયમાં વિસ્તરણ કરાશે તેવી વાતો છેલ્લા છ-સાત મહિનાથી ચાલી રહી છે પરંતુ મંત્રી મંડળનું હાલના તબક્કે વિસ્તરણ કરવામાં નહીં આવે પરંતુ સંગઠનમાં વિવિધ નિમણૂકો પૂર્ણ કરાયા બાદ ૧૫થી ૨૦ જેટલા મહત્વના બોર્ડ નિગમોમાં નિમણૂક કરવામાં આવશે. તાજેતરમાં જ ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી છ બેઠકો માટે પેટાચૂંટણી યોજાઇ હતી. આ ચૂંટણી પહેલા અલ્પેશ ઠાકોરને કેબિનેટમાં મંત્રી બનાવાશે. તેવી ચર્ચા હતી પરંતુ અલ્પેશ હારી જતા તે ચર્ચાનો અંત આવ્યો છે.બીજી બાજુ આગામી ઓક્ટોબરમાં ૬ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી આવી રહી છે. આવી સ્થિતિમાં જો હાલના કેટલાક મંત્રીઓને પડતા મૂકવામાં આવે અને તેમની જગ્યાએ નવા ધારાસભ્યને મંત્રી બનાવવામાં આવે તો ભાજપમાં આંતરિક અસંતોષ અને લડાઈ વકરી શકે એવી ભીતિ છે. આ બધી સ્થિતિને ધ્યાનમાં લેતા ભાજપ હાઈકમાન્ડ હવે સંગઠનની રચના કરી જાન્યુઆરીના અંતમાં વિવિધ બોર્ડ નિગમોમાં ભાજપના હોદેદારોની નિમણૂક કરશે.

## કણાદગામમાં ૩૫,૦૦૦થી વધુ ભક્તોએ મહંતસ્વામી મહારાજનું સ્વાગત કર્યુ

સુરત : ગત રવિવારે સાંજે ૪ કલાકે નૂતન નિર્માણધિન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, કણાદ ખાતે સ્વાગત સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જ્યાં સ્વામિશ્રીનું સ્વાગત કરવા માટે ભક્તોનું ઘોડાપુર ઉમટયુ હતું. બાળકો-યુવાનોએ નૃત્ય કરીને સ્વામિશ્રીને આવકાર્યા હતાં. સૌથી મહત્વની વાત એ છે કે આજના દિવસે ગુરૂના સ્વાગત નિમિત્તે ૩૫,૦૦૦થી વધુ ભક્તોએ સદ્ગુણી જીવન માટે વિશેષ નિયમો ગ્રહણ કર્યા હતાં. જેના પ્રતિક સ્વરૂપે સૌ પુષ્પો લઈને આવ્યા હતાં. અને પુષ્પ અંજલિથી સ્વામિશ્રીને વધાવ્યા હતાં. સ્વામિશ્રીએ પણ સૌને અંતરથી આશિર્વાદ આપ્યા હતાં. બી.એ.પી.એસ મંદિર અડાજણ ખાતે રોજ પ્રાતઃ પૂજાના દર્શન માટે હજારોની સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે.

# ઉત્તર ભારતમાં કિલર કોલ્ડવેવથી ૮૪ લોકોના મોત

**• પંજાબમાં ધુમ્મસથી અકસ્માત, ૧૨ લોકોએ જીવ ગુમાવ્યો : હરિયાણામાં સ્કૂલો બંધ રખાઈ**



લખનઉ : બર્ફીલા પવનથી સમગ્ર ઉત્તર ભારત અને બિહાર, ઝારખંડ ઠુંઠવાઈ ગયા છે. ઉત્તર ભારતમાં દિવસ અને રાતના તાપમાનમાં વિક્રમજનક ઘટાડા સાથે હાડગાળતી ઠંડક વધી ગઈ છે.

ઠંડીના કારણે ઉત્તર પ્રદેશના વિવિધ ભાગોમાં ૫૪ લોકો જ્યારે બિહારમાં ૧૫ લોકોનાં મોત નીપજ્યાં છે. જોકે, બંને રાજ્યોની સરકારોએ ઠંડીના કારણે મોત થયા હોવાની પુષ્ટી નથી કરી.

ઝારખંડમાં છેલ્લા ૨૪ કલાકમાં ઠંડીએ ૧૫ લોકોનો ભોગ લીધો હતો. બીજીબાજુ જમ્મુ-કાશ્મીર, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, હિમાચલ પ્રદેશમાં ઠંડીનો કેર યથાવત રહ્યો છે. નવા કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં સિઝનની સૌથી ઠંડી રાત નોંધાઈ હતી જ્યારે રાજસ્થાનના જયપુરમાં છેલ્લા ૫૦ વર્ષનું સૌથી ઓછું તાપમાન નોંધાયું હતું.

પંજાબમાં ગાઢ ધુમ્મસને કારણે થયેલા અકસ્માતોમાં ૧૨ લોકોએ જાન ગુમાવ્યા હતા. રેલવે અને વિમાન સેવાઓ ખોરવાઈ હતી. દિલ્હીમાં અનેક ફ્લાઈટ્સ રદ કરાઈ હતી તો કેટલીક મોડી ઊડી હતી. રેલવે ટ્રેનો ગાઢ ધુમ્મસને કારણે મોડી દોડી રહી હતી. પ્રવાસીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

ઉત્તર પ્રદેશના કાનપુર, બુંદેલખંડ અને આજુબાજુના જિલ્લાઓમાં ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમાં કાનપુરમાં ૨૧, ફતેહપુર અને હમિરપુરમાં ૪-૪, ઉન્નાવ અને મહોબામાં ૩-૩, ઝાંસીમાં બે લોકોનો સમાવેશ થાય છે.

વારાણસી સહિત પૂર્વાંચલના જિલ્લાઓમાં ઠંડીના કારણે ૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બરફથી ઢંકાયેલા ઉત્તરાખંડના પર્વતો પરથી આવી રહેલા ઉત્તર પશ્ચિમી બરફીલા પવનોને કારણે સમગ્ર ઉત્તરપ્રદેશ ઠુંઠવાઈ ગયું છે. દિવસે અને રાતના તાપમાનમાં ભારે ઘટાડાના કારણે હાડગાળતી ઠંડકમાં વધારો થયો છે.

બિહારમાં બેતિયા, સમસ્તીપુર, દરભંગા, મોતિહારી, મધુબનીમાં ૧૦ જ્યારે ગયા અને અરરિયામાં બે-બે લોકોના મોત નીપજ્યાં છે. જોકે, બિહાર સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે ઠંડીના કારણે એક પણ મોતની પુષ્ટી નથી કરી. ઝારખંડમાં છેલ્લા ૨૪ કલાકમાં ગુમલા, હજારીબાગ, રામગઢ અને રાંચીમાં એક-એક વ્યક્તિનાં મોત નીપજ્યાં છે.

# રાજકોષીય ખાધ વધી ૮.૦૭ લાખ કરોડને પાર: ૧૧૪.૮%નો વધારો

નવી દિલ્હી : દેશમાં અર્થતંત્ર વિષયક મંદી આગળ વધતાં વિવિધ આઠ કોર (ચાવીરૂપ) ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીઝમાં ઉત્પાદન (આઉટપુટ)માં નવેમ્બરમાં સતત ચોથા મહિને ઘટાડો આગળ વધ્યો છે. આ ઘટાડો નવેમ્બરમાં ૧.૫૦ ટકાનો નોંધાયો છે. ફિસ્કલ ડેફિસીટ (રાજકોષીય ખાધ)ના આંકડા પણ નબળા આવ્યા છે. આવી ફિસ્કલ ડેફિસીટ નવેમ્બર અંત સુધીના ગાળામાં વધીને ૨૦૧૯-૨૦ના બજેટ અંદાજ સામે ૧૧૪.૮૦ ટકા થઈ ગઈ છે તથા આવી ખાધ વધી રૂ. ૮.૦૭ લાખ કરોડ થઈ ગઈ છે.

ઓગસ્ટ ૨૦૧૯થી આ ઘટાડાનો દોર શરૂ થયો હતો જે નવેમ્બરમાં પણ આગળ વધ્યો છે. આ દરમિયાન કોલસો, ક્રૂડ ઓઈલ, નેચરલ ગેસ સ્ટીલ તથા ઈલેક્ટ્રીસીટી ક્ષેત્રે ઉત્પાદન ૨.૫૦ ટકાથી કરીને ૬.૪૦ ટકા જેટલું ઘટયું છે.

૨૦૧૮માં પાછલા વર્ષે નવેમ્બરમાં આ આઠ મહત્વના ક્ષેત્રોમાં ૩.૩૦ ટકાની વૃદ્ધી નોંધાઈ હતી ત્યારે ૨૦૧૯માં ચિત્ર ઉલ્ટાઈ ગયેલું જોવા મળ્યું છે. સિમેન્ટ ક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધી ૨૦૧૮ના નવેમ્બરમાં ૮.૮૦ ટકા હતી તે ૨૦૧૯ના નવેમ્બરમાં ઘટી ૪.૧૦ ટકા નોંધાઈ છે.

# તિહાડમાં નિર્ભયાના દોષિતોને ફાંસીની તૈયારીઓ પૂરી, સાત ડિસે.એ સુનાવણી

**• તિહાડ જેલમાં એક સાથે ચાર ફાંસીના માચડા તૈયાર કરાયા ચારેયને એક સાથે જ ફાંસી આપવાની તૈયારીઓ**

નવી દિલ્હી : માત્ર દેશની જ નહીં પણ દક્ષિણ એશિયાની સૌથી સુરક્ષિત જેલ તિહાડ જેલમાં બંધ નિર્ભયાના ચારેય દોષિતોને ફાંસીના માચડે ચડાવવાની તૈયારીઓ પૂર્ણ થયાના અહેવાલ સામે આવ્યા છે. મળતા રિપોર્ટ્સ પ્રમાણે ચારેય આરોપીઓને એકસાથે જ ફાંસી પર લટકાવવામાં આવશે. આગામી સાત જાન્યુઆરીમા રોજ પટિયાલા હાઉસ કોર્ટ આ અંગે સુનાવણી કરશે. ત્યારબાદ જેલમાં બંધ ચારેય દોષિતો પાસે ક્યુરેટિવ પિટીશન અને રાષ્ટ્રપતિ પાસે દયાની અરજી કરવા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી. રાષ્ટ્રપતિ દ્વારા પણ દોષિતોની દયાની અરજી ફગાવવામાં આવે તેવી શક્યતા બતાવવામાં આવી રહી છે.

તિહાડ જેલમાં અત્યાર સુધી ફાંસી આપવા માટેના ત્રણ જ માચડા હતા. ત્યારે હવે તિહાડ જેલમાં ચોથો ફાંસીનો માચડો પણ તૈયાર કરી દેવાયો છે. જેની સાથે જ તિહાડ જેલ દેશની એવી પ્રથમ જેલ બની છે, જ્યાં એક સાથે ચાર ફાંસીના માચડા હોય. જેલમાં આ ફાંસીના માચડા તૈયાર કરવાનું કામ લોક નિર્માણ વિભાગ દ્વારા ગયા સોમવારે જ પુરુ કરવામાં આવ્યું છે. આ કામ માટે જેસીબી મશીનને પણ જેલની અંદર લઈ જવામાં આવી હતી. ફાંસીના માચડાની સાથે સુરંગ પણ તૈયાર કરવામાં આવી છે. આ સુરંગ ફાંસીના માચડાની નીચે બનાવેલી હોય છે, ફઆંસી આપ્યા બાદ આ સુરંગ મારફતે કેદીની લાશ બહાર કાઢવામાં આવે છે.

# મીડિયા હાઉસે બેંક સાથે છેતરપિંડી કરતા ઈડીએ રૂ.૧૨૭ કરોડની રકમ જપ્ત કરી

**• પિક્સન ગ્રુપના ડાયરેકટરોએ વિવિધ કંપનીઓ નામે રૂપિયા ૨૬૦૦ કરોડની લોન લઈ લીધી હતી**



નવી દિલ્હી : બેન્ક સાથે છેતરપિંડી સબંધમાં ઈડીએ એક મીડિયા હાઉસની રૂપિયા ૧૨૭ કરોડની સંપત્તિ જપ્ત કરી હતી, એમ ઈડીએ કહ્યું હતું.આ કેસ પિક્સન મીડિયા પ્રા.લિ. પર્લ મીડિયા પ્રા.લિ.મહુવા મીડિયા પ્રા.લિ. પિક્સન વિઝન પ્રિરી.લિ. પર્લ સ્ટુડિયોઝ લુ. પર્લ વિઝન પ્રા.લિ. સેન્ચુરી કોમ્યુનિકેશન લિ. અને તેના ડાયરેકટરો પીકે તિવારી,આનંદ તિવારી, અભિષેક તિવારી અને અન્યો સામે હતો.

મની લોન્ડરિંગ એક્ટ હાઠળ રૂપિયા ૧૨૭ કરોડની સંપત્તિને ટાંચમાં લેવામાં આવી હતી જેમાં ૧૧ કોમર્શિયલ પ્લોટ અને મુંબઈ,ચેન્નાઈ,નોઈડી તેમજ કોલકાતામાં આવેલી કંપનીની ઓફિસોનો સમાવેશ થતો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે પિક્સન ગ્રુપ ઓફ કંપનીઝના ડાયરેકટરો એ છેતરપિંડી કરી વિવિધ બેન્કોમાંથી રૂપિયા ૨૬૦૦ કરોડની લોન લીધી હતી.'આરોપીઓએ લોનની રકમને બેન્ક ખાતા મારફતે વિવિધ કંપનીઓ અને વ્યક્તિઓના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી . અંત વિવિધ જગ્યાએ સંપત્તિ ખરીદવા માટે ઉપયોગમાં લીધી હતી. આ રીતે આરોપીઓએ બેન્કના પૈસાને સંપત્તિ ખરાદવામાં રોક્યા હતા અને બેન્કો સાથે છેતરપિંડી કરી હતી. ઈડીએ કહ્યું હતું કે પીએમએલએ હેઠળ ગ્રુપ સામે કેસ નોંધાયો હતો અને કંપની સામે સાત એફઆઈઆર નોંધી હતી.

# બેંક સાથે ઠગાઈ આચરનાર સિંહ પરિવારની કરોડોની સંપત્તિ જપ્ત

**• કંપનીના કર્મચારીઓ અને પરિવારના સભ્યોના નામે લોન લઈ અંગત મિલકત ખરીદવા કર્યો હતો**

નવી દિલ્હી : બેન્ક લોન ફ્રોડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડીરેકટરેટ (ઈડી) દ્વારા વિશાખાપટ્ટમના એક પુરૂષ અને તેના પરિવારની માલીકીના ફિશ ફાર્મ, પોલ્ટ્રી ફોર્મ અને બેન્ક ખાતા જપ્ત કરવામાં આવ્યા હતા, એમ તપાસ એજન્સીએ કહ્યું હતું.

આ સંપત્તિ કુમાર પપ્પુ સિંહ અને તેમના પરિવારની હતી.ફિશ ફામલ્ગ માટે કિસાન ક્રેડિટ કાર્ડ લોન લેવા છેતરપિંડી કરનર કેટલાક ચોક્કસ લાભાર્થીઓ, આઈડીબીઆઈ બેન્કના અધિકારીઓ સામે વિશાખાપટ્ટમમાં સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆરના આધારે ઈડીએ કેસ કર્યો હતો.

ઈડીએ આક્ષેપ કર્યો હતો કે સિંહે છેતરપિંડી કરી તેના પરિવારના , નોકરોના અને તેના ઓળખીતાઓના કુલ૮૭ સભ્યોના નામે કિસાન ક્રેડિટ કાર્ડ લોન લીધી હતી.તેણે કોલેટ્રલ તરીકે પોતાની સંપત્તિ મૂકી હતી.ત્યાર પછી લોનનો ખોટી રીતે ઉપયોગ કર્યો હતો.' લોન લેનારાઓના ખાતામાંથી તમામ રકમ ગેરકાયદે સિંહે પોતાના અને કંપનીના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી.

# સીએએ અને એનઆરસીનો વિરોધ ચાલુ રહેશે : મમતા બેનરજી

કોલકાતા : એનડીએ સરકારે ઘડેલા નવા નાગરિકતા સુધારા ધારાની વિરુદ્ધ સમગ્ર વિપક્ષો પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીની આગેવાની હેઠળ વિરોધ રેલી, સભાો યોજી રહ્યા હતા.

વિવિધ પક્ષોએ અલગ અલગ અને સંગઠિત રીતે કાયદાનો વિરોધ ચાલુ રાખ્યો હતો. જો કે એમાં મમતા બેનરજી અને બસપા પ્રમુખ માયાવતી સૌથી વધુ બોલકા રહ્યાં છે. રાજકીય પંડિતો પણ માને છે કે આ કાયદાનો અમલ કરાવવાનું કેન્દ્ર સરકાર માટે સહેલું નહીં હોય. મમતા બેનરજી તો કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહનું નામ પાડીને સતત પડકાર ફેંકી રહ્યાં હતાં. તૃણમૂલ કોંગ્રેસ પક્ષે આ કાયદો બનવા અગાઉ ખરડા રૂપે લોકસભામાં રજૂ થયો ત્યારે પણ વિરોધ નોંધાવ્યો હતો અને કાયદો બન્યો એ દિવસથીજ સતત મમતા બેનરજી એ કાયદા વિરુદ્ધ લડત ચલાવી રહ્યાં છે. તેમણે એક કરતાં વધુ વખત જાહેરમાં કહ્યું છે કે મારા રાજ્યમાં હું નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સ અને નાગરિકતા સુધારા કાયદાનો અમલ કોઈ પણ ભોગે નહીં થવા દઉં. અહીં એ જાણી લેવું જોઈએ કે ૨૦૨૧માં પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપે જે રીતે મમતાના ગઢમાં ગાબડું પાડ્યું તેથી મમતા ચિંતિત છે તેથી મમતા આ મુદ્દે લડત ચાલુ રાખવા માગે છે.

## CAA અને NRC અંગે સમજાવવા ગયેલા ભાજપ નેતાને લોકોએ માર્યો

ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લામાં નાગરિકતા સંશોદન કાયદા(સીએએ) અને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર(એનસીઆર)ના ફાયદા બતાવવા ગયેલા ભાજપ નેતાને સ્થાનિક લોકોએ ઘેરી લઇને માર્યો હતો. જેના કારણે ભાજપ નેતાએ ત્યાંથી ભાગી જવું પડયું હતું.

## CAAની સમજણ નથી અને નીકળ્યા છે વિરોધ કરવા: નાયબ સૈની

ભાજપના ઉત્તર પ્રદેશના કુરુક્ષેત્ર વિસ્તારના સાંસદ નાયબ સૈનીએ રાહુલ ગાંધીને મૂર્ખશિરોમણી ગણાવ્યા હતા. કૈથલના જાહેર બાંધકામ ખાતાના રેસ્ટ હાઉસમાં સ્થાનિક લોકોની સમસ્યા જાણવા ગયેલા સાંસદ મિડિયા સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે બોલ્યા કે સીએએ શું છે એની રાહુલને કશી સમજ નથી. એ મનમાં આવે એવો બડબડાટ કર્યે જાય છે.

## પ્રદર્શનકારીઓ પાસેથી નુકસાનની વસૂલાત કરાશે

નવી દિલ્હી : રેલવે બોર્ડનાં અધ્યક્ષે કહ્યું કે સીએએ વિરોધી પ્રદર્શનો દરમિયાન ૮૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટીને નુકસાન થયુ છે,તેમાં સામેલ લોકો પાસેથી તે વસુલવામાં આવશે. રેલવે બોર્ડનાં અધ્યક્ષ વિનોદ કુમાર યાદવે કહ્યું કે સીએએનાં વિરોધ દરમિયાન લગભગ ૮૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટીનું નુકસાન થયુ છે.જેમાં ૭૦ કરોડ રૂપિયા પૂર્વી રેલવેની છે અને ૧૦ કરોડ રૂપિયા નોર્થ ફ્રન્ટીયર રેલવેની છે. પશ્ચિમ બંગાળમાં રેલવેને સૌથી વધુ નુકસાન થયું છે, ૨૧ ડિસેમ્બરનાં દિવસે રેલવેએ ઝોન પ્રમાણે પોતાના નુકસાનની વિગત આપી હતી.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**તા.૦૩-૦૧-૨૦૨૦ થી તા. ૦૯-૦૧-૨૦૨૦**

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

કાર્યક્ષેત્રે જેટલો પુરુષાર્થ વધારશો તેટલા પ્રમાણમાં પણ સફળતા ન મળે ત્યારે મનોબળ ટકાવી રાખવું. નવા રોકાણો બાબતે થોભો અને રાહ જુઓની નીતી અપનાવવી પડે. જીવનસાથીની મુલાકાતને હૃદય મન પ્રફુલ્લિત બને. ધાર્યુ થવામાં વિલંબ સર્જાય. કષ્ટદાયક યાત્રા જેમ તેમ કરીને પૂરી કરી શકશો. સ્થાયી પ્રોપર્ટી ખરીદ વેચાણ બાબતે ઉતાવળીયા નિર્ણયો કરવા નહીં. નોકરીયાત વર્ગને કામનો બોજો વધુ આવી જવાથી થાક અનુભવશો. આવકના સાધનો વધારવા માટે વધુ જહેમત ઉઠાવવી પડે.



### વૃષભ (બ,વ,ઉ)

મનોબળની કસોટી થાય. કાર્યક્ષેત્રે શ્રેષ્ઠ પ્રગતિ જળવાઈ રહેશે. સમાજસેવાના કાર્યો કરી શકશો. આકસ્મિક ઈજામાંથી આસાનીથી ઉગરી જવાય. હૃદયની બિમારીમાં રાહત જણાય. પરિવારમાં વ્યકિત વિશેષની પ્રગતિથી આનંદ થાય. નિર્ધારશક્તિ દૃઢ બનશે. પૂર્વે કરેલા આયોજનોમાં સફળતાનું પ્રમાણ નહીંવત રહેશે. દામ્પત્યજીવનમાં એકબીજાની અનુકૂળતા જળવાઈ રહેશે. હરીફો પર વિજય મેળવવામાં નાકામ્યાબ નિવડશો. મૂડી રોકાણ વિશે ચિંતા રહે.



### મિથુન (ક,છ,ઘ)

જાહેર સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરી શકશો. પરિવારમાં મહત્વની કામગીરી થતાં મન પ્રસન્ન રહેશે. સંશોધનાત્મક અભિગમ વધે. દામ્પત્યજીવનમાં નિખાલસ રચનાત્મક ભૂમિકા નહીં ભજવી શકાય. જીવનસાથી પ્રત્યે સ્નેહ વધે. ઘરને આધુનિક બનાવી શકશો. અભ્યાસમાં મધ્યમસ્તરીય પ્રગતિ, ખેતી જમીન મકાન અંગેના કાર્યો ગૂંચવણભર્યા રહેશે. ધાર્મિક પ્રવૃત્તિઓ રુંધાશે. કાયદાકીય બાબતમાં વિજયના માર્ગે આવશો. ઉઘરાણી મેળવવામાં કંઈક અંશે સફળ થશો.



### કર્ક (ડ,હ)

આપના આ સપ્તાહમાં નવીન કાર્યોની શુભ શુરઆત કરી શકશો. પ્રગતિમાં ઝડપભેર વધારો થાય. પણ આ સપ્તાહમાં આવેશમાં આવીને ઉતાવળીયા નિર્ણયો કરવા નહીં.આ સપ્તાહમાં નિકટ સંબંધીઓ સાથે , કુટુંબીજનો સાથે વ્યર્થના વૈચારિક મતભેદ ન વધે તે બાબતે કાળજી રાખવી. આ સપ્તાહમાં સ્થાયી પ્રોપર્ટી ખરીદી વેચાણ બાબતે વિશેષ કાળજી રાખવી. આમ, લોકોપયોગી કાર્યો કરી શકશો. આવક જાવકના પલ્લા સરભર રહેશે. જીવનસાથીની મહત્વકાંક્ષાઓ પૂર્ણ કરી શકશો. જૂના હઠીલા દર્દોમાં રાહત રહે.



### સિંહ (મ,ટ)

આપના આ સપ્તાહમાં નવીન કાર્યોનો આરંભ કરી શકશો. અનેક વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મેળવી શકશો. કાર્યક્ષેત્રે શ્રેષ્ઠ પ્રગતિ કરી શકસશો. યશ- ખ્યાતિમાં વધારો થાય. વ્યાપારમાં નિખાલસતા અને આનંદોલ્લાસનુ વાતાવરણ રહે. જીવનસાથીની મનો કામના પૂર્ણ થતાં સ્નેહમાં વધારો થાય. આરોગ્યમાં રાહત રહેશે. પાચનતંત્રની બિમારીમાં રાહત રહે. પિતરાઇઓ સાથેના વિવાદનો ઉકેલ મેળવી શકશો. આર્થિક પ્રગતિમાં વધારો થાય. મિત્રનો સાથ-સહકાર મળી રહેશે.



### કન્યા (પ,ઠ,ણ)

આપના આ સપ્તાહમાં દામ્પત્ય જીવનમાં મધુરતા જળવાઇ રહેશે. સંતાનની પ્રગતિ માટેના નવા આયોજન કરી શકશો. લાંબા ગાળાના રોકાણો કરી શકશો. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યો પ્રત્યે રુચિ વધે. વડીલોનો પ્રગતિમાં સાથ-સહકાર મળી રહેશે. ધંધાકીય આયોજનો માટેના અમલ માટે પૂર્વ દિશામાંથી લાભકારક પ્રસ્તાવ મળે. યુવકોને મહત્વના કાર્યો અને આયોજનનોના અમલ માટે રાહ જોવી પડે. જાહેર સામાજિક કાર્યો કરવાથી વિશેષ માન-સન્માન મળે. નવા સાહસો કરી શકશો.



### તુલા (ર,ત)

આપના આ સપ્તાહમાં મિત્રો, સ્વજનોમાં નિખાલસતાભર્યા વ્યવહારથી પ્રેમ અને આદર વધી શકશે. ધર્મ કાર્યો અને આધ્યાત્મિક કાર્યોમાં રુચિ વધે. જીવનસાથીના વ્યવહારમાં સ્નેહ અને ઉદારતાનુ પ્રમાણ વધે. આ સપ્તાહમાં ભરોસાપાત્ર વ્યકિતની ચકાસણી કરવામાં વધુ પડતી જહેમત લેવી પડે. છતાં સરળ કાર્યોમાં સિધ્ધિ રાખવી હિતાવહ નથી.યાત્રા પ્રવાસમાં આકસ્મિક ફેરફાર કરવા પડે. ઇશાન અને પૂર્વના પ્રવાસોમાં લાભદાયી પરિણામ મળે. વૈભવ સમૃદ્ધિની વસ્તુઓની ખરીદી કરી શકશો.



### વૃશ્ચિક (ન,ય)

આપના આ સપ્તાહમાં કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. આરોગ્ય અને આર્થિક પ્રગતિમાં વધારો થાય. યાર્ન અને તૈલી પદાર્થોના વ્યવસાયમાં સારી સફળતા મેળવી શકશો. આ સમયમાં ધારેલા કાર્યો પરિપૂર્ણ કરી શકશો. આ સપ્તાહમા નાણાંકીય દૃષ્ટિએ કોઇ બનાવટ ન કરી જાય તે બાબતે કાળજી રાખવી આકસ્મિક ઇજા અને વિષૈલા પદાર્થોથી કાળજી રાખવી. મિત્ર મંડળીમાં માન-સન્માનમાં વધારો થાય.નવા કાર્યોનો પ્રારંભ કરી શકશો. કાર્યક્ષેત્રે ભાગીદાર વર્ગનો સહકાર મળી રહેશે.



### ધન (ધ,ભ,ફ,ઢ)

આપના આ સપ્તાહમાં નવી રોજગારીની તકો મળે. આવક માં વધારો થાય. લાંબા ગાળાના રોકાણો નિર્વિઘ્ને પાર પાડી શકશો . મસ્તક અને સ્નાયુઓની બિમારીમાં રાહત રહે. જૂની ઉઘરાણી મેળવવામાં અનુકૂળતા વધે. મિત્રો, સ્નેહીઓ સાથેના વ્યવહારમાં આનંદ રહે. દક્ષિણ દિશાના પ્રવાસમાં લાભ થાય. વ્યવસાયલક્ષી આયોજનોમાં શ્રેષ્ઠ પ્રગતિ સાધી શકશો. રમણીય સ્થળોને ફરવા જવાનુ મન થાય. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીનો સહકાર મળી રહેશે. આર્થિક પ્રગતિ જળવાઇ રહેશે.



### મકર (ખ,જ)

આપના આ સપ્તાહમાં ધંધાકીય ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રગતિ સાધી શકશો. નવા રોકાણો લાભદાયી બને. દામ્પત્ય જીવનમાં મધુરતા જાળવી શકશો. પણ આ સપ્તાહમાં સંતાનોની પ્રગતિ માટે નવા વધુ ખર્ચ કરવા પડે. પણ એ ખર્ચાકરવાથી પણ મનમાં એક પ્રકારનો આનંદ વધે. સ્નેહીથી મિલન થાય. નોકરીયાત વગને કાર્યક્ષેત્રે થોડા વિવાદોનો સામનો કરવો પડે. પણ એમાંથી સુખદ સમાધાન મળી રહેશે. તમારી મહત્વકાંક્ષાઓ સંતોષવા બાબતે કંઇક હજી અસંતોષ અનુભવશો. આવકનુ પ્રમાણ વધે.



### કુંભ (ગ,સ,શ,ષ)

આપના આ સપ્તાહમાં જાહેર જીવનમાં માન -સન્માન મળે. લોકોપયોગી કાર્યો કરી શકશો. જૂની ઉઘરાણી મેળવવા બાબતે અનુકૂળ યોગો બને છે. મિત્રોની સંખ્યામાં વધારો થાય. વિદેશસ્થિત મિત્રના શુભ સમાચાર મળી રહેશે. વ્યવસાયલક્ષી આયોજન થાય. યાત્રા પ્રવાસમાં ધારેલી સફળતા મેળવી શકશો. તમારી પ્રગતિમાં પારાવારિક સભ્યોનો શ્રેષ્ઠ સહકાર મળી રહેશે. દામ્પત્ય જીવનમાં નાની નાની બાબતોના લીધે વૈચારિક મતભેદની સ્થિતિ ન સર્જાય તે બાબતે કાળજી રાખવી.



### મીન (દ,ચ,ઝ,થ)

આપના આ સપ્તાહમાં નવીન કાર્યો પ્રત્યેનો ઉત્સાહ જળવાઇ રહેશે. મિત્ર મંડળમાં રુચિ વધે. જાહેર જીવનમાં માન-સન્માન મળે. ટુંકી મુસાફરી લાભદાયી બને. કાર્યક્ષેત્રે સફળતાનુ પ્રમાણ વધુ રહેશે. કાર્યસિદ્ધિના યોગ પ્રબળ છે. નવા વ્યવસાયમાં ધારેલી સફળતા મેળવી શકશો. યાત્રા પ્રવાસ, ધાર્મિક મુસાફરી થઇ શકે. ભાગીદાર સાથે આ સપ્તાહમાં નાની નાની બાબતોના લીધે વિવાદની સ્થિતિ ન સર્જાય તે બાબતે કાળજી રાખવી. પડવા-વાગવાથી ઇજા ન થાય તે બાબતે કાળજી રાખવી.

# સામાજિક જીવનમાં કઈ રાશિના મિત્રો સાથે સાવધાની રાખવી



કોઈ સ્થળે મિત્ર સાથે ફરવા ગયા હોય અને નાની એવી વાતમાં તે તમારા પર ભડકી જાય તો? આવું અણધાર્યુ વર્તન તમને પણ આશ્ચર્યમાં મુકી દેશે. મિત્રની રાશિ પરથી તમે જાણી શકો છો કે તેની મિત્રતા કેવી સાબિત થશે. કઈ રાશિના મિત્રો સાથે સાવધાની રાખવી હિતાવહ છે.

**મેષ રાશિ :** આ રાશિના લોકો વધુ પડતા જ ઉત્સાહી હોય છે. તેઓ કોઈ એકના સારા મિત્ર બનવાના બદલે એક સમયે અનેક સાથે મિત્રતા રાખે છે. તેના કારણે સમસ્યાઓ સર્જાય છે.

**વૃષભ રાશિ :** આ રાશિના લોકોને ફેરફાર પસંદ નથી હોતા. આ લોકો પોતાના આદર્શો પર અને વિચારો પર જ મક્કમ રહે છે. જો કોઈ તેમને કોઈપણ પ્રકારના સૂચન આપે તો તેઓ તેનો વિરોધ કરે છે અને ઘણીવાર ઝઘડો પણ કરી બેસે છે.

**મિથુન રાશિ :** આ રાશિના લોકો જાણકારી એકઠી કરે છે પરંતુ તે સાચી છે કે નહીં તેનો વિચાર કરતાં નથી. જ્યારે સમસ્યા સર્જાય છે તો તેઓ બીજા પર પહેલા આરોપ લગાવે છે પરંતુ પોતાની ભુલ સ્વીકારતા નથી.

**કર્ક રાશિ :** આ રાશિના લોકો સંવેદનશીલ હોય છે. નાની-નાની વાતમાં પણ તે રડી પડે છે.

**સિંહ રાશિ :** આ રાશિના લોકો જે મનમાં હોય તે સ્પષ્ટ કહી દે છે. તેમને એ વાતથી પણ ફરક નથી પડતો કે તેમની વાતથી સામેવાળી વ્યક્તિને ખરાબ પણ લાગી શકે છે. જો કે તેઓ એવી માનસિકતા ધરાવતાં હોય છે કે આમ કરીને તેઓ અન્યની મદદ કરે છે.

**કન્યા રાશિ :** આ રાશિના જાતકો મૂંજવણમાં રહે છે. તેઓ વાતવાતમાં એ સાબિત કરવામાં વ્યસ્ત હોય છે કે તેમની કેટલી જરૂરીયાતો છે. તેઓ પોતાનામાં જ અન્યને પણ વ્યસ્ત રાખવા માંગતા હોય છે.

**તુલા રાશિ :** આ રાશિના જાતક શાંત અને સોહાર્દથી રહેવાનું પસંદ કરે છે. તેઓ બીજાની પસંદ-નાપસંદનો વિચાર કરતાં નથી. તેઓ પોતાના વિચારો અન્ય પર થોંપે રાખે છે.

**વૃશ્ચિક રાશિ :** આ રાશિના જાતકોને એકલતા પ્રિય હોય છે. જો તેના મિત્ર તેની વાત નથી માનતા તેઓ મિત્રતા તોડવા માટે પણ તૈયાર થઈ જાય છે.

**ધન રાશિ :** આ રાશિના લોકોનો સ્વભાવ અપ્રત્યાશિત હોય છે. તેઓ બોલતા બોલતા અટકી જાય છે, મનમાં આવે તો મસ્તીમાં નાચવા-ગાવા લાગે છે. આ રાશિના જાતકો પોતાની મસ્તીમાં જ મસ્ત રહે છે.

**મકર રાશિ :** આ જાતકો ગંભીર હોય છે અને તેના કામમાં વ્યસ્ત રહેવામાં માને છે.

**કુંભ રાશિ :** આ રાશિના લોકો જો કોઈના વિચારો સાથે સંમત નથી હોતા તો પણ દર્શાવતા નથી. પરંતુ જ્યારે સમય આવે ત્યારે તેમનો મત સ્પષ્ટ કરી દે છે.

**મીન રાશિ :** આ રાશિના લોકોનો સ્વભાવ વિચિત્ર હોય છે. તેઓ એકવાર કોઈને પોતાના જીવનમાં લાવવા માંગે તો તે કામ કરીને જ જંપે છે. ત્યાં સુધી તેઓ પીછો છોડતા નથી. જો કે તેમને એકને ભુલી અને બીજાની નજીક જતાં સમય નથી લાગતો.

# મુસાફરી માટે ઘરેથી નીકળતા રાખો આ ખાસ વાતનું ધ્યાન, નહિં તો થશે અપશુકન

• કોઈપણ પ્રકારની યાત્રાની શરૂઆત પહેલા એ જાણવું જરૂરી છે, કે જે કામ માટે જઈ રહ્યા છીએ તેના માટે કઈ દિશા શુભ છે અને કઈ દિશા અશુભ છે. જો મહત્વના કામ માટે જતી વખતે આ વાતને ધ્યાનમાં રાખવામાં આવે તો યાત્રા સુખદ રહે છે. અને જો તમે કોઈ કામ માટે જતા હોય તો તેમાં સફળતા અવશ્ય મળે છે.



## પૂર્વ દિશા

આ દિશામાં સોમવારે અને શનિવારે દિશા શૂલ હોય છે. એટલા માટે આ દિવસોમાં પૂર્વ દિશાની યાત્રા ટાળવી જોઈએ. આ યાત્રા અશુભ ફળ આપે છે.

## પશ્ચિમ દિશા

આ દિશામાં રવિવાર તેમજ શુક્રવારે દિશા શૂલ હોય છે. તેથી મહત્વના કામ માટે જવાનું હોય તો આ બંને દિવસે પશ્ચિમ દિશામાં યાત્રા કરવાનું ટાળવું જોઈએ.

## દક્ષિણ દિશાઃ

જો કોઈ એવું કામ કરવા જઈ રહ્યા છો જેનાથી આર્થિક લાભ થવાનો હોય અને આ યાત્રા દક્ષિણ દિશા તરફની હોય તો તેને ક્યારેય ગુરુવારે ન કરવી.

## ઉત્તર દિશા

આ દિશામાં મંગળવારે અને બુધવારે યાત્રા ન કરવી જોઈએ. આ યાત્રાનું ફળ અમંગળકારી હોય છે. ઉપરોક્ત સૂચનોમાં દિશા શૂલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દિશા શૂલ એટલે કે તે કાળની અસર સૂર્યોદયથી બપોરના ૧૨ વાગ્યા સુધી રહે છે. એટલે જો કોઈ વખત અનિવાર્ય સંજોગોમાં બહાર જવાનું થાય તો ૧૨ વાગ્યા પછી જઈ શકાય છે. અથવા તો શ્રેષ્ઠ ઉપાય છે કે તમે સૂર્યોદય પહેલા જ મુસાફરી શરૂ કરી દો. આમ કરવાથી તે દિવસના શૂલ કાળની અસરથી તમે બચી શકો છો અને યાત્રાને શુભ બનાવી શકો છો.

# CAAનો વિરોધ કરનારા પાક.ના અત્યાચાર સામે અવાજ ઉઠાવે

બેંગ્લોર : કર્ણાટકની બે દિવસની મુલાકાતે પહોંચેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે તુમકુર ખાતે એક જનસભાને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, આજે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત આઠ કરોડમા ખેડૂતનાં ખાતાંમાં નાણા જમા કરાવાયાં છે. ગુરુવારે આ યોજના અંતર્ગત દેશભરના ૬ કરોડ ખેડૂત પરિવારના બેન્ક ખાતામાં રૂપિયા ૧૨,૦૦૦ કરોડની રકમ જમા કરાવવામાં આવી છે. એક સમય હતો જ્યારે દેશમાં ગરીબ ખેડૂતો માટે એક રૂપિયો મોકલાતો પરંતુ તેમાંથી તેની પાસે ફક્ત ૧૫ પૈસા પહોંચતા હતા. બાકીના ૮૫ પૈસા વચેટિયા ખાઈ જતા હતા. આજે તમામ નાણા દિલ્હીથી સીધા ખેડૂતના ખાતામાં જમા કરાવાય છે. પીએમ મોદીએ તુમકુરમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન દ્વારા રૂપિયા ૧૨,૦૦૦ કરોડની રકમ ૬ કરોડ ખેડૂતોનાં ખાતામાં ટ્રાન્સફર કરી હતી. વડા પ્રધાને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો અમલ નહીં કરનારા રાજ્યોની આકરી ટીકા કરતાં જણાવ્યું હતું કે, તેઓ યોજનાનો અમલ નહીં કરીને રાજનીતિ કરી રહ્યા છે. આ પ્રકારની રાજકીય માનસિકતાના કારણે લાંબાસમયથી ખેડૂતોને પીડા થઈ રહી છે. મોદીએ ઉમેર્યું હતું કે, દેશમાં સીએએનો વિરોધ કરનારા પાક.માં થઈ રહેલા અત્યાચાર મુદ્દે અવાજ ઉઠાવે તે જરૂરી છે.



## પીએમ મોદીએ DRDOની પાંચ લેબોરેટરી સમર્પિત કરી

પીએમ મોદીએ ગુરૂવારે બેંગલોરમાં યુવા વૈજ્ઞાાનિકો માટે DRDOની પાંચ લેબોરેટરી દેશને સમર્પિત કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, મને ખુશી છે કે એડવાન્સ ટેક્નોલોજીના ફિલ્ડમાં પાંચ લેબોરેટરી તૈયાર કરવાના વિચારને ગંભીરતાથી લેવાયો અને હવે તે બેંગલોર, કોલકાતા, ચેન્નઇ, હૈદરાબાદ અને મુંબઇમાં તૈયાર થઇ રહી છે. આ લેબોરેટરીઓ દેશમાં ઉભરતી ટેક્નોલોજીના ફિલ્ડમાં સંશોધનોમાં મદદરૂપ થશે

# મહારાષ્ટ્રમાં મંત્રીમંડળનું વિસ્તરણ, ૩૬ નવા મંત્રીઓએ શપથ લીધાં

મુંબઈ : મહારાષ્ટ્રમાં શિવસેના-એનસીપી-કોંગ્રેસના મહા વિકાસ અઘાડી ગઠબંધનની ૨૮ નવેમ્બરે સરકાર રચાયાના ૩૧ દિવસ બાદ સોમવારે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું હતું. ૨૮મી નવેમ્બરે યોજાયેલા શપથ ગ્રહણમાં સીએમ ઉદ્ધવ ઠાકરેની સાથે અન્ય ૬ મંત્રીઓએ શપથ લીધાં હતાં. સોમવારે વધુ ૩૬ ધારાસભ્યોએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેતાં હવે મંત્રીમંડળની કુલ સંખ્યા ૪૧ પર પહોંચી છે.



મહારાષ્ટ્ર વિધાનભવન ખાતે આયોજિત સમારોહમાં રાજ્યપાલ કોશિયારીએ ઉદ્ધવ ઠાકરે મંત્રીમંડળમાં સામેલ કરાયેલા ૨૬ કેબિનેટ સ્તરના અને ૧૦ રાજ્યકક્ષાના મંત્રીઓને શપથ લેવડાવ્યાં હતાં. જેમાં ૩ મહિલા મંત્રીઓનો પણ સમાવેશ થાય છે. સૌથી પહેલાં એનસીપીના નેતા અને શરદ પવારના ભત્રીજા અજિત પવારે રાજ્યના નાયબ મુખ્યમંત્રીપદે શપથ લીધાં હતાં. ઉદ્ધવ ઠાકરેએ તેમના ૨૯ વર્ષીય પુત્ર આદિત્ય ઠાકરેનો પણ મંત્રીમંડળમાં સમાવેશ કર્યો છે. પૂર્વ સીએમ અને કોંગ્રેસ નેતા અશોક ચવ્હાણને પણ મંત્રીપદ અપાયું છે.

## ટીમ ઉદ્ધવ ઠાકરેમાં સામેલ નવા મંત્રી

**શિવસેના ક્વોટા :** આદિત્ય ઠાકરે – કેબિનેટ મંત્રી. અનિલ પરબ – કેબિનેટ મંત્રી, ઉદય સામંત – કેબિનેટ મંત્રી, સંજય રાઠોડ – કેબિનેટ મંત્રી, ગુલાબરાવ પાટિલ – કેબિનેટ મંત્રીી, દાદા ભુસે – કેબિનેટ મંત્રી, સંદીપન ભુમરે – કેબિનેટ મંત્રી, અબ્દુલ સત્તાર – રાજ્યકક્ષાના મંત્રી, શંભુરાજે દેસાઈ – રાજ્યકક્ષાના મંત્રી, શંકરરાવ ગડ્ક– રાજ્યકક્ષાના મંત્રીસ, રાજેન્દ્ર યાદરાવકર – રાજ્યકક્ષાના મંત્રી, બચ્ચુ કાદુ – રાજ્યકક્ષાના મંત્રી

**એનસીપી ક્વોટા :** અજિત પવાર – કેબિનેટ મંત્રી, ધનંજય મુંડે – કેબિનેટ મંત્રી, જિતેન્દ્ર અવ્હાડ – કેબિનેટ મંત્રી, નવાબ મલિક – કેબિનેટ મંત્રી, ડો. રાજેન્દ્ર શિંગણે – કેબિનેટ મંત્રી, રાજેશ ટોપે – કેબિનેટ મંત્રી, દિલીપ વાલસે પાટિલ – કેબિનેટ મંત્રી, હસન મુશર્રિફ – કેબિનેટ મંત્રી, અનિલ દેશમુખ – કેબિનેટ મંત્રી, બાલાસાહેબ પાટિલ – કેબિનેટ મંત્રી, દત્તા ભારણે – રાજ્યકક્ષાના મંત્રી, ર્કાજક્ત તનપુરે – રાજ્યકક્ષાના મંત્રી, અદિતિ તટકરે – રાજ્યકક્ષાના મંત્રી, સંજય બનસોડે – રાજ્યકક્ષાના મંત્રી

**કોંગ્રેસ ક્વોટા :** અશોક ચવ્હાણ – કેબિનેટ મંત્રી, કે સી પડવી – કેબિનેટ મંત્રી, વિજય વડેટ્ટિવર – કેબિનેટ મંત્રી, અમિત દેશમુખ – કેબિનેટ મંત્રી, સુનીલ કેદાર – કેબિનેટ મંત્રી, યશોમતી ઠાકુર – કેબિનેટ મંત્રી, વર્ષા ગાયકવાડ – કેબિનેટ મંત્રી, અસલમ શેખ – કેબિનેટ મંત્રી, સતેજ પાટિલ – રાજ્યકક્ષાના મંત્રી, વિશ્વજિત કદમ – રાજ્યકક્ષાના મંત્રી.

# આમ્રપાલી અનિલ શર્માની પ્રોપર્ટીની હરાજી થશેઃ સુપ્રિમ

નવી દિલ્હી : આમ્રપાલી ગ્રુપનાં પુર્વ ચેરમેન માટે માઠા સમાચાર છે.હવે આમ્રપાલી ગ્રુપ સહિત કંપની ચેરમેનની અનિલ શર્માની અંગત પ્રોપર્ટી નિલામ થશે. સુપ્રિમ કોર્ટનાં આદેશ અનુસાર ૮ જાન્યુઆરીનાં દિવસે બોલી લગાવનારાને ચાર કલાકનો સમય આપવામાં આવશે. હરાજીની જવાબદારી મેટલ સ્ક્રેપ ટ્રેડ કોર્પોરેંશનને આપવામાં આવી છે. કોર્ટનાં અનુસાર નિલામીની સંપુર્ણ પ્રક્રિયા કોર્ટનાં રીસીવર આર વેંકટમણીની સુચના પ્રમાણે થશે. જો કે નિલામીની તારીખની જાહેરાત આપવામાં આવી છે. બોલી લગાવવાનાં ઈચ્છુક લોકોને જવાબ આપવા માટે એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે.

# નવા વર્ષે કેન્દ્રની ભેટ : પાંચ વર્ષ માટે ૧૦૫ લાખ કરોડના પ્રોજેક્ટ લોન્ચ

- **મંદ ગતિએ ચાલી રહેલા અર્થતંત્રને પાટે લાવવા વધુ એક ડોઝ આપવાનો પ્રયાસ**

નવી દિલ્હી : વર્ષ ૨૦૧૯ પૂર્ણ થઈ ગયું છે અને હવે વિશ્વભરમાં ૨૦૨૦ના વધામણા કરવામાં આવ્યા છે ત્યારે બીજી તરફ કેન્દ્ર સરકારે પણ મંદ પડેલી આૃર્થવ્યવસ્થાને સુધારવા માટે કેટલાક પગલા લેવાની તૈયારી દર્શાવી છે. જેને ધ્યાનમાં રાખીને નાણા પ્રધાન નિર્મલા સિતારમણે જાહેરાત કરી હતી કે આગામી પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ૧૦૫ લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને પુરા કરવામાં આવશે.

આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટેના ટાસ્ક ફોર્સની રિપોર્ટ પણ મંગળવારે જાહેર કરવામાં આવી હતી. સરકારનો દાવો છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જે ૧૦૫ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો લક્ષ્ય છે તેનાથી દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલી કંપનીઓ વેગ મળશે અને તેથી આર્થિક સ્થિતિમાં પણ સુધારા આવવાની શક્યતાઓ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સ્વતંત્રતા દિને આપેલા ભાષણમાં જણાવ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ૧૦૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

# મધ્યપ્રદેશમાં કેપ્સૂલ લિફ્ટ તૂટતા ઉદ્યોગપતિ સહિત ૬ જણના મોત

ભોપાલ : ગઈકાલે બધા ૨૦૧૯ને બાય-બાય કરી નવા વર્ષ ૨૦૨૦ના સ્વાગતની તૈયાર કરી રહ્યા હતા ત્યારે મધ્યપ્રદેશમાં એક ભયંકર દુર્ઘટના બની. જી હા મહૂના જાણીતા ઉદ્યોગપતિ અને પાથ ઈન્ડિયાના સીઈઓ પુનીત અગ્રવાલના પાતાલપાની વિસ્તારમાં આવેલા ફાર્મ હાઉસમાં ૩૧ ડિસેમ્બરની ઉજવણીની પાર્ટી શોકમાં ફેરવાઈ ગઈ હતી. પુનીત અગ્રવાલ તેમની પત્ની, પુત્રી, જમાઈ, પૌત્ર અને મુંબઈમાં રહેતા ત્રણ સંબંધીઓ સાથે ફાર્મ હાઉસ પર ગયા હતાં. જ્યાં બની રહેલા ટાવરમાં લગાવવામાં આવેલી કેપ્સૂલ લિફ્ટમાં તેઓ ઉતરી રહ્યા હતાં. ત્યારે લિફ્ટ ૭૦ ફુટની ઉંચાઈ પરથી અચાનક પલટી હતી અને બધા નીચે પટકાયા હતા. મંગળવાર સાંજે બનેલી આ દુર્ઘટનામાં ૫૩ વર્ષના ઉદ્યોગપતિ પુનીત, તેમની ૨૭ વર્ષની પુત્રી પલક, ૨૮ વર્ષના જમાઈ પલકેશ અગ્રવાલ, ૩ વર્ષનો પૌત્ર નવ, મુંબઈથી આવેલ પલકેશના ૪૦ વર્ષના બનેવી ગૌરવ અને ૧૧ વર્ષનો પુત્ર આર્યવીરના મોત થયા હતા. ગૌરવની પત્ની નિધિની હાલત ગંભીર છે. પુનીત અગ્રવાલની પત્ની દુર્ઘટના સમયે નીચે અને પુત્ર નિપુન ટાવર પર હતા, બંનેની નજર સામે આ દુર્ઘટના ઘટી હતી. પુત્રવધૂ સાક્ષી ગર્ભવતી હોવીથી ઘરે જ હતી. ઉલ્લેખનીય છે કે પુનીત અગ્રવાલ ૧૪ કંપનીઓમાં ડાયરેકટર અને અંદાજે ૧૯૯૨ કરોડની નેટવર્થ છે.

# લેફ્ટિનન્ટ જનરલ નરવણે સેનાના ૨૮માં પ્રમુખ નિમાયા

નવી દિલ્હી : જનરલ બિપિન રાવતે ભારતીય ભૂમિદળના સેનાપતિપદેથી નિવૃત્ત થઈને ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફની જવાબદારી સંભાળી લીધી છે જ્યારે લેફ્ટનંટ જનરલ મનોજ મુકુંદ નરવણે ભૂમિદળના સેનાપતિનો હોદ્દો ધારણ કર્યો હતો. નવા સેનાપતિ મનોજ મુકુંદ નરવણે ચાલુ વર્ષના સપ્ટેંબરમાં નાયબ સેનાપતિની જવાબદારી સંભાળવા પહેલાં તેઓ પૂર્વી કમાન્ડના વડા હતા. આ દળ ચીન સાથે જોડાતી ૪,૦૦૦ કિલોમીટર લાંબી ભારતીય સીમા પર બાજ નજર રાખે છે. ૩૭ વર્ષની પોતાની દીર્ઘ કારકિર્દીમાં લેફ્ટનંટ જનરલ નરવણેએ સંઘર્ષ ક્ષેત્ર અને કશ્મીર જેવા વિસ્તારમાં પણ પ્રશંસનીય સેવા બજાવી છે.

અનુસંધાન પેજ નંબર 03

## વિરાટ કોહલી : વૈશ્વિક ફલક...

સારો ૪૩.૯ નો રહ્યો છે. સ્ટેઈનના દેશના જ એબી ડી વિલિયર્સ આ યાદીમાં સ્થાન પામનારો બીજો દ. આફ્રિકન ખેલાડી છે. ડી વિલિયર્સને તેની આક્રમકતા સાથે તેના બ્લોકીંગ માટે પણ યાદ રાખવો પડે તેમ છે. આ દાયકામાં હાશિમ અમલાએ એક વખત ૫૦થી ઓછા રન બનાવવા બદલ એક ટેસ્ટ મેચમાં ૨૦૦થી વધુ બોલનો સામનો કર્યો હતો. પરંતુ ડી વિલિયર્સ આવું ૩ વખત કરી ચૂક્યો છે. ડી વિલિયર્સના નામે વન ડે ક્રિકેટમાં સૌથી વધુ ૫૦, ૧૦૦ અને ૧૫૦ રન બનાવવાનો રકોર્ડ અંકિત થયેલો છે. ઉપરોક્ત પાંચ ખેલાડીઓનું ક્રિકેટમાં યોગદાન અવિસ્મરણીય બની રહેશે. એમાંય કોહલી અને સ્મિથ પાસે તો હજુ ઘણી લાંબી કારકિર્દી બાકી છે. ત્યારે તેઓ હજુ કેટલો સમય ક્રિકેટ પર પ્રભાવ પાડે છે એ તો સમય આવ્યે જ જાણી શકાશે છતા એક વાત ચોક્કસ છે કે આ બંને હાલમાં જે રીતે રમી રહ્યા છે એ જોતા કહી શકાય કે તે તેઓ નિઃશંકપણે મહાન ખેલાડીઓની શ્રેણીમાં છે.

## ક્રોસવર્ડનો ઉકેલ

**આડી ચાવી :** (૧) વસીલાદાર (૪) નવારસ (૭) યમ (૮) સવા (૯) ક્ષાર (૧૦) કનક (૧૨) કડબ (૧૩) વંતાક (૧૪) ખાતર (૧૭) કતલ (૧૮) મોસમ (૧૯) પડતર (૨૧) ચાંદ (૨૨) સમો (૨૪) દાર (૨૬) કળી (૨૭) કર (૨૯) યાત્રી (૩૦) શર (૩૧) વણજ (૩૨) નજારા (૩૪) નિમક (૩૫) ગરબડ

**ઊભી ચાવી :** (૧) વટક (૨) લાયક (૩) દામ (૪) નવાબ (૫) રક્ષા (૬) સરદાર (૮) સડક (૧૧) નટ (૧૨) કતાલ (૧૩) વંતર (૧૪) ખાસ (૧૫) તમસ (૧૬) સંપદા (૧૭) કત (૧૮) મોદક (૨૦) ડરકણ (૨૩) મોઝાર (૨૫) ભયાનક (૨૮) રજનિ (૩૦) શરાબ (૩૧) વગો (૩૨) નગ (૩૩) જાર


સીટીઝનશીપ, PR કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ

તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એકસપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન,ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેંટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.

એક પ્રોફેસનલ કેર અને યોગ્યતા દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ.

ACCESS2CANADA

Since 20 Years Easy Access Consultant Inc.

અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

સંપર્ક કરો અલી : 437-225-1070

Email : alidaredia@hotmail.com

HEAD OFFICE : 214 - 1945 Dundas Street East, Mississauga, ON L4X2T8, Canada.

BRANCH : 1500 Meyerside Drive, Mississauga-Ontario, L5T 1V4; Canada

# ઈજીપ્તમાં ભારતીય પર્યટકો ભરેલી બસ દુર્ઘટનાગ્રસ્ત, ૨૨ના મોત, ૮ ઈજાગ્રસ્ત

કૈરો : ઈજીપ્તનાં એન સોખના શહેરની પાસે ૧૬ ભારતીય પર્યટકોને લઈને જઈ રહેલી બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં લગભગ ૨૨ લોકોનાં મોત થયા છે જ્યારે ૮ લોકો ઘાયલ થયા છે.

ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આ જાણકારી રાજધાની કૈરોમાં સ્થિત ભારતીય દૂતાવાસ તરફથી આપવામાં આવી છે. ભારતીય દૂતાવાસે ટ્વીટર પર વિદેશ મંત્રાલયને ટેગ કરતાં લખ્યુ છે, “ઈજીપ્તનાં એન સોખનાની પાસે આજે ૧૬ ભારતીય પર્યટકોને લઈને જઈ રહેલી બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ છે. દૂતાવાસના અધિકારી સ્વેઝ શહેર અને કાહિરાની હોસ્પિટલોમાં હાજર છે. હેલ્પલાઈન નંબર +૨૦-૧૨૧૧૨૯૯૯૦૨ અને +૨૦-૧૨૮૩૪૮૭૭૭૯ ઉપલબ્ધ છે. તો બીજી તરફ ઈજીપ્તનાં ઓનલાઈન સમાચાર પત્ર અહરામ મુજબ, આ ઘટના પોર્ટ



સઈદ-દમિત્તા રાજમાર્ગ પર બસ અને ટ્રક અથડાવાના કારણે થઈ છે. જેમાં ૨૨ લોકોનાં મોત થયા છે અને ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જોકે, મૃતકોમાં કેટલાં લોકો ભારતીય છે તેનાં વિશે જાણકારી મળી શકી નથી.

# બ્રાઝીલની સરકારે કેમ્બ્રિજ ફેસબુકને ૧૬.૫ લાખ ડોલરનો દંડ ફટકાર્યો

- નાગરિકોના ડેટાનો ગેરકાયદે ઉપયોગ કરવા બદલ અમેરિકન કંપની દંડાઈ

બ્રાઝિલિયા : કેમ્બ્રિજ એનાલિટિકા ડેટા ચોરીના કેસમાં બ્રાઝિલની સરકારે ફેસબુક ઉપર ૧૬.૫ લાખ ડોલરનો દંડ ફટકાર્યો છે. કંપનીએ એક મહિનામાં આ રકમ ચૂકવવાની રહેશે. બ્રાઝિલના ન્યાય વિભાગે કહ્યું હતું કે કેસની તપાસ દરમિયાન જણાયું હતું કે એ સ્કેન્ડલમાં બ્રાઝિલના ૪.૪૩ લાખ નાગરિકોના ડેટાની ચોરી થઈ હતી.

૨૦૧૮માં કેમ્બ્રિજ એનાલિટિકા સ્કેન્ડર બહાર આવ્યું હતું. આ બ્રિટિશ એજન્સીએ ફેસબુકની મદદથી દુનિયાના ૮.૭ કરોડ યુઝર્સના ડેટાની ચોરી કરી હોવાનો સનસનીખેજ આરોપ લાગ્યો હતો. એ મુદ્દે વિવિધ દેશોમાં ફેસબુક સામે તપાસ શરૂ થઈ હતી. એવી જ તપાસ બ્રાઝિલમાં પણ થઈ હતી. એ તપાસમાં જણાયું હતું કે બ્રાઝિલના ૪.૪૩ લાખ ફેસબુક યુઝર્સના ડેટા કેમ્બ્રિજ એનાલિટિકા સ્કેન્ડલમાં ચોરી થયા હતા. એ કેસમાં બ્રાઝિલ સરકારે અમેરિકન સોશિયલ મીડિયા કંપનીને આકરો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ફેસબુકે એક મહિનામાં ભરવાની રહેશે. ફેસબુકને રીવ્યૂ પિટિશન માટે એક સપ્તાહનો સમય અપાયો છે.

# નિસાનના પૂર્વ ચેરમેન કાર્લો ઘોસન જાપાન છોડી ફરાર થઈ ગયા : લેબેનોનનાં શરણે

બૈરુત : ઓટો કંપની નિસાનના પૂર્વ ચીફ કાર્લો ઘોસન જાપાન છોડીને લેબનોન ભાગી ગયા છે. જાપાનમાં પોતાને અન્યાય થઈ રહ્યો હોવાનું કારણ આપીને તેઓ લેબેનોન ચાલ્યા ગયા છે. જાપાનમાં ઘોસનની સામે નાણાકીય ગેરરીતિનો કેસ ચાલી રહ્યો છે. ૬૫ વર્ષીય ઘોસન ફ્રાન્સ, બ્રાઝિલિયન અને લેબનોનનો પાસપોર્ટ ધરાવે છે. ઘોસન સોમવારે રાજધાની બૈરુતમાં આવ્યા હતા. ઘોસને કહ્યું કે જાપાનની ક્રૂર અને જૂનીપુરાણી ન્યાયિક સિસ્ટમ મને બંદી બનાવી ન શકે. જાપાનમાં ગુનાની ધારણા કરી લેવાય છે અને ભેદભાવ ચરમસીમાએ છે અને ત્યાં માનવાધિકાર જેવી કોઈ વસ્તુ નથી. હું ન્યાય છોડીને ભાગી આવ્યો નથી પણ અન્યાય અને રાજકીય પજવણીને કારણે જાપાન છોડી દીધો છે. હું હવે મુક્ત છું અને મીડિયા સાથે મોકળા મને વાત કરી શકીશ.

# અમેરિકામાં ચર્ચ પર હુમલો: બેનાં મોત, શુટર ઠાર મરાયો

હ્યુસ્ટન : સન્ડે માસ પ્રેયર દરમિયાન ચર્ચમાં ઘુસી આવેલા આક હત્યારાએ ફાયરિગ કરતા પ્રાર્થના કરી રહેલા બે લોકોના મોત થયો હતા. જો કે પ્રાર્થના કરી રહેલા એક શખસે પોતાના હથીયારથી વળતો હુમલો કરતાં શુટર પણ માર્યા ગયો હતો, એમ સત્તાવાળાઓએ કહ્યું હતું.

રવિવારે સવારે લગભગ ૧૧-૫૦ વાગે ફાયરિંગની ઘટના બની હતી. સોશિયલ મિડીયામાં પ્રાર્થનાનો જીવંત પ્રસારણ કરાઇ રહ્યું હતું. સત્તાવાળાઓ અનુસાર, ફોર્ટ વર્થના એક પરા વ્હાઈટ સેટલમેન્ટમાં વેસ્ટ ફ્રી ચર્ચ ઓફ ક્રાઈસ્ટમાં એક શુટરે બંદુક કાઢી આ હુચકારો કૃત્ય કર્યુ હતું.

પ્રાર્થના કરી રહેલા બે લોકોને હોસ્પિટલે ખસેડાયા હતા જ્યાં તેઓ ગુજરી ગયા હતા, એમ પોલીસે કહ્યું હતું. વિડીયો ફુટેજમાં ગનમેન તેની




પાસે ઊભેલી એક વ્યક્તિ સાથે વાત કરે છે જે અન્ય એક પ્રાર્થના કરી રહેવા પેરિશનર તરફ ઈશારો કરે છે. અચાનક જ ગનમેન બંદુક કાઢી ફાયરિંગ શરૂ કરી દે છે. ત્યાર પછી જે વ્યક્તિ સાથે એણે પહેલા વાત કરી હતી તેને પણ શુટ કરે છે. પ્રાર્થનામાં સામેલ એક વ્યક્તિ એ સીક્યોરિટી ગાર્ડની ભૂમિકા ભજવી તરત જ પોતાના શસ્ત્રથી હત્યારાને શુટ કરી દીધો હતો.

# સાયબર ગુના સામે લડવાનો રશિયાનો પ્રસ્તાવ UNમાં પસાર,અમેરિકાનો વિરોધ

લંડન : સાયબર ગુનાઓ સામે લડવા માટે નવી આંતરરાષ્ટ્રિય સંધીનો મુસદ્દો તૈયાર કરવાનાં પ્રસ્તાવને શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રએ મંજુરી આપી છે. ગુનાઈત હેતુંથી સુચના અને પ્રસારણ ટેકનોલોજીનો ગેરકાયદેર ઉપયોગ રોકવા માટે રશિયા દ્વારા રજું કરવામાં આવેલા પ્રસ્તાવનાં તરફેણમાં ૭૯, જ્યારે વિરોધમાં ૬૦ વોટ પડ્યા,આ દરમિયાન ૩૩ દેશ ગેરહાજર રહ્યા. અમેરિકા,યુરોપિયન યુનિયન અને બીજા દેશોનાં વિરોધ છતા પણ આ પ્રસ્તાવને મંજુરી મળી હતી,આ માટે સાયબર નિષ્ણાતોની એક ટીમની રચના કરવામાં આવશે,પોતાના કામકાજની રૂપરેખા તૈયાર કરવા માટે ઓગસ્ટ ૨૦૨૦માં આ સમિતિની બેઠક યોજાશે. મહાસભામાં વોટીંગ પહેલા અમેરિકાનાં ઉપ રાજદુત ચેરીથ નાર્મન શૈલે કહ્યું કે આ પ્રસ્તાવ સાયબર ગુના સામે લડવા માટે આંતરાષ્ટ્રિય સહયોગને નબળો બનાવશે.

# સંકટ અને આપત્તિ સમયે ધીરજ-ધૈર્ય-સહનશીલતા અપનાવવા (સબર કરવા) માટેના આદેશો

આ પામર જગતમાં મનુષ્યની પધરામણી એક વટેમાર્ગુ (મુસાફર) સમાન હોય છે. જગત તેના માટે એક ધર્મશાળા(મુસાફરખાના) સમાન હોય છે, જ્યાં તે એક ચોક્કસ સમય માટે રહે છે અને આ નક્કી થયેલો ચોક્કસ સમય પુરો થઈ જતાં તે આ પામર જગતથી વિદાય લે છે.

દરેક મનુષ્યના જગત જીવનમાં તેની રહેણી કરણી ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. તેના આ જીવનમાં સુખના દિવસો પણ હોય છે અને દુ:ખના દિવસો પણ તેને જોવા પડે છે. જ્યારે તેના જીવનમાં સંકટ, આપત્તિ તથા માઠા દિવસો આવે છે ત્યારે તેની હાલત કફોડી થઈ જાય છે અને તે સમયે તેને જે સુઝે છે તેના પર તે અમલ કરે છે. મનુષ્ય પર આવા માઠા દિવસો આવવાના ઘણા કારણો હોય શકે છે. આ માઠા દિવસોમાં તે તનતોડ મહેનત કરીને તેના નિરાકરણ માટેના પ્રયત્નો તથા ઉપાયો કરે છે અને તેના પરિણામો પણ ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે.

અહિં પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે આવા માઠા દિવસોમાં જ્યારે તેના ઉપર સંકટ, આપત્તિ તથા મુસીબતો અને મુશ્કેલીઓ આવેલી હોય છે, ત્યારે તેણે કયો માર્ગ અપનાવવો જોઈએ ? આ પ્રશ્નનો ઉત્તમ ઉત્તર તો એ જ છે કે આ સર્વે સંકટો અને આપત્તિઓના નિરાકરણ માટે તેણે હિંમત ભર્યો પ્રયાસ કરવો જોઈએ અને સાથે સાથે તેણે ધીરજ-ધૈર્ય-સહનશીલતા (સબર) અપનાવવા જોઈએ. બીજા શબ્દોમાં તેણે ધીરજ ધરવી જોઈએ અને ધીરજની સાથે સંકટો અને આપત્તિઓના નિરાકરણ માટેના ઉપાયો વિષે પણ વિચારવું જોઈએ.

સંકટો અને આપત્તિઓ વિષે એ પણ સત્ય છે કે જગતમાં આવતા અમુક પ્રકારના સંકટો અને આપત્તિઓ એવા હોય છે કે જેમના કાયમી નિરાકરણનો કોઈ ઉપાય જ નથી હોતો. તેના માટે



ધીરજ ધૈર્ય-સહનશીલતા (સબર) સિવાય બીજો કોઈ ઉપાય જ નથી. આ પ્રકારના સંકટો અને આપત્તિઓના ઉદાહરણ આ રીતે આપી શકાય છે. મૃત્યુ, ધરતીકંપ, પ્રલય, વાવાઝોડું, ભયંકર અકસ્માત વગેરે વગેરે. આ સર્વે પ્રકારના સંકટો તથા આપત્તિઓ સામે મનુષ્ય લાચાર છે કારણ કે આ કુદરતી મુસીબતો પર મનુષ્યનો કોઈ અંકુશ નથી. તેવા પ્રસંગે મનુષ્યને ધીરજ- ધૈર્ય- સહનશીલતા (સબર) અપનાવવા જોઈએ અને હાલતને સામે રાખીને હાલત અનુસાર અમલ કરવો જોઈએ.

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

જગતના લગભગ સર્વે ધર્મના ધર્મશાસ્ત્રો આ પ્રકારના સંકટો અને આપત્તિઓ સમયે ધીરજ- ધૈર્ય-સહનશીલતા (સબર)ને અપનાવવાનો આદેશ આપે છે. મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ આ વિષેના અસંખ્ય બોધવચનો આપવામાં આવેલ છે. જેમાંના અમુક બોધવચનો નીચે પ્રમાણે છે :-

“હે શ્રધ્ધાળુઓ (મોમીનો- ઈમાનવાળાઓ), ધૈર્ય- ધીરજ (સબર) અને બંદગી(નમાઝ) થકી અલ્લાહની સહાય પ્રાપ્ત કરો.ખચિત અલ્લાહ ધૈર્યવાન લોકો (સબર કરવાવાળાઓ)ની સાથે છે.” (પ્રકરણ ૨, શ્લોક ૧૫૩)

“અને અમે ચોક્કસ તમારી પરીક્ષા ભય તથા ભુખ તથા સંપત્તિના નુકસાન તથા જીવના નુકસાન (મૃત્યુ) તથા ખેતીવાડી (પાક-ઉપજ)ના નુકસાન વડે કરીશું. આ સંજોગોમાં જે લોકો ધીરજ રાખે (સબર કરે) અને જ્યારે તેમના ઉપર કોઈ આપત્તિ (મુસીબત) આવી પડે, ત્યારે તેઓ કહે કે ‘અમે ખચિત અલ્લાહ માટે જ છીએ અને અલ્લાહની તરફ જ અમારે પાછા ફરવાનું છે.’ તેમના માટે ખુશખબરી છે કે તેમની ઉપર તેમના પાલનહાર (રબ) તરફથી મોટી બક્ષિસો છે અને તેની કૃપા (રહેમત) તેમના ઉપર છે, અને આ લોકો જ સત્ય માર્ગદર્શન પામનારાઓ છે.” (પ્રકરણ ૨, શ્લોક ૧૫૫, ૧૫૬ અને ૧૫૭)

“હે શ્રધ્ધાળુઓ (મોમીનો- ઈમાનવાળાઓ), ધીરજ-ધૈર્ય દાખવો (સબર કરો) તથા સત્ય વિરોધીઓની સામે દૃઢતા દાખવો તથા સત્યની સેવા માટે કટિબદ્ધ રહો તથા અલ્લાહથી ડરતા રહો, જેથી તમે સફળતા પામો.” (પ્રકરણ ૩, શ્લોક ૨૦૦)

“કાળ(સમય-જમાના)ના સોગંદ, ખચિત મનુષ્ય નુકસાનમાં છે, સિવાય એ લોકોના જેઓ શ્રધ્ધા (ઈમાન) પર રહ્યા તથા સદ્કાર્યો કર્યા તથા એક બીજાને સત્યની શિખામણ આપી તથા ધીરજ-ધૈર્ય ધરવાની (સબર કરવાની) શિખામણ આપી.” (પ્રકરણ ૧૦૩, શ્લોક ૧,૨,૩ અને ૪)

ઉપર આપેલા બોધવચનોનો સાર એજ છે કે સંકટ અને આપત્તિ (મુસીબત)એ ખરા અર્થમાં પાલનહાર અલ્લાહ તરફથી મનુષ્યની પરીક્ષા(આજમાયેશ) છે, અને ઘણીવાર આ આપત્તિઓ જેવી કે ભય, ભુખ, નાણાકિય નુકસાન, જીવનું નુકસાન (મૃત્યુ),પ્રલય, ધરતીકંપ કે વાવાઝોડાથી ખેતીવાડીના પાકનું નુકસાન વગેરે મનુષ્યના અંકુશ હેઠળ નથી હોતી. તો તે સમયે પાલનહાર અલ્લાહના આદેશ અનુસાર તેણે ધીરજ ધરવી જોઈએ એટલે કે સબર કરવો જોઈએ. પાલનહાર અલ્લાહના આદેશ અનુસાર આવા સમયે ધીરજ ધરનારાઓ (સબર કરવાવાળાઓ) માટે પાલનહાર અલ્લાહ તરફથી બક્ષિસો તથા કૃપાઓ (રહેમત) છે.

## વુમન વર્લ્ડ

### અમેરિકાના ન્યૂયોર્કમાં ટોઈલેટ પેપરના વેડિંગ ડ્રેસ બનાવવાની કોમ્પિટિશન યોજાઈ




વેડિંગ ડ્રેસ ડિઝાઈલ કરવાની સ્પર્ધાઓ તો દુનિયામાં ઢેર ઢેર થતી હશે અમેરિકાના ન્યૂયોર્કમાં એક ખાસ મટીરિયલમાંથી લગ્નનો ડ્રેસ બનાવવાની કોમ્પિટિશન થાય છે. એમાંડિઝાઈનરોને ફેબ્રિક તરીકે માત્ર ટોઈલેટ પેપર જ વાપરવાની છૂટ છે અને સીવવા માટે ટેપ, સોય-દોરો કે ગુંજર જેવી ચીજો વાપરી શકાય. એની લોકપ્રિયતા એટલી જોરદાર છે કે દસમી સ્પર્ધામાં ૧૫૦૦ સ્પર્ધકોએ એન્ટ્રી મોકલી હતી. જેમાંથી માત્ર ૧૫ ડિઝાઈનરો વચ્ચે ફાઈનલ રાઉન્ડ થયો. ત્યાર બાદ ડિઝાઈનરોએ વાઈટ ટોઈલેટ પેપરમાંથી વેડિંગ ગાઉન બનાવ્યા અને એ પહેરીને મોડલોએ રેમ્પ વોક પણ કર્યું. સાઉથ કેરોલિનામાં રહેતી મિમોજા હાસ્કાએ જાતે બનાવેલો ડ્રેસ પહેરીને રેમ્પ વોક કર્યું હતું અને તેને ફર્સ્ટ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું. તેના વેડિંગ ગાઉનમાં પૂરા ૪૮ ટોઈલેટ પેપર વપરાયા હતા અને એ બનાવતા ૪૦૦ કલાક લાગ્યા હતા. વિનર મિમોઝાને ૧૦,૦૦૦ ડોલર એટલે કે સાત લાખ રૂપિયાનું ઈનામ મળ્યું હતું.

### ગ્રેટા થનબર્ગની ટાઈમ મેગેઝિન દ્વારા 'પર્સન ઓફ ધ યર' તરીકે પસંદગી




ગ્લોબલ વોર્મિંગ પર વિશ્વના લોકોનું ધ્યાન ખેંચનાર ગ્રેથા થનબર્ગ હવે ટાઈમ મેગેઝિનમાં ચમકી છે. ટાઈમ દ્વારા ગ્રેટાને પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવી છે. ૧૬ વર્ષની ઉંમરે આ સન્માન મેળવનાર ગ્રેટા થનબર્ગ અત્યાર સુધીની સૌથી નાની ઉંમરની છે. ટાઈમ પર્સન ઓફ ધ યર બનનારી ગ્રેટા થનબર્ગ પોતાની પ્રભાવશાળી અને આક્રમક ભાષણને ચર્ચામાં રહી છે. ગ્રેટાએ આ વર્ષે યુએનની ક્લાઈમેટ એક્શન કમિટીમાં પોતાના ભાષણથી દુનિયા આખીને પ્રભાવિત કરી હતી. આ ભાષણમાં ગ્રેટાએ ૬૦ દેશના રાષ્ટ્રાધ્યક્ષોની પર્યાવરણના મુદ્દે નિષ્ક્રિયતા પર ઘણું સંભળાવ્યું હતું. મૂળ સ્વીડનની ગ્રેટા થનબર્ગ પર્યાવરણ એક્ટિવિસ્ટ છે. ગયા વર્ષે સ્વીડનના સંસદની સામે તેણે જળવાયું પરિવર્તન વિરુદ્ધ એકલા ઊભા રહી વિરોધ કર્યો હતો. ટાઈમ મેગેઝનના કવર પેજ પર ગ્રેટાને સ્થાન આપતાં મેગેઝિને લખ્યું કે ગ્રેટાએ દુનિયા આખીમાં ધ્યાન ખેંચવામાં સફળતા મેળવી છે. તેના ભાષણે લાખો અસ્પષ્ટ વિચારોને બદલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

### ઈસ્લામાબાદમાં હાઈકોર્ટના પહેલા મહિલા જજ તરીકે લુબના સલીમ પરવેઝે શપથ લીધા



ઈશ્લામાબાદ હાઈકોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ લુબના સલીમ પરવેઝે એક સમારોહમાં સત્તાવાર રીતે શપથ લીધા. ડોન ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે પરવેઝે ન્યાયાધીશ ફિયાઝ અંજુમ જાદરાન અને ગુલામ આઝમ કાંબરાની સાથે શપથ લીધા હતા. તેમણે ઈસ્લામાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આહર મિનાલ્લાહ દ્વારા શપથ લીધા હતા. અગાઉ પરવેઝ સિંધ હાઈકોર્ટમાં ડેપ્યુટી જનરલ તરીકે કાર્યરત હતા. કાયદા અને ન્યાય મંત્રાલયની એક સૂચના નુસાર ન્યાયાધીસોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં એક વર્ષ માટે કરવામાં આવી છે.

## ચહેરાની ત્વચાને ધૂળ, માટીથી બચાવવા બનાવો આ માસ્ક

ભાગદોડ ભરેલી લાઈફ અને અનિયમત ખાનપાનથી ચહેરાની રંગત જાણે ઓછી થઈ જાય છે. જ્યારે યુવક હોય કે યુવતી દરેક લોકોને સુંદર ત્વચા જોઈએ છે. પરંતુ ધૂળ-માટી અને પ્રદુષણ ભરેલા માહોલને લઈને ચહેરા પર ખીલ થઈ જાય છે. જેને હટાવવા અને ગોરી ત્વચા માટે બ્યુટી પ્રોડક્ટ્સ નો સહારો લે છે. તો આવો જોઈએ રસોડામાં જ રહેલા છે ઘણાં એવા નુસ્ખા.

### દહી

દહીમાં ઘણાં એવા ગુણ હોય છે જે તમારા પાચન તંત્રની સાથે તમારા ચહેરા પર રંગત પણ લાવે છે. દહીંમાં બ્લીચિંગ એજન્ટ હોય છે. જે ત્વચા માટે ફાયદાકારક હોય છે. દહીંમાં થોડોક ચણાનો લોટ મિક્સ કરીને પેસ્ટ તૈયાર કરો. હવે આ પેસ્ટને ચહેરા પર લગાવો. આ પેસ્ટ ૧૫ મિનિટ સુધી રાખ્યા બાદ ચહેરો ધોઈ લો. આમ કરવાથી તમારી ત્વચા સુંદર લાગશે.

### ટામેટું

ચહેરા માટે ટામેટાંનું માસ્ક ખૂબ સારુ છે. ટામેટાના માસ્કને તમે મધ સાથે ટ્રાય કરી શકો છો. ટામેટા અને મધનું મિશ્રણ ચહેરાની સુંદરતાને ઘણી હદ સુધી વધારે છે. આ માસ્કને બનાવવા માટે ૧ નાનું ટામેટું, ૨ ચમચી મધ અને ૧ ચમચી લીંબુનો રસ લેવો. એક બાઉલમાં ટામેટાનું પલ્પ લો અને તેની સાથે મધ તેમજ લીંબુ મિક્સ કરો. હવે આ પેસ્ટને તમારા ચહેરા અને ગરદન પર લગાવો. આશરે ૧૫ મિનિટ સુકાયા બાદ ચહેરો બરાબર ધોઈ લો. ચહેરા પર ગ્લો લાવવાની સાથે જ આ ઉપાય ચહેરાના દાગ-ધબ્બાને પણ દૂર કરે છે.

### એલોવેરા

એલોવેરાને ચહેરા પર લગાવી શકો છો. એલોવેરાનું ગર લગાવવાથી ઘણાં ફાયદા થાય છે. ચહેરાની સુંદરતાની સાથે સાથે વાળની લંબાઈ માટે પણ ખૂબ ફાયદાકારક છે. એલોવેરા જેલને ચહેરા પર લગાવો અને થોડીક વાર બાદ ધોઈ લો. થોડાક સમય બાદ આમ કરવાથી તમને પણ ફરક જોવા મળશે.

## ગાજર-લસણની ચટણી



સામગ્રી : ૫૦૦ ગ્રામ – ગાજર, ૧ મોટો બાઉલ – ખાંડ, ૧ નંગ – આદુનો ટૂકડો, ૪-૫ નંગ – લસણની કળી, ૧/૨ ચમચી – ઇલાયચી પાઉડર, ૧ નાની ચમચી – લાલ મરચું પાઉડર, ૧ કપ – વિનેગર, ૧૦-૧૨ નંગ – કિશમિશ, સ્વાદાનુસાર –મીઠું, જરૂરિયાત મુજબ – પાણી

રીત : ગાજરને બરાબર ધોઇને છોલીને ખમણી લો. ત્યાર પછી આદુ અને લસણને બારીક કટ કરી લો. મીડિયમ આંચમાં એક પેનમાં પાણી ગરમ કરવા રાખો. હવે પાણીમાં ઉકળો આવે એટલે તેમા ગાજર, આદુ અને લસણ ઉમેરીને સોફ્ટ થાય ત્યાં સુધી ઉકળવા દો. હવે તેમા ખાંડ, વિનેગર, કિશમિશ, મરચું અને મીઠું ઉમેરીને ઘટ્ટ થાય ત્યાં સુધી ચડવા દો. મિશ્રણ હળવું ઘટ્ટ થાય એટલે ઇલાયચી પાઉડર મિક્સ કરીને આંચ બંધ કરી લો. તૈયાર છે ટેસ્ટી ચટપટી ચટણી.

## કાઠિયાવાડી તિખારી



સામગ્રી : ૧ કપ – દહી, ૧ કપ –બારીક સમારેલી ડુંગળી, ૧ કપ – બારીક સમારેલા ટમેટા, ૩-૪ નંગ – લસણની કળી, ૨ ચમચી – લાલ મરચું, ૩ ચમચી – તેલ, ૧ ચમચી – જીરૂ, ૨ ચમચી – ધાણાજીરૂ, ૧ ચમચી – ગરમ મસાલો, ૧ ચમચી – હળદર, સ્વાદાનુસાર – મીઠું

રીત : સૌ પ્રથમ લસણને ખાંડણીમાં અધકચરા જેવુ વાંટી લો અને પછી લાલ મરચું પાવડર નાખી વાટી લો. તે બાદ કઢાઇમાં તેલ મૂકી જીરું નાખી ડુંગળી સાંતળો પછી ટમેટાં સાંતળો. હવે તેમા વાટેલું લસણ અને સુકા મસાલા નાખી સાંતળો. તેલ છુટે એટલે તેમાં દહી નાંખી એક સરખું વ્યવસ્થિત રીતે મિક્સ કરી લો. અને ત્યાર બાદ એક મિનિટ સુધી હલાવો અને તેને ગરમા ગરમ પીરસો. તૈયાર છે કાઠિયાવાડી તિખારી.

## ક્રોસવર્ડ



**આડી ચાવી :**

(૧) લાગવગ કે સંબંધવાળું (૫)
(૪) વારસ વગરનું (૪)
(૭) મૃત્યુનો દેવ (૨)
(૮) એક અને પા (૨)
(૯) ખારાશવાળું તત્ત્વ (૨)
(૧૦) ધંતૂરો, સૌનું (૩)
(૧૨) જારબાજરીના સૂકા સાંઠા (૩)
(૧૩) રીંગણું (૩)
(૧૪) ચાકરી, બરદાશ, સરભરા (૩)
(૧૭) કાપાકાપી, ખૂનરેજી (૩)
(૧૮) ઋતુ (૩)
(૧૯) ઈમારત વિનાનું, ખેડ્યા વિનાનું (૪)
(૨૧) ચંદ્ર, ચંદ્રક (૨)
(૨૨) પ્રસંગ, વખત (૨)
(૨૪) પત્ની (૨)
(૨૬) છૂટો મોતીચૂર (૨)
(૨૭) વેરો, હસ્ત (૨)
(૨૯) યાત્રિક, યાત્રાળુ (૨)
(૩૦) બાણ, તીર (૨)
(૩૧) ધંધો, વેપાર (૩)
(૩૨) રમણીય દશ્ય (૩)
(૩૪) નમક, મીઠું (૩)
(૩૫) ગોટાળો, ઘોંઘાટ (૪)

**ઊભી ચાવી :**

(૧) બદલો, વળતર, વેર (૩)
(૨) ઉચિત, પાત્ર, યોગ્ય (૩)
(૩) કિંમત, પૈસો, માળા (૨)
(૪) એક ઈલકાબ, સૂળો (૩)
(૫) રક્ષણ, રાખડી (૨)
(૬) અમીર, આગેવાન, નાયક (૪)
(૮) પાકો રસ્તો (૩)
(૧૧) વેશ ભજવનાર (૨)
(૧૨) કજિયો, રડારોળ (૩)
(૧૩) ભૂત (૩)
(૧૪) અંગત, વિશિષ્ટ (૨)
(૧૫) તમોગુણ (૩)
(૧૬) સંપત, સંપત્તિ (૩)
(૧૭) કલમનો કાપ (૨)
(૧૮) લાડુ (૩)
(૨૦) ડરપોક, બીકણ (૪)
(૨૩) માં, મધ્યે (૩)
(૨૫) ભયંકર, ભયાવહ (૪)
(૨૮) રાત, રાત્રી (૩)
(૩૦) મદિરા, દારૂ (૩)
(૩૧) ભાગ, લત્તો (૨)
(૩૨) ઝાડ, પર્વત (૨)
(૩૩) એક અનાજ, જુવાર (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૨૧

# સુહાગી અવાજ પરથી ઓળખી ગઈ, એ સમર્પણ હતો

શ્યામ સરોવરને કાંઠે વહેલી સવારે જ એક કૉલેજબસ આવીને ઊભી રહી. સરોવરને કાંઠે સ્થાનિક સત્તાવાળાઓ તરફથી એક નાનકડું પણ સુંદર મકાન તૈયાર કરવામાં આવ્યું હતું. એ પિકનિક હાઉસના મકાન સુધી લઈ જતો વાંકોચૂંકો પહાડી રસ્તો પ્રવાસીઓ માટે એથીય વિશેષ આકર્ષણરૂપ હતો.

લાંબા પ્રવાસને કારણે ગરમ થઈ ગયેલી એ કૉલેજબસનો ડ્રાઈવર કૅબિનમાંથી ડબલું ખેંચી કાઢી પાણી લાવવા માટે સરોવર તરફ વળ્યો.

દરમિયાન ખિલખિલાટ કરતું પાંત્રીસ યુવક-યુવતીઓનું એક ટોળું બસમાંથી ઊતરવા પડાપડી કરી રહ્યું.

'ઓહ ! વોટ એ બ્યુટીફૂલ પ્લેસ !'

'ફર્સ્ટ ક્લાસ !'

'સુહૃદ, લુક એટ ધી ટેમ્પલ ઓન ધી માઉન્ટેઈન.'

'ઓહ ! નાઈસ !'

ઘડીક વારમાં તો આ શાંત અને સૂનાસૂના સ્થળમાં જીવ આવી ગયો.

તોફાન મચી ગયું. ક્યાંક માઉથ ઓર્ગેન બજી રહ્યું, ક્યાંક ટ્રાન્ઝિસ્ટર.

'હલો સુહાગી !'

'હાય સુહૃદ !'

'સુહાગી, તમે ના આવ્યાં હોત અગર તમે આગ્રહ ના કર્યો હોત તો મારી અહીં આવવાની જરાયે ઈચ્છા નહોતી !'

'થૅન્ક્યુ...' કહેતાં સુહાગીએ આંખોમાં આભારની લાગણીના ભાવ

પ્રદર્શિત કર્યા.

સુહૃદ કોઈ અનિમેષ ભાવે સુહાગીની આંખો સામે તાકી રહ્યો.

'અરે, મારી બૅગ તો બસમાં જ રહી ગઈ.' કહેતી તે દૂર ઊભેલી બસ તરફ દોડી. તે બસમાં ચડી ગઈ અને એકદમ એની સીટ પર બેસી ગઈ. 'કેટલો સરસ છોકરો છે !' તે વિચારી રહી.

સુહાગીએ સામેની સીટ પર માથું ટેકવી દીધું અને આંખો બંધ કરી દીધી.

બંધ પાંપણોમાં પણ તેની નજર સમક્ષ એ દશ્યો તરવરતાં રહ્યાં. જ્યારે કૉલેજના રંગમંચ પરથી સુહૃદ એની વક્તૃત્વશક્તિથી ઑડિયન્સને આંજી રહ્યો હતો. એની આગળ બોલી ગયેલા તમામ વક્તાઓને સુહૃદે ક્યાંય પાછા પાડી દીધા હતા.

વિષય પણ કેવો ? 'સ્ત્રી અને પુરુષ'

વક્તાઓએ કેવા જાતજાતના વિચારો પ્રદર્શિત કર્યા હતા અને સુહૃદના વિચારો કેટલા ઉમદા હતા? સુહૃદે સ્ત્રીને પુરુષસમોવડી ગણવાની જ વાત નહોતી કરી, પરંતુ તેણે તો કહ્યું હતું કે સ્ત્રી જનની છે, વિશ્વમાતા છે. જે સ્ત્રીની કૂખે જન્મ લીધો છે તેને પરતંત્રતામાં જકડી રાખવાનો પુરુષને શો હક્ક છે? ભૂતકાળમાં ઘણે સ્થળે અને અત્યારે પણ કોઈ સ્થળે પુરુષો બહુપત્નીત્વ પાળે છે. તે શરમજનક છે. સ્ત્રી એ રમકડું નથી કે પુરુષ ધારે ત્યારે એની સાથે ખેલ ખેલી લે !

'વાહ... વાહ સુહૃદ ! તેં ગજબ કરી નાખ્યો.' સુહાગીથી એકદમ બોલાઈ જવાયું અને તેને ભાન થયું કે, તે શ્યામ સરોવરને કાંઠે ઊભેલી બસમાં બૅગ લેવા આવી છે.

'મિસ સુહાગી ! શું કરો છો એકલાં એકલાં ?' બહારથી કોઈ યુવાને બૂમ પાડી.

સુહાગી અવાજ પરથી જ ઓળખી ગઈ. એ સમર્પણ હતો.

સુહાગીને કોણ જાણે કેમ પણ સમર્પણ પ્રત્યે પહેલેથી જ પૂર્વગ્રહ હતો.

એમાંયે વળી તે દિવસે તે પણ એક વક્તા હતો. સમર્પણે તો કેવી વિચિત્ર વાતો જાહેરમાં રજૂ કરી હતી. સુહાગીને એના વિચારો યાદ આવ્યા : 'સમર્પણે તો ધડ દઈને કહી દીધું કે, 'સ્ત્રી એ પુરુષ સમોવડી હોવી જોઈએ એ સૈદ્ધાંતિક વાત છે. તે સાથે હું સંમત છું, પણ વ્યવહારની દુનિયા અલગ છે... પુરુષસમોવડી બનવાની સ્ત્રીમાં તાકાત જ નથી... માફ કરજો...' કેટલો નાલાયક એ સમર્પણ !

એને એવું બોલતાં પણ શરમ ન આવી. એ તો ઠીક પણ એ ગાંડાએ એટલે સુધી કહ્યું કે, સ્ત્રી બુદ્ધિથી ઓછું અને લાગણીથી વધુ કામ લે છે અને તેથી ભૂલોની પરંપરા સર્જાય છે. તેના કહ્યા પ્રમાણે ચાલનાર પુરુષ ફસાય અને પોતે પણ પરિણામે ઠોકરો ખાવાનો એક વખત આવે છે. સ્ત્રી ભોળી છે અને તેથી જ તે પોતાની જાતને, પોતાના શિયળને સાચવી શકતી નથી... અને સ્ત્રીના અધઃપતન માટે સ્ત્રી ખુદ જ જવાબદાર છે... વગેરે' – આવું બોલાય ! સુહાગી વિચારી રહી.

તેથી જ તેણે બહારથી બૂમ પાડી રહેલા સમર્પણને પ્રત્યુત્તર ન આપ્યો, બલ્કે તેની ઉપેક્ષા કરીને તે ઝડપભેર ચાલી ગઈ.

'ભઈ, તારા વગર આખી પિકનિકની ગ્લેમર મારી જાય છે.' એમ કહી એની સખીઓ સુહાગીને વળગી પડી. પણ સુહાગી નિરાળા સ્વભાવની છોકરી હતી. ઘણી વાર તેને આ બધી




**'અરે, મારી બૅગ તો બસમાં જ રહી ગઈ.' કહેતી તે દૂર ઊભેલી બસ તરફ દોડી. તે બસમાં ચડી ગઈ અને એકદમ એની સીટ પર બેસી ગઈ. 'કેટલો સરસ છોકરો છે !' તે વિચારી રહી. સુહાગીએ સામેની સીટ પર માથું ટેકવી દીધું અને આંખો બંધ કરી દીધી.**

ધાંધલધમાલ ખૂબ ગમતી, તો ઘણીવાર એ બધાથી તંગ આવી જતી. પોતાના સ્વભાવમાં રહેલા આ વિરોધાભાસને તે નહોતી પિછાનતી એવું પણ નહોતું. કોઈ કોઈ વાર ખૂબ વિચારે ચડી જતી, લાગણીના ભાવાવેશમાં પરોવાઈ જતી.

આજે પણ એને કોણ જાણે કેમ કશું ગમતું નહોતું.

અચાનક તેની નજર પેલા ઊંચા શિખર પર મુગટસમા શોભતા નાનકડા દહેરા પર પડી. સુહાગી કોઈ અગમ્ય ભાવે ત્યાં પહોંચી જવાનો દૈવી ભાવ અનુભવી રહી. તેના મોં પર મલકાટ વ્યાપી રહ્યો.

'સુહૃદ, તું શું કરે છે ?' સુહાગીએ પૂછ્યું.

'જુઓને ! પેલું દહેરું કેટલું સુંદર જણાય છે !' સુહૃદે દેવળ તરફ લાંબી નજર ફેંકતાં કહ્યું.

'ચાલોને ! જઈ આવીએ...'

'એટલે દૂર...! કોણ ટાંટિયા તોડે ?'

'ઓહ મિ. સુહૃદ ? તમે જુવાનજોધ પુરુષ થઈ આમ બોલો છો ?

ચાલોને... કંપની આપો તો સારુ.' સુહાગીએ આખરી વિનંતી કરી.

'ઓલ રાઈટ... એસ યુ પ્લીઝ.'

બંને જણે નાના-મોટા આરસ જેવાં જણાતા પથરાળ ટેકરાઓ પસાર કરતાં નાનકડી પગદંડીએ દેવળ તરફ પ્રયાણ આદર્યું.

'ઈટ્સ અ ફાઈન વોક... ઈઝ નોટ ઈટ ?' સુહાગીએ પૂછ્યું.

'યસ. ઑફ કોર્સ.' પરાણે હસીને સુહૃદે ઉત્તર વાળ્યો.

સુહૃદ કમને આવતો હોય એમ જણાતાં સુહાગીને એના માટે થોડીક લાગણી થઈ.

તે બોલી, 'સુહૃદ, તમે જલદી થાકી જતા હો એમ લાગે છે.'

'ના રે ના... પણ આજે હું જરા... આઈ એમ નોટ વેલ... સુહાગી !

હું સિગારેટ પી શકું ? તમને વાંધો ન હોય તો ?'

'ઓહ સ્યોર... આઈ ડૉન્ટ માઈન્ડ' સિગારેટ પ્રત્યે નફરત ધરાવતી સુહાગીએ કોઈ વિચિત્ર ભાવે પ્રેમપૂર્વક એને અનુમતિ આપી દીધી.

સુહૃદે ખિસ્સામાંથી સિગારેટ કાઢી. તેના હાથમાંથી લાઈટર લઈ સિગારેટ પેટાવવામાં સુહાગીએ મદદ કરી. સુહાગી સામે જોયા વિના જ સુહૃદે તેનો આભાર માન્યો.

ફરી તેઓ હસતાં હસતાં દેવળ ભણી આગળ વધ્યાં.

આખરે તેઓ દેવળ સુધી પહોંચી ગયાં. નીચે નજર કરી તો દૂર દૂર એકમાત્ર બસ જ જોઈ શકાતી હતી. આટલી ઊંચાઈએ નીચેની તળેટી ખૂબ શોભતી હતી.

થાકીને લોથપોથ થઈ ગયેલી સુહાગી દેવળની બહારના ઓટલા પર જ કાયા પટકતી આડી પડી. તેની છાતી વેંત વેંત ઊછળતી હતી. ગૌર મોં લાલઘૂમ થઈ પસીનાથી વધુ ચમકતું હતું. નાનકડું અણિયાણું સીધું નાક શ્વાસોચ્છ્વાસની સાથે સહેજ સહેજ ફૂલતું હતું અને એ આંખો બંધ કરી ત્યાં જ પડી રહી.

પણ અચાનક તેના ગાલે કંઈક સ્પર્શનો ભાવ અનુભવતાં તે સફાળી બેઠી થઈ ગઈ. તેણે જોયું તો બાજુમાં સુહૃદ બેઠો બેઠો કોઈ વિચિત્ર ભાવે હસી રહ્યો હતો.

'બ્યુટીફૂલ' તે બોલી રહ્યો.

'વોટ બ્યુટીફૂલ ?' સુહાગીએ ચમકી જતાં પૂછ્યું.

'તમે થાકીને સૂતેલ તમારી કાયા કોઈ અપ્સરાને પણ શરમાવે તેવી...'

'સુહૃદ, તમે શું બકો છો ?'

'હું તમારા સૌંદર્ય સામે અરીસો જ ધરી રહ્યો છું.'

'પણ આજે...! અહીં ! આ રીતે સ્પર્શ કરીને !'

'હા... થાકીને લોથપોથ થઈ જવાથી આજે તમે જેટલાં આકર્ષક જણાવ છો એ અગાઉ કદી નહોતાં જણાયાં. જામ સામે પડ્યો હોય અને આશિક પીએ નહીં તો શું સ્પર્શી પણ ન શકે !'

'સુહૃદ ! તમે શું બોલો છો તેનું ભાન છે ?'

'હા સુહાગી, આખરે કોઈ સુંદર સ્ત્રીની કિંમત આંકવા માટે યોગ્ય પુરુષ જ જોઈએ ને ! હું તમને અયોગ્ય લાગું છું ?'

'પણ તમે મારા મિત્ર છો, માત્ર દોસ્ત...'

'તેથી શું થઈ ગયું ? દોસ્ત પતિ કરતાં વિશેષ ન હોઈ શકે ? એન્ડ સ્ટીલ યુ આર અનમેરીડ... તમે મને સમજતાં કેમ નથી ?'

'સુહૃદ, તમે ચૂપ થઈ જાવ... ચાલ્યા જાવ... તે દિવસે કૉલેજમાં તમે આપેલા પ્રવચન કરતાં આજ તમે કેટલા જુદા ભાસો છો.'

'એ તો માત્ર પ્રવચન હતું... વક્તૃત્વ હરીફાઈ હતી... ત્યાં બોલીને જીતવાનું હતું. આજે તો મેળવીને જીતવાનું છે.' સુહૃદે સુહાગીના મોં તરફ હાથ લંબાવતાં કહ્યું.

સુહૃદના હાથ સુહાગીના ચહેરા સુધી પહોંચે તે પહેલાં જ તેની પીઠ પર ઓચિંતા બે-ત્રણ મુક્કા પડ્યા અને સુહૃદ ગબડી પડ્યો.

'સમર્પણ ! તમે !' ગભરાઈ ગયેલી સુહાગી મોં પર હાથ દાબી દેતાં બોલી રહી.

'સુહાગી, તમે હજુ પુરુષજાતને ઓળખતાં નથી. મેં તે દિવસે કૉલેજમાં જ કહ્યું હતું કે, પોતાની પડતી, પરતંત્રતા કે ગુલામી માટે સ્ત્રી ખુદ જવાબદાર છે. સ્ત્રી ભોળી છે અને તેથી જ પોતાની જાતને, પોતાના શિયળને સાચવી શકતી નથી... વ્યવહારની દુનિયા જ અલગ છે.' સમર્પણ બોલી રહ્યો.

સુહાગી ધ્રુસકે ધ્રુસકે રડતી હતી. તે બોલી, 'તમારી વાત સાચી છે...

સ્ત્રી બુદ્ધિથી નહીં, લાગણીથી જ કામ લે છે. તેથી પોતે જ ફસાય છે, બીજાને પણ ફસાવે છે.'

દેવળની અંદર ગયા વિના જ સુહાગી અને સમર્પણ તળેટી તરફ વળ્યાં, ત્યારે સુહૃદ-હજુ ભોંય પર પડ્યો પડ્યો કણસતો હતો.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### ઓસ્ટ્રેલિયાનું સુંદર પક્ષી : કાળા હંસ

હંસ જળાશયના કિનારે રહેનારૂં સુંદર પક્ષી છે. લાંબી મરોડદાર ડોકથી તે સુંદર લાગે છે. ગૃહસુશોભનોમાં હંસનું ચિત્ર લોકપ્રિય છે. હંસ સફેદ હોય છે અને પાણીમાં તરીને શિકાર કરે છે.



ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડમાં કાળા હંસ જોવા મળે છે. કાળા હંસની ડોક સફેદ હંસ કરતાં વધુ લાંબી હોય છે. અને હમેશાં અંગ્રેજી એસ આકારમાં મરોડદાર વળાંકમાં રહે છે. કાળા હંસની ચાંચ અને પગ પણ કાળા હોય છે. પુખ્ત કાળા હંસ ત્રણથી ચાર ફુટ લાંબા હોય છે. અને તેની પાંખોનો ઘેરાવો દોઢથી બે મીટર હોય છે. કાળા હંસનો અવાજ બ્યૂગલ જેવો સંગીતમય હોય છે. આકાશમાં ઉડતી વખતે તે ડોક આગળ લંબાવેલી રાખે છે. આકાશમાં કતારબંધ ઉડતું હંસનું ટોળું નયનરમ્ય હોય છે. કાળા હંસ નદી કે તળાવના કિનારે જમીન પર કે છીછરા પાણી વચ્ચે માળો બાંધે છે.

### ભારતનું મધ્યબિંદુ : નાગપુરનો સ્ટોન ઝીરો

દરેક આકારના મધ્યબિંદુનું ભૂમિતિમાં ખાસ મહત્વ છે. વર્તુળ, ચોરસ, ત્રિકોણ વગેરેના મધ્યબિંદુ સહેલાઈથી મળે પણ વાંકાચૂકા અને અનિયમિત આકારના મધ્યબિંદુ શોધવા માટે ભૂમિતિના સિધ્ધાંતની જરૂર પડે. ઇ.સ. ૧૭૯૯માં વિલિયમ લેમ્બન નામના અંગ્રેજ વિજ્ઞાાનીએ ભારતનું કેન્દ્રસ્થાન શોધેલું. તે નાગપુરમાં છે. દેશના આ કેન્દ્ર સ્થાનમાં પથ્થરનો સ્થંભ ઊભો કરેલો છે. તેને સ્ટોનઝીરો કહે છે. આ સ્થળ જોવા લાયક નથી. સ્થંભ આગળથી પસાર થતાં ઘણા લોકોને આ વાતની જાણ પણ નથી હોતી. વિશ્વના ઘણા શહેરોમાં જાણીતા ઝીરો સ્ટોન આવેલા છે. સામાન્ય રીતે એક શહેરથી બીજા શહેરનું અંતર બંને શહેરના ઝીરો સ્ટોન સુધી ગણાય છે. લંડન, પેરિસ, વોશિંગ્ટન વગેરેના ઝીરો સ્ટોન જોવાલાયક સ્થળો બન્યા છે.



# મોગાદિશુમાં કાર બ્લાસ્ટથી ૯૦નાં મોત, ૧૦૦ ઘાયલ

- નાઈજીરિયામાં આઈએસ અને સોમાલિયામાં અલ-કાયદાનો આતંક
- બે વર્ષમાં સૌથી ભયાનક વિસ્ફોટ, મૃતકોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ : સોમાલિયામાં સુરક્ષા વધારાઈ

મોગાદિશુ : નવા વર્ષ ૨૦૨૦ની શરૂઆત થાય તે પહેલા જ અનેક દેશોમાં આતંકીઓ સક્રિય થઈ ગયા છે. હજુ નાઈજીરિયામાં ૧૧ ખ્રિસ્તીઓના માથા કાપી આઈએસએ હત્યા કરી હતી ત્યારે હવે સોમાલિયાની રાજધાની મોગાદિશુમાં ભયાનક કાર વિસ્ફોટ થયો છે જેમાં ૯૦ લોકો માર્યા ગયા છે. જે લોકો માર્યા ગયા છે તેમાં મોટા ભાગના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે. જ્યારે અનેક લોકો ઘવાયા હતા.

મોગાદિશુમાં કાર બોમ્બ વિસ્ફોટ બહુ જ સામાન્ય બનતા જાય છે. જોકે જે વિસ્ફોટ શનિવારે થયો તે છેલ્લા બે વર્ષમાં સૌથી ભયાનક માનવામાં આવે છે કેમ કે તેનાથી મોટી સંખ્યામાં જાનહાની થઈ છે અને વિદ્યાર્થીઓને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલામાં અલ કાયદા અને તેની સાથે સંકળાયેલા આતંકી સંગઠન અલ-શબાબનો હાથ હોવાનું સામે આવ્યું છે. આ સંગઠન અહીં અગાઉ પણ અનેક નાના મોટા વિસ્ફોટોને અંજામ આપી ચુક્યું છે. આ વિસ્ફોટ અંગેની જાણકારી આપતા આમિન એમ્બ્યૂલન્સ સર્વિસ સાથે સંકળાયેલા અબ્દુકાદિર હાજીએ જણાવ્યું હતું કે આ હુમલામાં ૯૦ લોકો માર્યા ગયા છે અને આશરે ૧૦૦ જેટલા ઘવાયા છે જેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માર્યા ગયેલામાં બે તુર્કીના નાગરિકો પણ છે. તેઓ રોડ કન્સ્ટ્રક્શન સાથે સંકળાયેલા એન્જિનિયરિંગના કામમાં જોડાયેલા હતા. જે જગ્યાએ આ વિસ્ફોટ થયો ત્યાંથી વિદ્યાર્થીઓને લઈને એક બસ જઈ રહી હતી જેની સાથે આ કારની ટક્કર થઈ હતી,



## ઈન્ડોનેશિયાના જકાર્તામાં ભીષણ પૂર, ૨૩ના મોત, ૩૧ હજારનું સ્થળાંતર



ઇન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં ભીષણ પૂરના લીધે નવા વર્ષનો ઉત્સાહ દુખમાં ફેરવાઈ ગયો છે. ભારે વરસાદ અને નદીઓના સ્તરમાં થઈ રહેલા વધારાના લીધે અત્યાર સુધીમાં ૨૩ લોકોના મોત થયા છે અને ૩૧,૦૦૦થી વધારે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

# આઈએસએ ક્રિસમસની ઉજવણીમાં ૧૧ ખ્રિસ્તીઓનું ગળુ કાપી વીડિયો બનાવ્યો

### માર્યા ગયેલા નાગરિકો નાઈજીરિયાના હોવાનો દાવો: અમેરિકાએ હુમલાને વખોડી કાર્યવાહીની ચીમકી આપી

વોશિંગ્ટન : ખુંખાર આતંકી સંગઠન આઈએસએ નાઈજીરિયામાં ૧૧ ખ્રિસ્તીઓની હત્યા કરી છે. એટલુ જ નહીં બંધક બનાવાયેલા આ ખ્રિસ્તીઓના ગળા કાપી હત્યા કરાઇ તેનો વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે. આમ કરીને આઈએસએ ક્રિસમસના ઉજવણી સમયે જ લોકોમાં અને ખાસ કરીને ખ્રિસ્તીઓમાં ભય ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. કાળજુ કંપાની નાખે તેવી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર આઈએસની ન્યૂઝ એજન્સી દ્વારા જ જારી કરાયો હતો. જેમાં ૧૧ આતંકીઓ જમીન પર બેઠેલા ૧૧ નાગરિકોના ગળા કાપી રહેલા જોવા મળી રહ્યા છે. આ વીડિયોની સાથે એવો પણ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો કે આઈએસના વડાની હત્યા કરવામા આવી તેનો અમે બદલો લીધો છે. થોડા દિવસ પહેલા આઈએસનો આકા તરીકે જાણીતો આતંકી અબુ બકર અલ બગદાદી અને અબુલ હસન અલી બન્નેને ઈરાક અને સીરિયામાં ઠાર મારવામાં આવ્યા હતા.

આ વીડિયો પરથી સ્પષ્ટ થાય છે કે આઈએસ સાથે જ સંકળાયેલ ઈસ્લામિક સ્ટેટ વેસ્ટ આફ્રિકા પ્રોવિંસ (જીઉછઁ)ના આતંકીઓએ નાઈજીરીયામાં જે લોકોને બંધક બનાવ્યા હતા તેની હત્યા કરી છે. આ વીડિયોને ૨૬મીએ જાહેર કરવામાં આવ્યો હતો, ૨૫મીએ ક્રિસમસના દિવસે જ હત્યા કરાઈ છે જ્યારે કેટલાકનો દાવો છે કે ૧૫ દિવસ પહેલા હત્યા કરાઈ પણ ક્રિસમસને ધ્યાનમાં રાખીને જ તેને ૨૫મી પછી જાહેર કરાયો હતો જેથી ખ્રિસ્તીઓમાં ક્રિસમસની ઉજવણી ચાલી રહી છે તેમાં દુઃખનું મોજુ ફેલાવી શકાય.

# સ્થૂળકાય શરીરની સેક્સ લાઈફ ઉપર થતી અસરો

ગતાંકથી શરૂ...

- એક કિસ્સો : એક સ્ત્રી પીસ્તાળીસની વયે સ્થૂળ બની ગઈ. તેણે એમ ધારી લીધી કે તેના પતિને હવે રસ રહ્યો નથી. આથી તે સેક્સ્યુઅલ ડીસ્ટન્સ રાખવા માંડી. પતિએ માન્યુ કે સ્થૂળતાને લીધે પત્નીએ સેક્સલાઈફમાંથી રસ ગુમાવી દીધો છે તો તેને બિચારીને ડીસ્ટર્બ શા માટે કરવી. વાસ્તવમાં બેમાંથી કોઈએ કામરસ ગુમાવ્યો નહોતો, પણ અનાકર્ષણતા સાથે સ્થૂળતા જોડાયેલી હોવાથી આવી ગેરસમજો પણ ઊભી થઈ શકે છે.

- આથી ઉપરના એક કિસ્સામાં તો મેનોપોઝ બાદ ભારેખમ બની ગયેલી યુવતીએ ધારી લીધું કે તેના પતિને તેની પાતળી પરમાર જેવી સખીઓમાં જ રસ હશે. આ શંકાઓને લીધે તેણે કરેલી લડાઈઓથી પતિને સેક્સમાંથી ખરેખર રસ ઊડી ગયો અને સ્ત્રીએ એમ માન્યા કર્યું કે, પોતાની શારીરિક સ્થૂળતાને લીધે આમ બન્યું છે જેવું હકીકતમાં નહોતું.




- સ્થૂળકાય સ્ત્રીને પણ સ્થૂળ પુરુષની જેમ નિતંબ, સાથળ, હીપ્સ વગેરે ઉપરની ચરબીને લીધે રીસ્ટ્રક્ટેડ કોઈટલ મૂવમેન્ટ્સ, આસનોની પસંદગીમાં આવેલ મર્યાદિત વગેરે સમસ્યાઓ નડી શકે છે.

- વળી યુવાવયે લગ્નપૂર્વે સ્થૂળ હોય તે વ્યક્તિ સ્થૂળ પાર્ટનર પસંદ કરે એવું વધારે બને છે. જો બંને પાર્ટનર સ્થૂળ હોય તો તેઓ વચ્ચે ઈમોશન ડીસ્ટન્સ ઝાઝું નથી રહેતું પણ કામકર્મ દરમિયાનના ફિઝિકલ એડજસ્ટમેન્ટથી તકલીફોમાં વધારો થઈ શકે છે.

- ઓબેસીટી સાથે જોડાયેલા એલીમેન્ટસ જેવા કે એન્ડોક્રાઈન ડીસ્ટર્બન્સ, ડિપ્રેશન, લીથાર્જીક લાઈફ સ્ટાઈલ, નેગેટિવ બોડી ઈમેજ, વ્યસનો, વગેરે પણ સેક્સ લાઈફને એક યા બીજી રીતે બગાડવાનું જ કામ કરે છે.

ઓબેસીટી અને હ્યષ્ટપુષ્ટતા વચ્ચેનો ભેદ પારખવાનું કામ મહત્ત્વનું છે. કેમ કે ભારેખમ છતાં આકર્ષક હોય એવા ફીગર્સ ઘણા પુરુષોને ગમે છે. તેમની પત્ની વજનદાર હોવાથી જ માત્ર અનાકર્ષક છે તેવા ભ્રમમાં ન રહે. કેટલાક પતિદેવોને સૂકલકડી, એકવડાબાંધાની, પાતળી, સ્કીનબોનવત હોય એવી સ્ત્રીઓ નથી ગમતી હોતી. આથી વજન ઉતારવાની કડાકૂટમાં પડતા પહેલા સ્ત્રીએ અવશ્ય ચેક કરી લેવું કે પોતે સ્થૂળ, અનાકર્ષક છે કે પછી પુષ્ટ વજનદાર હોવા છતાં વધુ આકર્ષક છે.

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્ન : હું ૨૩ વર્ષનો કુંવારો યુવક છું. થોડા સમયમાં મારાં લગ્ન થવાનાં છે. સ્ત્રીઓ માટે ગર્ભાધાનનો ઉત્તમ સમય કયો?**

ઉત્તર : ગર્ભાધાન માટે કોઈ ખાસ નિયત દિવસ નથી હોતા કે ક્યારે સંભોગ કરો તો સ્ત્રી પ્રેગ્નન્ટ થાય. એવું કહેવામાં આવે છે કે જ્યારે ઓવરીમાંથી સ્ત્રીબીજ બહાર આવે ત્યાર પછી જો ૪૮ કલાકમાં એ બીજ શુક્રજંતુને મળે તો ગર્ભ રહેવાની શક્યતા વધુ રહે છે. સામાન્ય રીતે આ સ્ત્રીબીજ માસિક આવવાના પહેલા કે છેલ્લા અઠવાડિયામાં નીકળવાના ચાન્સ ઓછી હોય છે. વચલાં બે અઠવાડિયાં ગર્ભાધાન માટે વધુ સારાં. સંભોગ કર્યા પછી જો સ્ત્રી પોતાના પગ છાતીસરસા ચાંપીને અડધો કલાક પડી રહે તો વાત્સાયનના કહેવા મુજબ આ ઉત્ફુલ્લક આસનથી ગર્ભ રહેવાની શક્યતા વધી જાય છે.




**પ્રશ્ન : મારી ઉંમર ૧૮ વર્ષ છે. મારાં લગ્નને થોડો જ સમય બાકી છે, મને છેલ્લાં એક વર્ષથી હસ્તમૈથુન કરવાની આદત પડી ગઇ છે. હું લગભગ દરરોજ હસ્તમૈથુન કરું છું. હવે થોડા સમયમાં જ મારાં લગ્ન થવાનાં છે તો મારે એ જાણવું છે કે શું આ કારણે કોઇ તકલીફ તો નહીં થાયને? મતલબ કે મારી હસ્તમૈથુનની આદતને કારણે મને લગ્ન બાદ સેક્સ-લાઇફમાં કોઇ સમસ્યા નહીં નડેને? અને સંતાનપ્રાપ્તિમયે પણ કોઇ તકલીફ નહીં થાયને? મારી આ મૂંઝવણનો જવાબ આપશો. હસ્તમૈથુનની આદત છોડવા શું કરવું જોઇએ તે પણ જણાવશો.**

જવાબ : આ વિભાગમાં અનેક વાર અમે કહી ચૂક્યા છીએ કે આ કોઈ બીમારી નથી, અલબત્ત, તમે તેનો અતિરેક કરો ત્યારે તત્પુરતી નબળાઈ આવી શકે. બળપૂર્વક કરો તો સ્નાયુઓને તત્પુરતું નુકસાન થઈ શકે, પરંતુ કાયમી કશું હોતું નથી. પોતાની શારીરિક ઈચ્છાઓને સંતોષવા માટે વ્યક્તિ હસ્તમૈથુનનો સહારો લે છે. તમારી ઉંમરમાં લગભગ રોજ હસ્તમૈથુન કરવાની આદત ઘણાબધા લોકોમાં હોય છે. આ કારણે કોઈને કાયમી નુકસાન થયાનો એકપણ બનાવ નથી. તમને પણ લગ્ન પછી સેક્સલાઈફમાં કે સંતાનપ્રાપ્તિમાં મુશ્કેલી નહીં નડે. રહી વાત આ આદત છોડવાની તો તે માટે મનને સતત કોઈને કોઈ કામમાં અને સારા મિત્રોની કંપનીમાં વ્યસ્ત રાખો. આપોઆપ પ્રમાણ ઓછું થઈ જશે. લગ્ન પછી પત્ની સાથે સેક્સલાઈફ શરૂ થશે પછી ઓટોમેટિક આ આદત ઓછી થઈ જ જશે.

**પ્રશ્ન : મારી પત્નીની ઉંમર ૩૦ વર્ષ છે, તેની સમસ્યા એ છે કે છેલ્લાં ત્રણ વર્ષથી તેનું માસિક અનિયમિત થઇ ગયું છે. માસિકની તારીખ ન હોય અને તેને આવી જાય. અડધો મહિનો પૂરો થયો હોય અને તેને માસિક આવવા લાગે. આવું ક્યાં કારણોસર થતું હશે? મહેરબાની કરીને આનો ઉપાય જણાવશો.**

જવાબ : માસિક બંધ થઈ જાય અને ન આવતું હોય તો તે ચિંતાજનક બાબત છે, પણ અનિયમિત હોવું એ ખરેખર ચિંતાજનક બાબત નથી. તમારાં પત્નીને વહેલું માસિક આવી જાય છે તેની પાછળ કદાચ તેમની ફૂડ હેબિટ અથવા તો ચિંતા કરવાનો સ્વભાવ પણ જવાબદાર હોઈ શકે છે. ઘણીવાર વધારે પડતું તીખું-તળેલું ખાવાની આદત હોવાથી શરીરને માફક ન આવતો હોય તો પણ માસિક વહેલું આવી જાય. આ જ રીતે કોઈપણ બાબતે ચિંતા થવા લાગતી હોય તો પણ આ તકલીફ સતાવ્યા કરે. અલબત્ત, આ અંગે વધારે ટેન્શન લેવાની જરૂર નથી, હોર્મોન્સના કારણે પણ આવું બનતું હોય છે, પણ હોર્મોન્સ બદલાવાને કારણે માસિક વહેલું આવતું હોય તો એ માત્ર પાંચથી છ મહિના સુધી આ સમસ્યાનો સામનો કરવો પડે છે. તમારી પત્નીને છેલ્લાં ત્રણ વર્ષથી આ સમસ્યા છે તો બને કે તેમને થાઈરોઈડની તકલીફ હોય, તેના કારણે પણ આવું થતું હોય છે. માટે એકવાર ગાયનેકનો સંપર્ક કરી તેમની પાસે ચેકઅપ કરાવડાવી લેવું. આ કોઈ મોટી ચિંતાની વાત નથી પણ મનની શાંતિ માટે એકવાર ચેકઅપ કરાવડાવવું જરૂરી છે.



બ્રિસબેનના ક્વીન્સલેન્ડ ટેનિસ સેન્ટરમાં ૬થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાનારી બ્રિસબેન ઈન્ટરનેશનલ ટેનિસ ટૂર્નામેન્ટમાંથી ટેનિસ વિશ્વની એક સમયની નંબર વન ખેલાડી અમેરિકાની વિનસ વિલિયમ્સે નામ પાછું ખેંચી લીધું છે.

**SPORT**



# ૧૪૨ વર્ષનો ઈતિહાસ બદલાશે, ૨૦૨૩થી ૪ દિવસની ટેસ્ટ મેચ

## આઈસીસી ચાર દિવસની ટેસ્ટ રમાડવાની યોજના બનાવી રહી છે : ૨૦૧૮થી ૬૦ ટકા ટેસ્ટ મેચ ૪ દિવસમાં પુરી

દુબઈ : ભૂતકાળમાં એક તબક્કો એવો હતો કે મોટા ભાગની ટેસ્ટ મેચો ડ્રો રહ્યા કરતી હતી. પાંચ દિવસ સુધી રમ્યા બાદ મેચોના પરિણામ આવતાં નહોતાં અને કેટલીક મેચોમાં બીજી બેટિંગ કરનાર ટીમનો બીજો દાવ પણ આવતો નહોતો, પરંતુ હવે છેલ્લા કેટલાક વર્ષથી પરિસ્થિતિ સાવ બદલાઈ ગઈ છે. હવે ટેસ્ટ ક્રિકેટમાં મોટા ભાગની તમામ મેચોના પરિણામ આવી રહ્યાં છે. ડ્રોમાં પરિણમતી હોય તેવી ભાગ્યે જ મેચો હવે જોવા મળી રહી છે. આટલું જ નહીં કેટલીક મેચો તો ત્રણ કે ચાર દિવસમાં જ પૂરી થઈ જાય છે. આ ટ્રેન્ડ તથા છેલ્લા કેટલાક વર્ષના આંકડાને ધ્યાનમાં રાખીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) એક મોટો નિર્ણય લઈ શકે છે. અહેવાલના અનુસાર આઈસીસી ટેસ્ટ મેચને પાંચ દિવસથી ઘટાડીને ચાર દિવસની યોજવાની વિચારણા કરી રહી છે. આઈસીસી ૨૦૨૦ના વર્ષમાં વિશ્વના તમામ ક્રિકેટ બોર્ડના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને ટેસ્ટ મેચના દિવસ ઘટાડવા અંગે વાટાઘાટ કરશે. આ બેઠકમાં ૨૦૨૩થી યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળની ટેસ્ટ મેચો પાંચ નહીં પરંતુ ચાર દિવસની રમાય તેવી પૂરી સંભાવના છે. જોકે ૧૪૨ વર્ષથી ચાલી રહેલી ટેસ્ટ ક્રિકેટની પરંપરાને બદલવા માટે આઈસીસીએ કરેલી યોજનાનો વિશ્વભરના ક્રિકેટર્સ વિરોધ નોંધાવે તેવી પૂરી સંભાવના છે.



## ICCની યોજનાને ઈંગ્લેન્ડનું સમર્થન

લંડન : ઇંગ્લેન્ડે વ્યસ્ત કાર્યક્રમના ભારને હળવો કરવા માટે ટેસ્ટ ક્રિકેટ મેચોને પાંચના બદલે ચાર દિવસની રમાડવા માટે આઇસીસીએ કરેલી યોજનાને સમર્થન આપ્યું છે. આઇસીસી ૨૦૨૩થી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સામેલ મુકાબલાઓને ફરજિયાતપણે પાંચના બદલે ચાર દિવસના રમાડવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપી રહ્યું છે. ઇસીબીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ક્રિકેટના ભરચક કાર્યક્રમ અને ખેલાડીઓના વર્કલોડને ઓછા કરવા માટે આ યોજના ચોક્કસપણે મદદરૂપ બની શકે છે. ઇતિહાસમાં અત્યાર સુધી ટેસ્ટ મેચો પાંચ દિવસની રમાતી આવે છે. જો ૨૦૧૫થી ૨૦૨૩ સુધીમાં ચાર દિવસીય ટેસ્ટ મેચો રમાઇ હોત તો ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ૩૩૫ દિવસ બચ્યા હોત અને વિશ્વભરના ક્રિકેટ બોર્ડને આ સમયનો અન્ય રીતે ઉપયોગ કરવાની તક મળી હોત. ચાર દિવસીય ટેસ્ટ મેચ કોઇ નવી યોજના નથી. ૨૦૧૭માં સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વે તથા ૨૦૧૯ની શરૂઆતમાં ઇંગ્લેન્ડ અને આયર્લેન્ડની ટીમોએ ચાર દિવસની ટેસ્ટ મેચ રમી હતી. બીસીસીઆઇના પ્રમુખ સૌરવ ગાંગુલીએ ૨૦૨૩થી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની મેચોને ચાર દિવસના સમયગાળામાં રમાડવાના સંદર્ભમાં જણાવ્યું હતું કે આ અંગે અત્યારે કોઇ નિવેદન કરવું વધારે પડતું તથા વહેલું ગણાશે.

## ઈંગ્લેન્ડના ૧૧ ખેલાડી બીમાર અને એન્ડરસન-બ્રોડનું રમવું શંકાસ્પદ

જોહાનિસબર્ગ : સાઉથ આફ્રિકાનો પ્રવાસ ખેડી રહેલી ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુશ્કેલી મેદાનની ઉપર હરીફ ટીમના પડકારનો નહીં પરંતુ ટીમમાં ફેલાયેલી બીમારીની છે. પ્રથમ ટેસ્ટ મેચમાં પરાજયનો સામનો કર્યા બાદ ઈંગ્લેન્ડની ટીમનો ઓપનિંગ બેટ્સમેન ડોમ સિબલે પણ બીમાર પડી ગયો છે અને સેન્ચ્યુરિયન ટેસ્ટમાં તેનું રમવા અંગે શંકાના વાદળો છવાયા છે. સૌથી મોટી બાબત એ છે કે ડોમ સિબલે આ પ્રવાસમાં બીમાર પડેલો ઈંગ્લેન્ડનો ૧૧મો ખેલાડી છે. આ ઉપરાંત બીજી ટેસ્ટમાં પેસ બોલર જેમ્સ એન્ડરસન તથા સ્ટુઅર્ટ બ્રોડનું રમવું પણ શંકાસ્પદ બન્યું છે. ઈંગ્લિશ ક્રિકેટર ઓલી પોપ, ક્રિસ વોકિસ તથા જેક લીચ સાઉથ આફ્રિકા સામે સુપરસ્પોર્ટ પાર્ક ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં રમી શક્યા નહોતા. આ કારણથી ઈંગ્લેન્ડને ૧૦૭ રનથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં ડોમ સિબલેએ ચાર તથા ૨૯ રનની ઈનિંગ્સ રમી હતી. આ ખેલાડીઓ ઉપરાંત પેસ બોલર બ્રોડ તથા જોફ્રા આર્ચર પણ આ બીમારીનો શિકાર બની ચૂક્યા છે. બીમારીના કારણે બંને ખેલાડીઓ નેટ્સમાં પણ હાજર રહ્યા નહોતા.

**ત્રીજી જાન્યુઆરીથી સાઉથ આફ્રિકા સામે બીજી ટેસ્ટ મેચ**

## વડોદરાના ક્રિકેટર હાર્દિક પંડયાએ સર્બિયન મોડેલ નતાશા સાથે સગાઈ કરી



વડોદરા : ક્રિકેટર હાર્દિક પંડયાએ આખરે તેમના જીવન સાથીની પસંદગી અંગે જાહેરાત કરી દીધી છે. મોડેલ અને એક્ટ્રેસ નતાશા સ્ટાનકોવિચ સાથેના સંબંધોનો એકરાર હાર્દિકે સોશિયલ મિડિયા પર કરી દીધો છે. નવા વર્ષના પ્રથમ દિવસે જ સોશિયલ મિડિયા પર હાર્દિકે નતાશા સાથેના ફોટોગ્રાફ્સ શેર કરીને એંગેજમેન્ટની જાહેરાત કરી દીધી છે. ફોટોગ્રાફ્સમાં હાર્દિક અને નતાશા કોઇ લક્ઝરિયસ યાચ પર છે. નતાશા એંગેજમેન્ટ રિંગ બતાવી રહી છે. આ તસવીર નીચે હાર્દિક લખ્યુ છે કે 'મે તેરા તુ મેરી જાને સારા હિન્દુસ્તાન' પછી દિલની ઇમોજી અને હેસ સાથે 'એંગેજ'નો ટેગમાર્ક છે.

## ઓલ ઈન્ડિયા માસ્ટર રેન્કિંગ બેડમિન્ટનમાં સુરતનો ખેલાડી ચેમ્પિયન

અમદાવાદ : મહારાષ્ટ્રમાં યોજાયેલી ઓલ ઈન્ડિયા માસ્ટર રેન્કિંગ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં સુરતના ખેલાડી વિજેતા બનતા પ્રથમવાર ગુજરાતને આ ચેમ્પિયનશીપ મળી છે. નાગપુર ખાતે ૧ થી ૪ ડિસેમ્બર દરમ્યાન મહારાષ્ટ્ર ડિસ્ટ્રિક્ટ બેડમિન્ટન એસો. દ્વારા ઓલ ઈન્ડિયા નેશનલ ટુર્નામેન્ટમાં ૩૫+ સિંગલ્સ મેન્સ કેટેગરીમાં ગુજરાતના નામે પ્રથમવાર આ ચેમ્પિયનશિપનો તાજ આવ્યો છે. ભારતમાંથી કુલ ૬૪ ટોપ રેન્કર્સ ખેલાડીઓએ આ કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં સુરતના વિવેક ઓઝાએ ચંદીગઢના ગયા વર્ષના ચેમ્પિયનને ૨૧-૧૬, ૨૧-૧૬ના સ્કોરથી પરાજય આપ્યો હતો. ૨૦૦૮ થી લઈને ૨૦૧૨ સુધી સતત ૪ વર્ષ સુધી ગુજરાત મેન્સ સિંગલ્સ ચેમ્પિયન રહેનાર વિવેક ઓઝા ૧૦ વર્ષની ઉંમર થી જ બેડમિન્ટન રમે છે એટલે કે બેડમિન્ટનમાં તેમને ૨૭ વર્ષનો અનુભવ છે. ચેમ્પિયન વિવેક ઓઝા કહે છે, હું ૧૮ વર્ષનો હતો ત્યારે મારા પિતાનું અવસાન થયું હતું.તેમની ઈચ્છા મને સ્ટેટ ચેમ્પિયન જ નહીં પરંતુ નેશનલ ચેમ્પિયન તરીકે જોવાની હતી .

**૨૧-૧૬, ૨૧-૧૬ થી ચાંદીગઢના ખેલાડીને માત આપી : ૩૫+ કેટેગરીમાં પ્રથમવાર ગુજરાતને ચેમ્પિયનશીપ**

## ચેસમાં કોનેરુ હમ્પીએ મહિલા વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપ જીતી લીધી

નવી દિલ્હી : ભારતની ૩૨ વર્ષની કોનેરુ હમ્પીએ શનિવારે મોસ્કોમાં ચાલી રહેલી મહિલા વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપમાં ચીનની લેઈ ટિંગજીને ટાઈબ્રેકર સિરીઝ (આર્મેગેડોન ખેલ)માં હરાવીને ટાઈટલ જીતી લીધું હતું. હમ્પી વર્લ્ડ મહિલા રેપિડ ચેમ્પિયન બની અને થોડી મિનિટોમાં નોર્વેનો મૈગ્નસ કાર્લસન પુરુષ વર્ગમાં ચેમ્પિયન બન્યો હતો.



એક મુલાકાતમાં કોનેરુ હમ્પીએ કહ્યું હતું કે જ્યારે મેં ત્રીજા દિવસે પહેલી ગેમ શરૂ કરી ત્યારે મેં વિચાર્યું નહોતું કે હું ટોપ પર રહીશ. હું ટોપ-૩માં રહેવાની આશા રાખી રહી હતી પણ ટાઈ-બ્રેકર ગેમ રમવા મળશે એવી આશા નહોતી. મેં પહેલી ગેમ ગુમાવી દીધી હતી પણ બીજી ગેમમાં વાપસી કરી હતી. આ જોખમી ગેમ હતી પણ એમાં જીત મેળવી હતી. અંતિમ ગેમમાં બહેતર પરિસ્થિતિ હતી અને મેં આસાન જીત મેળવી. કોનેરુ હમ્પીએ ૧૨ દોરમાં પ્રત્યેકમાં ૯ પોઈન્ટ મેળવ્યા હતા અને તેથી તે ટિંગજી સાથે બરાબરીમાં હતી. ત્યાર બાદ બેઉ વચ્ચે આર્મેગેડોન ગેમથી વિજેતાનો નિર્ણય લેવાયો હતો. હમ્પીએ પહેલી ગેમ ગુમાવી હતી પણ બીજી ગેમમાં વાપસી કરીને નિર્ણાયક ગેમમાં ટાઈટલ જીતી લીધું હતું.

ભારતના દિગ્ગજ ચેસ ખેલાડી અને પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદે કોનેરુ હમ્પીને અભિનંદન આપ્યાં હતાં.

## બીજી ટેસ્ટ : ન્યૂઝીલેન્ડ સામે ઓસ્ટ્રેલિયાનો ૨૪૭ રને વિજય

મેલબોર્ન : બોક્સિંગ ડે ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડને ચોથા દિવસે જ ૨૪૭ રને પરાજિત કરીને ટ્રાન્સ ટાસ્માન ટ્રોફી જીતી લીધી છે. ૪૮૮ રનના લક્ષ્યાંક સામે ન્યૂઝીલેન્ડની ટીમ બીજી ઈનિંગમાં ૨૪૦ રનમાં ઓલઆઉટ થઈ હતી. ત્રણ ટેસ્ટ મેચની સિરીઝમાં ઓસ્ટ્રેલિયા ૨-૦થી આગળ છે અને હવે ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચ શુક્રવારે ૩ જાન્યુઆરીથી સિડનીમાં શરૂ થશે. પર્થમાં થયેલી પહેલી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો ૨૯૬ રને વિજય થયો હતો. એ મેચનું પરિણામ પણ ચાર દિવસમાં આવી ગયું હતું. પહેલી ઈનિંગમાં ૧૧૪ રન બનાવનારા ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

## બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સનો ભારત બહિષ્કાર નહીં કરે : IOA

નવી દિલ્હી : ભારતીય ઓલિમ્પિક એસોસિયેશને (આઈઓએ) શૂટિંગને હટાવવાના કારણે ૨૦૨૨ બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સનો બહિષ્કાર કરવાની ધમકીને પાછી ખેંચી લીધી છે અને સાથે જાહેરાત કરી છે કે ભારત ૨૦૨૬ અથવા ૨૦૩૦ ગેમ્સની યજમાની દાવેદાર રજૂ કરશે. ઓલિમ્પિક રમતોની દેશમાં ટોચની સંસ્થા આઈઓએ હવે કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવા માટેની મંજૂરી લેવા માટે સરકારનો સંપર્ક કરશે. ભારતે ૨૦૧૦માં આ ગેમ્સની યજમાની કરી હતી. અહીં યોજાયેલી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)માં આ નિર્ણય લેવાયો હતો. મહાસચિવ રાજીવ મહેતાએ જણાવ્યું હતું કે અમે ૨૦૧૬ અથવા ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજીમની દાવેદાર રજૂ કરવાનો નિર્ણય કર્યો છે અને સાથે ૨૦૨૨ની ગેમ્સમાં અમે પોતાના રમતવીરોને બર્મિંગહામ મોકલવાનું પણ નક્કી કર્યું છે.

કોમનવેલ્થ ગેમ્સના (સીજીએફ)ના પ્રમુખ લુઈસ માર્ટિને ભારતે બર્મિંગહામ ગેમ્સમાં ભાગ લેવાના કરેલા નિર્ણયને આવકારીને જણાવ્યું હતું કે ભારતે કરેલા નિર્ણયથી બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સના આયોજકોને ઘણી ખુશી થઈ છે. આ ઉપરાંત ભારત ગેમ્સની યજમાની રજૂ કરી રહ્યું છે તે જાણીને પણ આનંદ થયો છે.


SUBHASH JOSHI LAW
PROFESSIONAL CORP.
Family Law
• Divorce
• Custody & Support Separation & Pre-Nuptial Agreements
Criminal Charge
Assault • Theft
• Domestic Violence
Immigration
• Sponsorship
• Appeals
• Refugee Cases
• Family/Business Applications etc.
Real Estate
• Purchase/Sale Residential & Commercial
Subhash Joshi
Barrister, Solicitor & Notary Public
Supriya Joshi (J.D.)
Practices In Family Law
Tel: 905-362-0111
Cell: 416-788-5804
30-1530 Drew Road, Mississauga,
ON L5S 1W8 Fax: 905-362-0138
Email: sjoshilaw@gmail.com


Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service
3642 Kingston Rd
Toronto
$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers
1177 Pure Spring Blvd
Pickering
$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen
25 Heron Park Pl
Toronto
$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School .
12 Silverwood Circ
Ajax
$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms
19 Rosebank Dr
Toronto
$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted
192B Magnolia Ave
Toronto
$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)
PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com
MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com
JAINIK JARIWALA
Sales Representative
416.206.6115
Designed by Swadesh- Gujarati News Paper
Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON. M1H 3B7
Century 21
Titans Realty Inc.
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract


Continental
MOTORS
LASER ALIGNMENT
Free Diagnosis with Repairing
THIS MONTH ONLY
Synethic Oil Change
$49.99
Most Cars
THIS MONTH ONLY
Oil Change
$24.99
Most Cars
Computer Diagnosis
Wheel Balancing
Alternater & Starter
Steering & Suspension
Oil Changes
Brakes & Tires
Safety
Tune Up
Muffler
Licenced Mechanic On Duty
We do Body Work, Painting & Insurance Jobs
O: 647-351-7692 • C: 416-575-1277
650 Markham Road, Scarborough
(NW Corner, Markham Rd & Lawrence, Beside SHELL Gas Station)
Working Hours: Mon.-Fri. 9:00 am to 6:00 pm, Sat. 9:00 am to 4:00 pm

# WELCOME !

GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL

**416-321-3268**

Email: info@drsalimkapadiadental.com

Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**

1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9

Hours: Monday-Friday 9:00am-8:00pm

Saturday 9:00am-5:00pm | Sunday as per request





# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઇલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઇલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઇલ્સ અને સિરામિક ટાઇલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઇલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3501-03 Rue Griffith, Saint Laurent, QC H4T 1W5
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com